ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 15 • પ્રકરણ : 10 • સળંગ અંક : 178 | **26 જાન્યુઆરી 2010** | **શેષ લવાજમ : £06.28 / £10.03**

‘જોઈ લઉં છું સ્વપ્નને સાકાર ભીંત પર’

• વિપુલ કલ્યાણી

૧ નવેમ્બર ૨૦૦૯ના રોજ, ૯૧ વર્ષની વયે, ગુલામ મોહમ્મદ શેખ ઊર્ફે કવિ ‘અંજુમ’ વાલોડીનું અહીં લંડનમાં નિધન થયું. આપણી દરેકની આ સજ્જન શાયરને સહૃદય વિદાયવંદના હજો.



અંજુમ’ વાલોડી

આપણા એક વરિષ્ટ કેળવણીકાર, ચિંતક, વક્તા અને લેખક દાઉદભાઈ ઘાંચી, પોતીકા અંજલિસંદેશમાં, કહેતા હતા : ‘અંજુમ’ વાલોડીના મૃત્યુ સાથે વિલાયતના ગુજરાતી ડાયસ્પોરી સાંસ્કૃતિક તેમ જ સાહિત્યિક જગતમાં ખાલીપો પેદા થયો છે. નવી પેઢીમાંથી આ મશાલ, ભલા, હવે કોણ વહન કરશે ? આ મૂંઝવતો સવાલ છે. સાહિત્યપીઠ પરે નજર કરીએ છીએ તો લાગે છે કે પડ ઘણું પાતળું બનતું ચાલ્યું છે.

•

સમાચાર ભીંતપર

• ‘અંજુમ’ વાલોડી

જોઈ લઉં છું સ્વપ્નને સાકાર ભીંત પર
છે એટલો તો મારો અખત્યાર ભીંત પર
ખાલી કરી ગયા છે વસાહત કરોળિયા
જાળાંની રહી ગઈ છે ફક્ત હાર ભીંત પર
હળવે રહીને મૂકજો ચિત્રો ભવિષ્યનાં
વીતી ગયેલ કાળનો છે ભાર ભીંત પર
માન્યું હતું પ્રલયમાં સહારો તો જોઈશે
દોરી ‘તી મેં એટલે પતવાર ભીંત પર
વસવાટ આપણો છે અહીં એક છત નીચે
છે કેમ તો ય દ્વેષની તલવાર ભીંત પર ?
મિત્રો તો છે, પરંતુ ખરી મિત્રતા નથી
આધાર આપણો છે નિરાધાર ભીંત પર
જેને મળી શક્યું ન કોઈ સ્થાન પત્રમાં
જોવા મળે છે એવા સમાચાર ભીંત પર

(સદ્‌ભાવ : ‘અજંપોત્સવ’)

શાયર ‘અંજુમ’ વાલોડીનો શે’ર છે :

ખાલી કરી ગયા છે વસાહત કરોળિયા
જાળાંની રહી ગઈ છે ફક્ત હાર ભીંત પર

વારુ, આ ચૌદ-પંદર વરસ દરમિયાન, આપણી વસાહતે સૈકાઓથી કરોળિયાનાં જે જાળાં બાંધવાનું કામ કીધાં કર્યું છે, તેનું બિંબ પ્રતિબિંબ ઝીલવાનું જ મહદ્ અંશે આપણે રાખ્યું છે. ક્યાંક સફળતા સાંપડી છે, ક્યાંક અસફળ પણ રહેવાયું છે. છેવટે, સામયિક-પ્રકાશનને પણ સીધાં ચઢાણનો સ્વાભાવિક અનુભવ થતો હોય છે.

આ દોઢેક દાયકા દરમિયાન, આ સામયિક વાટે, જગતના વિધવિધ વિસ્તારોમાં પથરાયા સેંકડો વાચકોને ગમતું લાધ્યું જ હોય, કેમ કે તેમનો સંગ સતત અનુભવવા મળ્યો જ છે. આથીસ્તો, વાચકજી, ગમતાનો ગુલાલ કરવાનું, અહીં, એક વિનમ્ર સૂચન કરીએ છે. આવાં લખાણને આગામી માર્ચ અંકમાં સમાવવાં જોઈએ, તેવું ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રીનું સરસ સૂચન અમને ય કબૂલ મંજૂર છે. આવો મિતાક્ષરી અનુભવ દરેક વાચક સત્વરે લખી મોકલે, તેવી સહૃદય વિનવણી છે.

આ દોઢ દાયકાની મજલ વેળા, કેટકકેટલી નવી ટૂંકો આપણે સાગમટે સર કરવાની બની ? યાદ આવે છે, કેટકેટલાં પુસ્તકો તેમાંથી પ્રગટ થયાં છે અને હજુ થઈ શકે તેવી સોજ્જી સામગ્રી માંહેથી મળી આવે તેમ છે ? આપણા વારસાની ચાડી ખાતા પેલા ફોટાઓ અને તેની ઐતિહાસિક ‘વિન્ટિજ’ પકડ શા દસ્તાવેજો પણ તેમાં સામેલ જ હોય. આ અંકમાં અન્યત્ર અમૃતભાઈ દેસાઈનો કાગળ, વળી, આમેજ છે. એમણે આવી તાસીરની યાદી ધરી આપી છે. તે મુદ્દા લઈને જે તે લીટીને આગળ ય વધારી શકાય.

એક ખુલાસો કરી લઈએ : અમૃતભાઈ લખે છે : ‘ચાહે ગમે તે થાય, ગમે તેવા વિપરિત સંજોગોમાં પણ “ઓપિનિયન”નું પ્રકાશન નિયમિત રહ્યું છે. દર માસની ૨૬ તારીખે ગ્રાહકને એનો અંક પહોંચે, પહોંચે ને પહોંચે જ !’ મહદ્ અંશે આ સાચું છે, પરંતુ આ સાલ, જુઓને, જૂનનો અંક જુલાઈ આરંભે જ મોકલી શકાયો હતો. તેમ આ અંકનું વિતરણકામ પણ સહજ બેચાર દિવસ ઢીલું પડી શકે છે. તો વચ્ચે, બે’ક સાલ વેળા, તો જાન્યુઆરી અંકનો જ સમૂળો ખાડો પડેલો ! આ કચાશનો રંજ છે જ.

‘સંકેલો’નો અવસર, હળવે પગલે, રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦ના દિવસે આવી રહ્યો છે, તેની નોંધ તમે દરેકે લીધી જ હોય. આ સમૂળો અવસર સહજપણે સમાજ આધારિત જ હોય, તેવી સમજણ કેળવી છે. વિમાની ટિકિટો, વીઝા ખર્ચ, સભાખંડનો ભાડાખર્ચ, ચાપાણી, ભોજન સમેતની સગવડ, વગેરે વગેરે પેટે આશરે ચારેક હજાર પાઉન્ડનો ખર્ચ થવાની વકી છે. પચાસ પચાસ પાઉન્ડના એકેકા દાતા વાચકોમાંથી જાગે, તો ચપટી વગાડતા જ માત્ર એંશી જ વાચકો યજમાન બની શકે. કોઈક વધુ આપવાનું ય વિચારી શકે. ચેક Parivaar Communicationsને નામે જ થાય. હા, એટલી વાત તદ્દન પાક્કી : દરેકને દાન સામે પાવતી આપવામાં આવે અને તે દરેકનો જાહેરમાં સ્વાભાવિક આભાર પણ માનવામાં આવે.

કવિ પ્રદ્યુમ્ન તન્ના, ખરેખાત, સાચું કહે છે :

દિલથી દીધું દૂગણું થઈ વળતું રહે પરત !
તરતોતરત ભાઈ ભલે ના ઊકલે એનો અરથ !

કહેવાય છે કે હરીન્દ્ર દવે કહેતા : ‘અમને નિશ્ચયનું બળ આપો, મારા નાથ.’ તમારો નાથ, આપણો નાથ, મને, તમને અને આપણને દરેકને આવા નિશ્ચયનું અપરંપાર બળ આપી રહો.

પ્રતિઘોષરૂપે, અબીહાલ, આ વાચકમિત્રો સહભાગી બન્યા છે :

જ્યોતીન્દ્ર નિર્મળ (£50), ઘનશ્યામભાઈ ન. પટેલ (£51), ‘જિગર’ નબીપુરી (£151).

એક પા ‘સંકેલો’નો અવસર; તો બીજી પા, “ઓપિનિયન”નું ઈન્ટરનેટી અવતરણ. હર્ષ અને શોકનો જ જાણે કે આ અવસર. ઈ.મેલ વાટે આ ઈન્ટનેટી અવતરણ મેળવવા, વાચકરાજ્જા, વિગતો ભેર અમને સત્વરે લખી, જાણ કરવા અરજ છે.

વારુ, આવતે મહિને, ‘સંકેલો’ અવસરનાં ઈજન અને કાર્યક્રમની રૂપરેખા તમારા લગી પહોંચતાં થશે. તે રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦નો અવસર આપણો દરેકનો છે. લંડન શહેરના ફિન્ચલી સેન્ટ્રલ વિસ્તારમાં આવ્યા, ‘એડન દેપાળા મિત્રમંડળ’માં આપણે સઉ તે વેળા હોંશે હળીએ મળીએ અને આનંદીએ, તેથી બીજું તે શું અદકેરું હોય? આવજો હોં, ભેરુ, તમારી સૌની રાહ જ હોય.

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

લવાજમના દર

શેષ લવાજમ આ દેશ માટે £06.28 તેમ જ પરદેશ માટે £10.03 છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communications ને મોકલવો.

●

લવાજમ – સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"
'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]
Tel. : [+44] 020 - 8902 0993
e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

●

ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale
Street, Opera House, MUMBAI - 400 004
Tel. : [022] 2386 2843
e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ, ફક્ત Rs. 1,000ની રકમ, Vipool Kalyaniને નામે લખી મોકલવી

ગ્રાહક પત્રિકા :

Name : ....
Address : ....
....
Post Code : ....
Telephone : ....
e.mail : ....
Subscription : £06.28 / £10.03
Date : ....

મૌનનો શબ્દમય સંવાદ ...

ઝાંખું ઝાંખું સાવ જણાતું જેવું તેવું,
એ તો ક્યાંથી હોય હશે કોઈ એનાં જેવું !
શ્વાસ તણી આ આવનજાવન અમથી સેવું,
એનું કાંઈ નામ જ ક્યાં છે, કઈ વિધ લેવું ?
હોઠે આવી હૈયું આ અટકે છે એવું,
કે'વાનું તો હોય ઘણું પણ કયમનું કે'વું ?
નળિયાં ઊતરી જાય, રહે ના એકે નેવું,
નભ સંગાથે ફેલાવું, નભ સંગે રહેવું !
ગળું ફુલાવી ગોખે બેઠું એક પારેવું,
કોક જનમને યાદ કરી ધૂઘવે છે કેવું !

- રાજેન્દ્ર શુક્લ

કવિ રાજેન્દ્ર શુક્લ ગઝલનો પર્યાય છે. વિવિધ સ્વરૂપોમાં કામ કરવાની શક્યતાઓનો અંદેશો આપીને એમની જમીન ગઝલ પર ઠરી છે. ઉર્દૂ-ફારસીનાં રંગે રંગાયેલી, સોરઠી બાનીનાં સ્વભાવથી મંજાયેલી એમની ગઝલોમાં ગુજરાતી સંસ્કૃતિનો રણકો છે. કવિ રાજેન્દ્ર શુક્લની ગઝલો માણવાથી 'ગુજરાતીતા'નો અહેસાસ થાય છે. આ કવિને તાજેતરમાં 'વલી ગુજરાતી ગઝલ' એવૉર્ડથી નવાજવામાં આવ્યાં છે, ત્યારે એમની એક અપ્રગટ ગઝલનો આસ્વાદ માણીએ.

જેના આવવાની ખૂબ રાહ જોઈ હોય, આખું આયખું જેને સમર્પિત કર્યું હોય, સમગ્ર ચેતનાનો દોરીસંચાર જેનાં હાથમાં હોય, જે પળે-પળે પ્રતિતી પણ કરાવે કે 'હું છું' અને 'હું આવીશ' પણ આપણી ધીરજ ખૂટી જાય ત્યારે લખાતો આ 'મત્લા' છે.

ઝાંખું ઝાંખું, સાવ જણાતું જેવું-તેવું
એ તો ક્યાંથી હોય, હશે કોઈ એના જેવું ... !

હજી ઓળખાયું નથી. જણાયું છે. ઓળખીતું લાગે છે. 'ઝાંખું-પાંખું' વર્તાયું છે. કદાચ સાચે જ એ સામે આવીને ઊભું છે. પરંતુ નિરાશાની ગર્તાએ ચિત્તનો આત્મવિશ્વાસ ડામાડોળ કર્યો છે. એટલે જ 'સામે છે છતાંયે હશે કોઈ એના જેવું' એવું કહેવાનું મન થઇ આવ્યું છે.

શ્વાસ તણી આ આવન-જાવન અમથી સેવું,
એનું કાંઈ નામ જ ક્યાં છે કઈ વિધ લેવું ... !

પંખી માળામાં બચ્ચાંઓને સેવે છે એનું કારણ હોય છે. પણ અહીંયા તો કારણ વગર શ્વાસને સેવાય છે. તપ ખરું પરંતુ ભાર વગરનું - ભાન વગરનું. એનું નામ 'સેવવું' છે. પણ 'શ્વાસ'માં... સ્થૂળ ગણત્રીમાં તો આંકડાઓ અડચણરૂપ બને. પણ નામ સેવવાં માટે 'નામ' તો જોઈએ ને ? એનું અકળ રહસ્ય અકબંધ છે. બૂમ પાડવા માટે અવાજ હોય એટલું જરૂરી નથી. બૂમ પાડનાર વ્યક્તિનું 'નામ' હોવું જરૂરી છે. નરસિંહ મહેતાનું નામ જૂજવાં...નો સંકેત ગુજરાતી ગઝલમાં રાજેન્દ્ર શુક્લ દ્વારા વિરલરૂપે પ્રગટ થયો છે.

હોઠે આવી હૈયું આ અટકે છે એવું
કહેવાનું તો હોય ઘણું પણ કયમનું કે'વું ?

હવે એ જ છે, એની પ્રતીતિ પાકી થતી જાય છે 'ઝાંખું-પાંખું' 'જેવું - તેવું' અને 'હશે'નું અનુસંધાન દ્રઢ સાબિતી સાથે સંવાદ કરે છે. બધું સ્પષ્ટ થયાનું પ્રતીત થાય છે. અનુભવાય છે. છતાં પણ બોલવાનું તો હોઠે આવીને અટકી જાય છે. કહેવું છે ઘણું પણ ક્યમનું કે'વું... હોઠ થોડાંક વાક્યોમાં પોતાની વાત કહેવા માટે 'મહોતાજ' છે. ને અહીંયા તો હૈયું ઠાલવવાની વાત છે.

નળિયા ઉતરી જાય, રહે ના એકેય નેવું,
નભ સંગાથે ફેલાવું, નભ સંગે રહેવું...

આ આખીયે પ્રક્રિયામાં આંખોનાં ઝળઝળિયાં દ્રશ્યને ચોખ્ખું કરીને આત્મસાત કરે તો નવાઈ નહીં. પછી નળિયા ઉતરી જાય, નેવું રહે નહીં. 'છાપરું' ઘરની જરૂરિયાત છે. પણ જે ધરતી પર રહીને આકાશને 'તાગવા' માટે આવ્યો છે એને 'નડચણરૂપ' બને છે. આકાશ ક્યાંથી શરૂ થતું હોય છે ? કદાચ ધરતી પર રહીને વિહરવાનું ધૈર્ય જાળવીએ તો એની ખબર પડે.

ગળું ફુલાવી ગોખે બેઠું એક પારેવું
કોઈ જનમને યાદ કરી ધૂઘવે છે કેવું ...

આ આખીયે ગઝલ 'ઝાંખા-પાંખા' દેખાતાં શ્વાસની 'અમથી આવન જાવન' સેવતા હોઠ ઉપર આવી ગયેલાં 'હૈયાંથી' કશુંક કહેવા મથતાં આકાશને ઘર માનીને કોઈક જનમને યાદ કરતાં પારેવાની ગઝલ હોઈ શકે છે. 'પારેવું' ધૂઘવે છે ત્યારે કોઈક જનમને 'યાદ' કરતું હોય એવું ભાસે છે. નભ સંગાથે રહેવાની વાત ગોખમાં બેઠેલાં પારેવાંને ખબર છે. ઊડવું એની નિયતિ છે. પરંતુ ગોખમાં બેસીને ધૂઘવવું એ કોઈક જનમને યાદ કરવાની પ્રતીતિ છે. પારેવું મન:સ્થિતીનું દ્યોતક હોઈ શકે છે.

આ આખીયે ગઝલ નિરાશામાંથી જન્મેલાં પ્રસન્નકર અનુભવની ગઝલ છે. રાજેન્દ્રભાઈ ગઝલને 'સેવે' છે. ગુજરાતી ગઝલમાં એમની પાઠ પ્રતિષ્ઠા અનન્યં છે. જ્યાં સુધી 'રદિફ' અને 'કાફિયા' રહેશે ત્યાં સુધી રાજેન્દ્ર શુક્લ યાદ રહેશે. ગઝલમાં થયેલું એમનું 'કવિકર્મ' બીજી ભાષાઓની સરખામણીએ પણ ગુજરાતી ગઝલમાં એમને 'નોખાં' પાડે છે. એમનાં ઘણાબધાં શે'રોને આસ્વાદ્ય બનાવીને રજૂ કરવાનો આનંદ ઘણીવાર લૂંટ્યો છે. આખો સમાજ કવિને 'પોંખે' ત્યારે આપણે પણ ઉલ્લાસભેર એમાં જોતરાઈ જવાનું હોય. પ્રસ્તુત ગઝલ આપણે 'આપણને જડી ગયા હોઈએ' ત્યારે લખાયેલી ગઝલ છે. શબ્દમાં સમાયેલું મૌન 'કવિતા' બને ત્યારે આવી ગઝલ લખાઈ જાય છે.

http://www.gujaratsamachar.com/gsa/20090930/guj/supplement/god.html

કિનારે રમવા આવ્યું બતક
જોઇ બિલ્લાને ભાગ્યું તરત
ચકલીને પણ જોવા મળત
સસ્સારાણાની એક રમત
કાચબાજીની કાઠી કસરત
મગરને ગલગલિયાં કરત
એક ટીંટોડી જો ના ઠગત
તો હંસલા ખડખડાટ હસત
માછલીએ મારી છે શરત
કે થાકશે જરૂર બગભગત
દેડકો ય કાંઇ ના ઉછળત
કીડી મંકોડા જો ના લડત

– 'બાબુલ'

‘અનુવાદપ્રવૃત્તિ સાહિત્યિક-સાંસ્કૃતિક વિનિમયનું સચેત માધ્યમ’

‘દરેક ભાષામાં કેટલાંક સર્જનો એવાં હોય છે, જે તેમના સાહિત્યની જ નહીં, દેશની અમૂલ્ય સંપત્તિરૂપ ગણાય છે. બ્રિટિશ સામ્રાજ્ય અને શેક્સપિયરનાં નાટકો વચ્ચે પસંદગી કરવાની હોય તો બ્રિટિશ પ્રજા શેક્સપિયરનાં નાટકો પસંદ કરે એમ કહેવાયું છે. સામ્રાજ્યની અપેક્ષાએ શેક્સપિયરનાં નાટકો તેમને વધુ મૂલ્યવાન લાગે છે. આવી અમૂલ્ય સાહિત્યસંપત્તિનો લાભ કઈ સંસ્કારી પ્રજા લેવા ન ઈચ્છે ? અનુવાદપ્રવૃત્તિ આ પ્રકારના સાહિત્યિક-સાંસ્કૃતિક વિનિમયનું સચેત માધ્યમ છે. માનવજાતિનો ચિરંજીવ સંસ્કારવારસો અનુવાદરૂપે અનેક ભાષાઓમાં ઊતરીને જળવાઈ રહે છે. અનુવાદનો બીજો લાભ એ કે તેનાથી ભાષાનું સત્ત્વ ખીલે છે, સર્જનની ધાર તીક્ષ્ણ થાય છે.’

આપણા વરિષ્ટ સાહિત્યકાર વિવેચક, ધીરુભાઈ ઠાકરે, ‘અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા - ૫’માં, ૨૯૪ પાન પર, આમ લખ્યું છે. અને પછી, ધીરુભાઈ આગળ લખે છે : ‘આમ, સાહિત્યસર્જન, વિચારવિનિમય અને જ્ઞાનવિતરણની સગવડો વધતાં અનુવાદપ્રવૃત્તિને જે વેગ મળ્યો તેનાથી કલા અને સાહિત્યવિષયક સમજનું ધોરણ એકંદરે ઊંચું ગયું છે ને ભાષાનું વિપુલ ખેડાણ થયું છે એમ કહી શકાય.’

જિંદગીભર અનુવાદ નિમિત્તે ગુજરાતી ડાયસ્પોરા જગતમાં એકનિષ્ઠ સાહિત્યસાધના કરનારાઓમાં, અતુલ સવાણી અને તેમનાં સાથીસહોદરોને મૂકવા જ જોઈએ. એમનાં વિવિધ કામોની ધીરુભાઈ ઠાકરે, આ પાંચછ પાનાંઓમાં, ક્યાં ય નોંધ સુધ્ધાં લીધી નથી, તેનું આશ્ચર્ય જરૂર છે. મક્સિમ ગૉર્કી અંગેના હસમુખ બારાડીએ કરેલા સરસ અધિકરણને આ પહેલાં ટાંક્યો જ છે. ‘ગુજરાતી વિશ્વકોશ’ના ખંડ ૬ના, પાન ૬૪૮ પાન પરે આપ્યા આ અધિકરણમાં, એક વાક્ય આમ છે : ‘ગૉર્કીની આત્મકથાઓ, નવલકથા ‘મા’, ‘ઊંડા અંધારેથી’ વગેરે નાટકો અને અસંખ્ય વાર્તાઓ ગુજરાતીમાં ઉપલબ્ધ છે.’ સરસ. રુસી ભાષામાંથી ગુજરાતી અનુવાદ કરવામાં અનેકો રહ્યા છે, તે ખરું; પરંતુ, તેમાં અતુલ સવાણી જેવા અગ્રગણ્ય રહ્યા છે, તે બિના, ભલા, શા માટે હાંસિયે જઈ બેસી હશે ? અધિકરણકારની કે પછી, ‘ગુજરાતી વિશ્વકોશ’ની, તેના સંપાદકની તાસીર આમાં ભાગ ભજવતી પણ હોય. કોણ જાણે ! … ખેર !

ગુજરાતી સાહિત્યમાં અનુવાદની વસંત પાંગરી હતી તે વેળા, બહુ જ સરસ અનુવાદો આપણને મળ્યા છે. અંગ્રેજીમાંથી, ફ્રેન્ચમાંથી, બંગાળી - મરાઠીમાંથી, હિન્દી - તમિળ - મલયાલમમાંથી પણ આપણને સારા અનુવાદો મળ્યા છે. તેમ રુસી ભાષામાંથી પણ મળ્યા છે. આ બધી, ધીરુભાઈ ઠાકર લખે છે તેમ, સાહિત્યનાં પોષણ અને સંવર્ધન અર્થે પૂરક અને પોષક પ્રવૃત્તિઓ છે.

ઓ રસિયા ! આ રશિયા !!

• વિપુલ કલ્યાણી •

માર્ગરિતા તારવેર્દોવા

‘રૂસી ભાષા’ પ્રકાશનગૃહ, મૉસ્કો દ્વારા, સને ૧૯૯૦માં, ‘ગુજરાતી રૂસી શબ્દકોશ’ (ISBN 5-200-00663-5) પ્રગટ થયેલો. તેમાં ૩૮,૦૦૦ જેટલા શબ્દો આમેજ છે. આ કોશનાં સંપાદિકા છે લ્યુદ્‌મિલા વા. સાવેલ્યેવા. સંપાદિકાએ વિવિધ સાતેક કોશોનો આધાર લીધો હોવાનું આ શબ્દકોશમાં નોંધાયું છે. ગુજરાતી ભાષાના મૂળ શબ્દોનાં ઉચ્ચારણ પદ્ધતિ તથા અનેકાર્થી શબ્દોનું જ્ઞાન પત્રકાર અને નિષ્ણાત ચંદ્રકાન્ત વ્યાસે આપ્યાનું નોંધવામાં આવ્યું છે. આ કોશમાં આરંભે, રેડિયો મૉસ્કોના ભારતીય વિભાગમાં ઘણાં વર્ષો ઉદ્‌ઘોષિકા તથા અનુવાદિકા તરીકે સેવા આપનાર તેમ જ આ કોશ તૈયાર કરનાર વાલેન્તિના વા. મમાએવાએ પ્રસ્તાવના લખી છે. વારુ, તે પ્રસ્તાવનામાં આવું પણ એક લખાણ છે : ‘અત્યાર સુધી ગુજરાતી ભાષાનું સમૃદ્ધ સાહિત્ય વિકસ્યું છે, જેમાં ગંભીર, વાસ્તવિક તથા માનવતાવાદી પરંપરા જોવા મળે છે. એમાં સામાજિક પરિવર્તનો અને રાજકીય બનાવો પ્રતિબિંબિત થાય છે. ગુજરાતના વિખ્યાત લેખકો તથા કવિઓનાં પદ્ય અને ગદ્ય સાહિત્યનો રૂસી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે, જેમાં ઉમાશંકર જોષી, સુરેશ જોષી, જયંત ખત્રી વગેરેનો સમાવેશ થાય છે. પોતાના તરફથી ફ.મ. દોસ્તોયેવ્સ્કીયની નવલકથા ‘ગુનો અને સજા’, અ. ઈ. કૂપ્રીનની રચના ‘યામા’ (પોલાણ), મ. અ. શોલોખોવની નવલકથા ‘ધીરે વહે છે દોન’, બ. લ. પાસ્તેર્નેકે લિખિત ‘ડૉક્ટર ઝીવાગો’ વગેરે વિખ્યાત રૂસી અને સોવિયેત લેખકો તથા કવિઓની રચનાઓનો ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે.’

મૉસ્કોમાંથી ગુજરાતી અનુવાદ - પ્રકાશનની જે પ્રવૃત્તિ થઈ, તે બાબત, સન ૨૦૦૭માં ઉપલબ્ધ માહિતીઓના આધારે એક સૂચિ બનાવવામાં આવેલી. અને તેને આધારે કહી શકાય તેમ છે કે આ સમૂળા પ્રકલ્પમાં આશરે ૧૫૦ જેટલાં પુસ્તકોનો સમાવેશ છે. આ યાદી પરે લિયો તોલ્સ્તોય, મક્સિમ ગૉર્કી, દોસ્તોયેવ્સ્કી, ચેખોવ, તુર્ગેનેવ, રસૂલ હમઝાતોવ, આનાતોની કાલીનિન, પૂશ્કિન, શોલોખોવ, ચીંગીઝ આઈત્માતોવ, આર્કાદી ગૈદાર, કાર્લ માર્ક્સ, લેનિન, એંગેલ્સ, વગેરે વગેરેનું સાહિત્ય દેખા દે છે. કેટલુંક સામ્યવાદી સાહિત્ય છે, તેની ના નહીં; પરંતુ કેટકેટલું પ્રશિષ્ટ રુસી સાહિત્ય, રુસી બાળ સાહિત્ય પણ તેમાં સમાવિષ્ટ છે. કેટકેટલી વાર્તાઓ, નવલકથાઓ, નાટકો પણ તેમાં જોવાનાં સાંપડે છે. આ સઘળું કામ ‘પ્રગતિ’ અને ‘રાદૂગા’ પ્રકાશન હેઠળ થયેલું. નવાઈ લાગશે પણ ‘ભારતનો ઈતિહાસ’ બે ભાગમાં, મોટા ગ્રંથોમાં, પથરાયો છે. તેમ જવાહરલાલ નેહરુની સરસ જીવનકથા પણ સાંપડે છે.

અસ્કર મુખ્તારકૃત ‘બહેનો’, દોસ્તોયેવ્સ્કીકૃત ‘ગરીબ બિચારાં’ ને ‘ધવલ નિશાઓ’, ગૉર્કીકૃત નાટક ‘જનમના વેરી’, અલેકસાન્દર ગ્રીનકૃત ‘સિંદૂરિયા સઢ’, રસૂલ હમઝાતોવનું ‘મારું દાઘેસ્તાન’, પૂશ્કિનકૃત ‘કેપ્ટનની દીકરી’, કોન્સ્તાન્તિન પાઉસ્તોવ્સ્કીનો ‘અસ્તવ્યસ્ત ચકલો’, સ્વ્યાતોસ્લાવ સાખાર્નોવાકૃત ‘અજબ વહાણો’, તોલ્સ્તોયકૃત ‘લઘુનવલો’ અને બાળસાહિત્યકૃતિ ‘ત્રણ રીંછ’, ઝિનાઈદા આલેકસાન્દ્રોવાનું ‘મારું રીંછ’, તાત્યાના માકારોવાની ‘બહાદુર કીડી’ વગેરે વગેરે જેવું દોમદોમ સાહિત્ય પણ આ હારમાળામાં સોહે છે.

આ સઘળાં પુસ્તકો, ભલા, હવે ક્યાંથી મળે ? આ બધું ગુજરાતી સાહિત્ય પરિષદ, ગૂજરાત વિદ્યાપીઠ સરીખાં અગત્યનાં પુસ્તકાલયોમાં સંઘરાયેલાં હોય તો અનેક સંશોધકો માટે જબ્બર સામગ્રી હાથ લાગે તેમ છે.

સન ૧૯૬૬માં, મૉસ્કો ખાતે ગુજરાતી અનુવાદ માટે પસંદ થયેલા અતુલ સવાણી કહે છે તેમ આ ભાષાન્તર આંદોલનમાં, એક સમયે, આશરે

ચિનગારી

• કનુ સૂચક

અમેરિકાની મુલાકાત અમારા માટે અમારાં બાળકો સાથે રહેવાનો અમૂલ્ય લહાવો. ન કશે જોવા-ફરવાની કે કોઇ અન્ય પ્રવૃત્તિ કરવાની ઇચ્છા. અમારો ઓમ અમારી દરેક પ્રવૃત્તિનો નેતા. અમારી આર્યા ગયાં ત્યારે મૂગાં ઇશારાથી જ વાત સમજાવે અને હવે તો દાદા અથવા દાદી એકે એનાં જ સુવાંગ થઇ રહેવાની મીઠડી માંગ. અમારો સમય બન્ને વચ્ચે વહેચાઈ અધૂરો બની જાય - ઓછો પડે. સવારે છ વાગે ફરવા નીકળું, ત્યારે દૂર ભાગી જતું હરણાંઓનું ટોળું દેખાય. સસલાંઓ તો દરેક ઘરના આંગણે અને રસ્તાઓની કોરે સતત દેખા દે. અનેક પ્રકારનાં પંખીઓનો કલરવ, પંખીઓનાં નામ તો બધાં આવડે નહિ પરંતુ વિવિધ જાત અને પાંખની અનેક રંગી સમૃધ્ધિ આંખથી હૃદયમાં ઊતરી મન પ્રસન્નતાથી ભરી દે. વૃક્ષોનાં વનની અંદર કબૂતરાંની જેમ લપાઇને બેઠેલાં ઘરો શોધવા વનરાજીને આંખોથી ચાળવી પડે. વિચાર તો એ આવે કે સમય જતાં ઘરોના ઝુંડમાંથી વૃક્ષોને શોધવા પડે તે પરિસ્થિતિ થતાં વાર ક્યાં લાગે છે. સરસર સરતી હવા સાથે તાલ મીલાવી દોડતી ગાડીઓ, મશીન અને મશીનના માણસે સર્જેલું વિશ્વ પ્રકૃતિને કેટલી હદે દૂર અને દૂર ધકેલતું જશે.

આ વખતે ન્યુ જર્સીમાં ચાલતી અમેરિકાની 'ગુજરાતી લિટરરી એકડમી ઑવ્ નોર્થ અમેરિકા' સંસ્થા દ્વારા, જુલાઈ ૧૧ ૨૦૦૯ના દિવસે સર્જકો સાથે સાંજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મણિલાલ હ. પટેલ તેમાં ટૂંકી વાર્તામાં અનુભૂતિ અને અભિવ્યક્તિ પર બોલવાના હતા. પન્નાબહેન નાયકે અમને આમંત્રણ આપ્યું કે ઇચ્છા થાય તો આવો. મણિભાઇને મળવા સાંભળવાનું મન, દરિયાપાર વસતાં સર્જકોને પણ મળવા સાંભળવાનું મન. આમ છતાં અમલમાં મૂકવાની ઇચ્છાનો અભાવ. શું કામ છે, આ નવા સંબંધો ઊભા કરીને ? બે ત્રણ મહિના પછી પાછા ફરી જઇશું, પછી ભૂલી જવાં ? આવી ઉદાસિન વૃત્તિ, મારી વય થઈ છે તેવાં બહાને, ઘણાં વખતથી મનમાં ઘર કરવા લાગી હતી. બાળકોને વૈશાલી કૌશિક બહાર લઇ જવાના હતાં એટલે કૌશિકે આગ્રહ કરી અમને ત્યાં જવા કહ્યું. ગયાં. બધાંને મળ્યાં. ભૂલી ન ગયાં. જાણીતાં અને નવાં સર્જકોને સાંભળ્યાં. સારું-નબળું સર્જન. વાર્તાઓ, કાવ્યો, નિબંધો, વગેરે વંચાયાં. મણિલાલભાઇની પહેલાં, ભારતથી આવેલાં મહેમાનોને બોલવા આમંત્રિત કરવામાં આવ્યા. આખરે મણિભાઇને તેમનું વ્યક્તવ્ય આપવા કહેવામાં આવ્યું. પ્રખર અભ્યાસી અને વિદ્વાન મણિભાઇને સાંભળવાની પરમ ઉત્સુકતા હતી. સરસ બોલ્યા. છતાં સંતોષ ન થયો. વિષયને પૂર્ણ ન્યાય આપી ન શક્યા. તેનું કારણ તેમણે પાછળથી મળ્યા ત્યારે જણાવ્યું, તેમ ખૂબ લાંબો ચાલેલો કાર્યક્રમ.

આમ છતાં, આ કાર્યક્રમના આયોજન પાછળ એકેડમીના આયોજકોની વિશેષ દૃષ્ટિના દર્શન થતાં હતાં. કાર્યક્રમના દરેક સર્જકનાં નામ મને યાદ નથી,

---

જગતની ૬૯ જેટલી વિધિવધ ભાષાઓ માટેનાં આશરે દોઢસોએક અનુવાદકો કામ કરતા હતાં. આ ૬૯માં ૧૨ જેટલી તો ભારતીય ભાષાઓ – ગુજરાતી ઉપરાંત હિન્દી, પંજાબી, ઉર્દૂ, મરાઠી, બંગાળી, આસામી, ઊડિયા, તમિળ, તેલુગુ, કન્નડ તેમ જ મલયાલમ – સમાવિષ્ટ હતી. હિન્દી માટે, ભિષ્મ સહાની, નરેશ વેદી તથા મદનલાલ મધુ, કન્નડ માટે કે. ગોપાળ કૃષ્ણરાવ, મલયાલમ માટે ગોપાળ કૃષ્ણન્, પંજાબી સારુ ગુરુબક્ષ સિંહ, બંગાળી માટે નોની ભૌમિક અને શર્માજી, તેલુગુ ક્ષેત્રે રાવ સરીખા ખ્યાતનામ અનુવાદકો, સાહિત્યકારો તે વેળા મૉસ્કોમાં સ્થાયી બની સેવા આપતા રહેલા. આ બધાની સાથે માર્ગરિતા તારવેર્દોવા નામની મહિલાની અનન્ય સેવાઓ પડી છે. માર્ગરિતાબહેન આજે પણ મૉસ્કોમાંની અનુવાદપ્રવૃત્તિઓમાં અગ્રગામી ભૂમિકા ભજવી રહ્યાં છે. એમનાં એક અગ્રગણ્ય સાથીદાર એટલે લ્યુદ્મિલા સાવ્યેલેવા.

લ્યુદ્મિલા સાવેલ્યેવા અને માર્ગરિતા તારવેર્દોવા

મૉસ્કો રેડિયો પરે ય વળી વિવિધ ભાષાઓમાં પ્રસારણો થયા કરતાં. એમાં હિન્દી, ગુજરાતીને પણ અદકેરું સ્થાન હતું. રાધેશ્યામ દૂબે સરીખા ઉદ્ઘોષક જેમ હિન્દીમાં હતા, તો ગુજરાતીમાં એક સમયે હસમુખભાઈ બારાડી સક્રિય હતા. ચંદ્રકાન્ત વ્યાસ પણ થોડો વખત હતા અને પછી દીપક ધોળકિયાએ પણ ગુજરાતીનો પરચમ મૉસ્કોમાં લહેરાવેલો, તેમ ઇતિહાસ નોંધે છે. હસમુખ બારાડીના સમય ટાંકણે તાન્યા નામની એક રુસી બાનુ પણ મૉસ્કો રેડિયોના ગુજરાતી વિભાગમાં સક્રિય ભાગ લેતાં હતાં.

માર્ગરિતા અસ્ત્વાત્સતુરોવ્ના તારવેર્દોવાએ મૉસ્કો યુનિવર્સિટીના આફ્રિકન અને એશિયન વિભાગમાં અભ્યાસ કરેલો. હિન્દી, ઉર્દૂ અને ગુજરાતી વિષયો લઈને એમણે ઉપાધિ મેળવેલી. અને પછી, આ પ્રગતિ પ્રકાશનમાં જોડાઈ ગયેલાં. સૌ પ્રથમ એ ભારતીય ભાષાના વિભાગમાં કામ કરતા હતાં. આરંભે હિન્દી વિભાગનાં વડા બનેલાં અને પછી, ગુજરાતી વિભાગનાં ય વડા તરીકેની અનુપમ સેવાઓ એમણે આપી છે. ૧૯૭૩ના અરસામાં, લ્યુદ્મિલાબહેન આ કામમાં સામેલ થયાં, તેમ માર્ગરિતાબહેન કહેતાં હતાં. લ્યુદ્મિલાબહેને ભારતનો બેપાંચ વાર પ્રવાસ પણ કરેલો છે. એમણે પણ ગુજરાતીમાંથી રુસી ભાષામાં સરસ અનુવાદો આપેલાં છે.

માર્ગરિતાબહેન આર્મેનિયા વિસ્તારમાં જન્મ્યાં છે. એમના પિતાએ લશ્કરમાં સક્રિય સેવાઓ આપેલી અને બીજા વિશ્વયુદ્ધમાં ય ભાગ લીધો હતો, તેમ જાણવા મળે છે. એમનાં માતાનું પાંચેક સાલ પહેલાં જ અવસાન થયેલું. પરિવારમાં હાલ એમનાં એક મોટાબહેન હયાત છે. માતૃભાષા રુસી ઉપરાંત અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ અને ગુજરાતી ભાષાઓ પર એમને સરસ અને મજબૂત કાબૂ છે. સંપાદક તેમ જ ભાષા - અનુવાદનાં વડા તરીકે એ ખૂબ ચીવટ રાખે છે અને ઊંડા ઊતરી, વાક્યરચના, વ્યાકરણ તેમ જ ખરા અર્થ માટેની ચોકક્સાઈ રાખવા માટે જાણીતાં છે.

લ્યુદ્મિલાબહેનની સાથે વાતચીતમાં એમણે એક ગીત સંભારી આપ્યું. જાણે કે એ દિવસોનું, તે સૌનું, ધ્યેયગીત :

એક હૈ હમારી આજ રાહે
એક હૈ હમારા આજ ગાન
હર દેશ ઔર હર એક ભાષા
હમ સમજતે હૈ સબ જબાન

લ્યુદ્મિલાબહેન તરુણામાંથી જેમ આજકાલ તપ કરી રહ્યાં છે, તેમ માર્ગરિતાબહેન પોતાનાં અનુવાદ-ક્ષેત્રમાં જ સક્રિય બનતાં રહી, મૉસ્કો નગરમાંથી અદકેરું તપ કરે છે. આ બંને તપસ્વિનીઓ પ્રત્યે આપણી ગુજરાતી જમાત જેટલો ઓશિંગણભાવ વ્યક્ત કરે તેટલો ઓછો જ પડવાનો છે.

પાનબીડું :

તંત્રીઓ અને પત્રકારો પોતાના બલિ રાજાઓની પસંદગી કરી લેતા હોય છે. સમય સમયે તેઓ તેમને હારતોરા કરે છે, નવાજી ય લે છે, અને પછી, તેમને વ્યાસપીઠે પણ સ્થાપિત કરી લે છે. ત્યાર બાદ, કીર્તિ કેરા કોટડાનો આવો સ્વાદ ચખાડ્યા પછી, તેઓ પત્રકારી કર્મકાંડી વિધિવિધાન અનુસાર તેને રહેંસી પણ કાઢે છે.

– માયકલ શી

(૧૯૩૮-૨૦૦૯; મહારાણી ઇલિઝાબેથનાં એક વેળાના માહિતી સચિવ)

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

પરંતુ રોહિત શુક્લે અમદાવાદ વિશે વાંચેલો નિબંધ રસમય અને સાહિત્ય કસોટીમાંથી પાર ઊતરે તેવો હતો. આ ઉપરાંત મોના નાયક અને એક યુવાનનું નામ મને યાદ આવતું નથી, તે અને તેવાં આશાસ્પદ સર્જકો ભવિષ્યમાં સારું કરશે. મધુ રાયની થોડો વખત હાજરી, પ્રીતિ સેનગુપ્તા, પન્ના નાયકની સરસ રજૂઆત. અહીંથી ત્યાં આવેલા સુરતના જનક નાયક અને શશીકાંત શાહની કેફિયતો. હરનિશભાઈ જાનીનું જીવંત સંચાલન. એકેડમીના પ્રમુખ રામભાઈ ગઢવી હાજર હોવા છતાં ચાલતા કાર્યક્રમને પોતાના કોઈ પણ હસ્તક્ષેપ વગર માત્ર સાક્ષીરૂપ જોતાં રહેવાની રીત, સારા આયોજકનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા હતા.

ઘેર ગયા પછી વિચારોએ મનનો કબજો લીધો. વર્ષો પહેલાં અહીં આવી વસેલાં આ બધાંએ સિધ્ધિઓ અને સમૃધ્ધિ પ્રાપ્ત કર્યા છે. પોતાની માતૃભાષામાં વ્યકત થવાની તેમની તીવ્ર ઇચ્છા. ગુજરાત-ભારતના સંતાનોએ જન્મ-નાળને સાચવી રાખી છે. તેમને વતન ઝુરાપો પીડે પણ છે અને સંજોગ સાથે તેઓ સમાધાન પણ સાધી રહ્યાં છે. સર્જન પાછળની ચિનગારીનાં સુરેખ આ દર્શનથી મારાં હૃદયમાં તેજ લીસોટો કોરાયો. આ પછી નીલેશ રાણા અને હરનિશ જાનીને મળવાનું બન્યું. આ બન્ને મહાનુભાવોની સરળતા અને સાદગી ખરેખર મનભાવન અનુભૂતિ હતી. નીલેશ રાણા સારા કવિ છે એ જાણ હતી જ પરંતુ વાર્તાકાર અને નવલકથાકાર તરીકે પણ તેમનો પરિચય થયો. હરનિશ જાની ઉત્તમ હાસ્ય વાર્તાકાર તરીકે પ્રતિષ્ઠિત થયા છે. હરનિશભાઈ સાથે ઘણી વખત મળવાનું થયું. તેઓ અને હંસાબહેન મળતાં જ ઉજાણી થાય, તેવાં પ્રેમ છલકતાં માણસ. વિરાફ કાપડિયા અને મધુભાઈ શાહ મળ્યા. વિરાફ કાપડિયા નવી પેઢીનું પ્રતિનિધિત્વ કરતો કવિ છે. ઉંડા જોડણીની વાતોથી ત્રસ્ત અને શુધ્ધ જોડણીનો આગ્રહી કવિતાને સારી રીતે પરખતો, માણતો સરસ માણસ છે. મધુભાઈ શાહ તો આપણા મુંબઈના. તેમના બે કાવ્ય સંગ્રહોમાં માનવ સહજ કોમળભાવ અને ભક્તિ અભિવ્યક્તિ પામ્યાં છે.

૭મી સપ્ટેમ્બર મારી વર્ષગાંઠ. મેં અને સુશીલાએ અમારાં જન્મદિવસ ન જ ઉજવવા એ વર્ષોથી નક્કી રાખેલું. બાળકોના જન્મદિવસ ઉજવવાનું જરૂર રાખીએ. અપવાદ ઊભા કરવામાં જો કે કેટલી વાર ? સર્જક મિત્રોને ૫મી સપ્ટેમ્બરે, શનિવારે બોલાવ્યાં. સરસ મહેફિલ જામી ગઈ.

પન્નાબહેન નાયક તો હોય જ હોય. તેમના વગર અમે અલૂણાં. કિશોરભાઈ અને કોકિલાબહેન રાવલ, વિરાફ અને ડોલી કાપડિયા, નીલેશ અને ઉષા રાણા, મધુભાઈ અને વિશાખા શાહ, હરનિશ અને હંસા જાની – આ સર્જકો. સર્જકોને સાંકળતો અને ગુજરાતી સુગમ સંગીતનો અનન્ય આરાધક પુરુષોત્તમ ઉપાધ્યાય. તેને લઈને આવ્યાં ગૌરાંગ અને પદ્મજા મહેતા. ન આવી શક્યાં તે કિશોરભાઈ અને હંસાબેન દેસાઈ, સૂચિબહેન અને ગિરીશ વ્યાસ. અમારો પરિવાર: પુત્ર કૌશિક, પુત્રવધૂ વૈશાલી. દાદી પાસેથી સંસ્કૃત શ્લોકો શીખેલો અને દાદા કહે ત્યારે તુરત એ જ્ઞાનની જાણકારી બધાંને આપી દેવા આતુર અમારાં વહાલનો દરિયો પૌત્ર ઓમ અને મમ્મીને જ વિંટળાઈ રહેવામાં શ્રેય સમજતી અમારી પદ્મપાંખડી આર્યા પણ દાદાના ખોળામાં બેસી વચ્ચે વચ્ચે પોતાને પણ આવડે છે એ દર્શાવવા 'ૐ ભૂર્ભૂસ્વ:'નો ટહુકો કરી ભાગી જતી. કૌશિક અમેરિકામાં છે ત્યારથી મોટી બહેન જેમ તેનું ધ્યાન રાખતી અમારી મીઠડી ભાણેજ સ્મિતા અને શૈલેશ વારિયા અને સ્મિતાનાં સાસુ પણ. અમે બધાં તેમને બા કહી બોલાવીએ તે કાન્તાબહેન. અમારી બધાંની સેવા કરતાં ઇન્દુબહેન પટેલ તો પુરોષત્તમના ગામ ઉત્તરસંડાના. બધાંને આનંદ આવ્યો.

૧૩મી સપ્ટેમ્બરે ઈસલિન [Iselin] ન્યુ જર્સીમાં આવેલા "ગુજરાત દર્પણ"ના કાર્યાલયમાંના કાર્યક્રમમાં જવાનું બન્યું. આ નામથી ગુજરાતી માસિક બહાર પડે છે જેના તંત્રી સુભાષ શાહ છે. તેમના કાર્યાલયમાં દર મહિને બીજા રવિવારે 'ગુજરાત દર્પણ સાહિત્ય સભા'નું આયોજન થાય છે. આ એક સરસ કામ થાય છે. જાણીતા અને નવોદિત સર્જકો અહીં બેધડક પોતાની રચનાઓ રજૂ કરે છે. સુભાષભાઈ અભિનંદનને પાત્ર છે. આ સર્જકોની રચનાઓને "ગુજરાત દર્પણ"માં પ્રસિધ્ધ પણ કરવામાં આવે છે. આ માસિક આમ તો ધંધાદારી માસિક છે અને જાહેરખબરોની વચ્ચે આ સાહિત્ય પ્રગટ થાય છે. ગુજરાતીઓને મદદરૂપ ઘણી બધી માહિતી તેમાં પ્રગટ થાય છે. ગ્રોસરીના સ્ટોર્સમાં આ માસિક વિના મૂલ્યે મળે છે.

મુખ્ય મહેમાન તરીકે બેસાડી મારું સન્માન કર્યું. અને સુભાષભાઈના સંપાદનમાં પ્રગટ થયેલું પુસ્તક - 'દરિયાપારના સર્જકો'નું માહિતીપ્રદ પુસ્તક ભેટ આપ્યું. આ સભામાં સુરેન્દ્ર ગાંધી, ચંદ્રકાંત દેસાઈ, સરલાબહેન વ્યાસ, નીલેશ રાણા, આર ડી.પટેલ, પ્રવીણ પટેલ, હરનિશ જાની, હંસાબહેન જાની, વિમળાબહેન હીરપરા, મધુ શાહ, કૌશિક અમીન, સુધાકર બચ્ચે, ભાનુભાઈ ત્રિવેદી, ભગવતીબહેન શાહ, અમૃત હજારે, સુનીલ શાહ, શશીકાંત પરીખ, સુધાકર ભટ્ટ, તેમ જ નાટયકાર શૈલેશભાઈ ત્રિવેદી વગેરે ઉપસ્થિત હતાં. આર.ડી. પટેલના પુસ્તક, 'મને બધું આવડે'નું કૌશિક અમીનના હસ્તે લોકાર્પણ થયું. કૌશિક અમીન પત્રકાર અને લેખક છે. આ પુસ્તકની પ્રસ્તાવના ધીરુબહેન પટેલે લખી છે.

જેમની નિકટ આવવા અમને તક મળી તેવાં થોડાં સર્જકોને માણીએ :

પન્નાબહેન નાયકની સર્જક પ્રતિભાથી આપણે અજાણ્યાં નથી. કાવ્યો, વાર્તા સંગ્રહો, લેખો દ્વારા સતત આપણી વચ્ચે રહ્યાં છે. તેમણે અમને 'વિદેશિની' - સમગ્ર કવિતાનો સંગ્રહ આપતાં લખ્યું હતું : 'સમગ્ર કવિતા થઈ, કાવ્ય પૂર્ણ ક્યારે થશે ?!' સર્જકની આ શુશ્રૂષા અને તાલાવેલી અંતિમને આંબવાની આતુરતા જ તેને મળેલી મહામૂલ્ય મૂડી છે.

તેમનું એક કાવ્ય માણીએ :

સૂકા વૃક્ષની,
સડી ગયેલી ડાળી પર
પાંખોરહિત બે પક્ષીઓ
બેઠાં બેઠાં જુએ છે
નીચે
જમીન પર
પાનખરનાં
વીખરાયેલાં પર્ણોમાં
એક મનુષ્યને
એનો હાથ શોધતો. ..

આ કવયિત્રી વેદનાને ગુલાબી ચેરી બ્લોસમ્સ જેમ વેરે છે. તેમનાં સંવેદનના આ શબ્દો જુઓ :

'અમેરિકામાં રહું છું અને ભારત છોડયું નથી. અવારનવાર ભારત આવું છું, પણ અમેરિકા છૂટતું નથી. કવિતા લખતી ન હોત, તો અમેરિકામાં ટકી શકી ન હોત. કવિતાએ મારું ભારતીયપણું અને ગુજરાતીપણું જાળવી રાખ્યું છે.'

કિશોરભાઈ રાવળનો વાર્તા સંગ્રહ 'અમે ભાનવગરનાં' ૨૦૦૫માં પ્રગટ થયો. ચિનુ મોદીના શબ્દમાં કહીએ તો :

'અમેરિકામાં રહીને પણ જેણે ભાવનગરની બોલીને અકબંધ સાચવી છે, તેવા સર્જકનું પ્રસન્ન થવાય એવું ગુજરાતી ગદ્ય. આ ઉપરાંત તેઓએ વર્ષો સુધી ગુજરાતી બ્લોગ "કેસૂડાં"નું સંપાદન કર્યું છે અને તેમાં શબરીના બોર વિભાગને કોકિલાબહેને સફળતાથી સંભાળ્યો હતો. વયના ભાર વગર, પ્રસન્નતાનાં પર્યાય સમું આ યુગલ છે.

તેમની વાર્તા 'ઘરશાળા'નો એક ગદ્યખંડ વાંચીએ :

લોકો કહે કે જૂના દિવસો સોનાના ઈ વાત તો સાવ સાચી. આજે આટલાં નાટક-ચેટક, સિનેમાઉં છે અને ઓછું હોય તેમ રેડિયો-ટીવી પણ ઘેર ઘેર થઈ ગયાં અને તો ય લોકોને ધરવ નો થાય. અમે નાનાં હતાં ત્યારે ઘર આગળ વાંદરું લઈને બજાણિયા નીકળે કે સાપના કરંડિયા લઈને મદારી નીકળે તો બે કલાક નીકળી જાય. ગધાડિયા ખેતરમાં બે ગોરા સાહેબ ને એક મઢમડી વિમાનમાંથી ઊતર્યાં ત્યાં તો ગામમાં દેકારો થઈ ગયો. તાજિયા ટાણે ન થાય તેવી ગરદી થઈ. ગામ આખું ઈ જોવા ઊભરાણું. બલૂન ઊપડયું ત્યાં સુધી એક અઠવાડિયું એનો ગોકીરો ચાલ્યો.'

હવે વાત કરીએ મુંબઈમાં નાના મોટા થયેલા વિરાફ કાપડિયાની : ફોનથી તેને આવવા કહ્યું

તો પૂછે સાહિત્યની વાતો કે કાવ્યપઠનનો કાર્યક્રમ રાખ્યો હોય તો હું એકલો આવું, કારણ કે મારી પત્ની ડોલીને તેમાં કાંઇ સમજાશે નહીં. તો તેને કંટાળો આવશે. કાર્યક્રમ તો મળી હળી વાતો કરવાનો હતો અને એકબીજાથી વધુ પરિચિત થવાનો જ હતો. વિરાફ અને ડોલી મોડાં આવ્યાં અને સુશીલાએ તેનું સ્વાગત કરી ભેટતાં કહ્યું : 'મરે રે આય ભૂલો પરિયો કે સું ?'

અપરિચિતતાનાં વાદળાં વિખરાઈ ગયાં. ડોલી માટે વરજીએ દર્શાવેલી શંકા સોહ્ની ડોલીએ દૂર કરી દીધી. ઘણીવાર મને થાય છે કે બેતાલીશ વર્ષનાં અમારાં લગ્નજીવન છતાં પત્નીને પૂર્ણતઃ જાણું છું એવો દાવો કરવા જતાં મારે પણ છોભીલાં પડવું પડે તે વધારે સત્ય છે.

વિરાફ સાર્થ જોડણીમાં માને છે, પરંતુ ઉંઝા જોડણી સમર્થક ઉત્તમ ગજ્જર અને હરનિશભાઈ જાનીના સંપાદનમાં "સન્ડે મહેફિલ"માં પ્રગટ તેમની એક કવિતા :

કાલે

કાલે હું મારા પિતાને મળવા જવાનો છું:
એમની સાથે બેસીને મઝેદાર ચા પીવાનો છું.
ઈશાનની ઉઘાડી બારીએથી તડકો આવશે,
એમની આરામખુરશીને અડધી આવરશે.
મોગરાનાં ઓસ-ધોયાં ફૂલો પવન સૂકવશે;
શરબતી ચકલી પૂંછડી ઉંચકીને કલબલશે.
મારી પાસે કાંડાઘડિયાળમાં જોવાનો સમય નહીં હોય.

મારી પાસે કાંડાઘડિયાળ નહીં હોય,
કોઈ અગત્યનું કામ નહીં હોય.
કેઈને મળવાની દોડધામ નહીં હોય.
એ વાતો કહેશે જીવનની,
હું બચપનના કિસ્સાઓની યાદગારો દઈશ.
જૂના ચિર-વિસ્મૃત ચહેરાઓ ચિતરાશે;
માતા પણ આવી જોડાશે,
એક અચંબો મારા પ્રશ્નોમાં હશે;
સૂર્ય ઉત્તરમાં હશે.
કાલે આ કાલ જરુર આવશે.

ડોલીએ આ કવિતા વાંચી હશે તો વિરાફ સાથે આવવાની કાલને જરૂર મળશે.

નીલેશ રાણા : મુંબઈમાં અમારાં પાડોશી. અમેરિકામાં પણ પાડોશી કહી શકાય. તેમની કવિતાઓ તો તેઓ 'સાહિત્ય સંસદ'માં રજૂ કરી ગયા છે. તેમની વાર્તાઓ પણ વાંચી ગયા છે. નીલેશભાઈએ તે દિવસે અમને આપી તેમની નવલકથા 'વર્તુળના ખૂણા' કાવ્યમય શીર્ષક. નિખાલસ અને સાલસ સ્વભાવના નીલેશભાઈ શીર્ષકનું સૌજન્ય સ્વીકારતાં પુસ્તકની વિગત આપતાં પ્રથમ પાને છાપે છે - શીર્ષક : સૌરભ શાહના કાવ્યને આધારે.

ડાયસ્પોરા સર્જકની મથામણ તેમના શબ્દોથી જાણીએ. - સરખાવો પન્નાબહેનના શબ્દો. તેમની નવલકથાની પ્રસ્તાવનામાંથી થોડાં અંશ જોઈએ :

કદીક ભારતીય, કદીક અમેરિકન બની duel personalityમાં જીવતા અમને હું સેન્ડવિચ જનરેશન' કહેવાનું પસંદ કરીશ. અમારાં વડીલો, ... અમારાં બાળકો વચ્ચે રોપાયેલું, વહેંચાયેલું અમારું અસ્તિત્વ. ... માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ, કર્મભૂમિનું લેણ. ... અજબ ખેંચાણમાંથી ઉદ્ભવતી લાગણીની અનુભૂતિ. ...

આહીંનો નથી ને હું ત્યાંયનો નથી.
લાગે છે મને હું હવે ક્યાંયનો નથી.

અને પછી રંગીન અમેરિકા, સંગીન અમેરિકામાં રહેતાં ભારતીયો માટે તેઓ લખે છે:

હાસ્ય જુદાં જુદાં, વ્યથા એક શી,
ચહેરાં જુદાં જુદાં, કથા એક શી.

અંતે આ નવલકથા માટે એટલું જરૂર કહીશ કે તે વાંચનક્ષમ અને રસપ્રદ બની છે.

નીલેશભાઇ અને ઉષાબહેનની આંતરસૌરભ, તે દિવસે તેઓ આપી ગયેલાં પુષ્પગુચ્છથી અનેકગણી અદકી છે.

મધુભાઇ શાહને નિમંત્રણ આપ્યું, પછી સંકોચપૂર્વક તેમણે પૂછ્યું, મારાં પત્ની પણ સાથે આવી શકે ? મેં કહ્યું એમ જ હોય. તમારે બન્નેએ આવવાનું છે. મધુભાઇની આ વાતથી મને એક પ્રસંગ યાદ આવી ગયો. પન્નાબહેન મુંબઈમાં હતાં, ઉત્પલભાઇ અને કલ્યાણીબહેન ભાયાણીએ પન્નાબહેન, ધીરુબહેન પટેલને જમવાં નોતર્યાં. મને પણ ફોન આવ્યો કે જમવા આવો. મેં જવાબ આપ્યો કે હું તો અહીં જ છું, એટલે મારા માટે આગ્રહ નહીં રાખો. ઉત્પલભાઈએ ધીરુબહેનને વાત કરી. ધીરુબહેને તેમને તરત જ પૂછ્યું, તમે કનુભાઇ એકલાંને કહ્યું હતું કે સુશીલાબહેનને પણ ? ઉત્પલભાઇનો સુધારેલી આવૃત્તિ સાથે ફોન આવ્યો અને અમે બન્ને ગયાં. ઉત્પલભાઇને મળીશ ત્યારે તેમને આ વાત જરૂર કહીશ.

મધુભાઇને મારી જેમ ખબર હશે જ કે વિશાખાબહેન સાથે હોય છે ત્યારે તેમને વિશ્વ સંગીતમય લાગે છે. અમે ઘણાં બધાં જ્યારે ડેક પર બેસી વાતો કરતાં હતાં ત્યારે મધુભાઇ પ્લેયરમાંથી પથરાતાં સંગીતની તાનમાં ડૂલ હતા. વિશાખાબહેનની રસવૃત્તિનો પરિચય તેમનાં મહેમાન બની, તેમણે અને તેમની પુત્રવધૂએ શ્રમ લઇ બનાવેલી વાનગીઓ આરોગી, ત્યારે અમને થયો.

હરપલ યહાં જી ભર જીયો : આ શબ્દોથી જેણે મને મારા જન્મદિનની વધાઇ આપી તે ઉત્સાહ અને જીવનથી ધબકતો, મળતાં જ મનગમતો બની જાય તેવો જીવરો માણસ એટલે હરનિશ જાની.

તેમનો પરિચય તેમના જ શબ્દોમાં :

મારું લખાણ એ જ મારો પરિચય. હું લખું છું દિલથી અને બોલું છું પણ દિલથી. (એટલે તો પાંચ વાર એન્જિયોપ્લાસ્ટી અને એક વાર ડબલ બાઈપાસ કરાવવી પડી !) હું મારી જાતને ગુજરાત એક્સપ્રેસ(ટ્રેન)નું સંતાન ગણાવું છું. તેથી તો મને લોકો ગમે છે, વાતો ગમે છે. વાતોનો ભૂખ્યો છું. મારા હાસ્ય વાર્તાસંગ્રહ 'સુધન'ને અમેરિકા, ઇંગ્લેન્ડ અને ગુજરાતમાં પણ સારો આવકાર મળ્યો. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગરે તેને પુરસ્કૃત કરી તેની ખાસ નોંધ લીધી અને ગુજરાતી સાહિત્ય પરિષદના વિદ્વાનોએ પણ સારો આવકાર આપ્યો. આ હળવા નિબંધો ('સુશીલા') પણ સૌને ગમશે.

અમે - મેં અને સુશીલાએ - તેમના બન્ને સંગ્રહો વાંચ્યા. અમારા મનનો ખજાનો આનંદથી તરબતર ભરાઇ ગયો. આ અંગે પ્રતિભાવ આપતાં મેં તેમને જણાવ્યું કે હું વિવેચક નથી પરંતુ સાહિત્ય મારો પ્રેમ છે એટલે ભાવક તરીકે તમારી વાર્તાઓ મૂલવવાની પેરવી કરું તો તમને શ્રેષ્ઠ વાર્તાકારોમાંના એક તરીકે મૂકવા મન થાય છે. એટલા માટે નહીં કે તે વાર્તાઓ હાસ્ય નિષ્પન કરે છે પરંતુ આ વાર્તાઓમાં વાસ્તવનું વ્યંજનાત્મક નિરૂપણ કરવાનું કામ તે હાસ્ય કરે છે. વેદના અહીં રડતી નથી, દબાયેલાં ડૂસકાં સાથે એ હસે છે. ઘણાં સમય પછી વાર્તાના આ અભિગમને માણવા મળ્યો.

હંસાબહેન પણ વાર્તાઓ લખે છે. દંપતીને પછી તો મળતાં રહ્યાં અને તેમને નિત નવીન પામતાં રહ્યાં.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા જેમનાં કાવ્યસંગ્રહ 'છોળ'ને શ્રેષ્ઠ કાવ્યસંગ્રહનો પુરસ્કાર મળ્યો હતો, ગુજરાતના પ્રથમ પંક્તિના ચિત્રકાર ને શ્રેષ્ઠ ફોટોગ્રાફર તરીકે પ્રતિષ્ઠિત અને પ્રતિભાવાન વ્યક્તિત્વવાળા ઇટલીમાં સ્થાયી થયેલા પ્રદ્યુમ્ન તન્નાનું દેહાવસાન થયું. તેમને શ્રધ્ધા સુમન અર્પવા સાહિત્યસર્જકો અને સાહિત્ય પ્રેમીઓ ફિલાડેલ્ફિયામાં કિશોરભાઇ દેસાઇને ત્યાં મળ્યાં.

પ્રદ્યુમ્નભાઈ અને તેમનાં પત્ની રોઝાલ્બા ઇટલીના જે શહેર કોમોમાં સ્થાયી થયાં હતાં તે ઉપરની એમની કવિતા વાંચીએ :

રાત્રિ ટાણે 'કોમો'

નીતર્યું પણ અતિ ગાઢું
છે આજ રાત્રિનું આભ.
અલોપ થઇ ગયા છે ડુંગરા,
અવકાશ મહીં
લટકાતાં છોડી
તેજના ઝુમખાં,
ટોચનો તર્પણ-ક્રોસ,
ને બારાદેલ્લો-બુરજના
સ્તબ્ધ રૂપેરી માળખાં.

કેથેડ્રલનો ભારેખમ ગુંબજ
પણ અધ્ધર ભાસે છે
અંધારી દીવાલો થકી .. ..
કેવળ કાંઠાની વંકાતી
પાળી થકી વરતાતાં શ્યામલ જલ
આંક્યા કરે છે વણથંભ,
અરબી શા
ધોળાં
પીળાં
લાલ
ભૂરાં
આળેખ.. ..

કિશોરભાઇ દેસાઇ, હરનિશ જાની, કનુભાઇ સૂચક, સૂચિ વ્યાસ, વિરાફ કાપડિયા વગેરેએ પ્રદ્યુમ્નભાઇનાં કાવ્યો વાંચ્યાં તેમ જ તેમની અમેરિકા મુલાકાતના ફોટાઓ સાથે સ્મૃતિ વાગોળી. એક વિરાટ શમી ગયાની લાગણી સાથે સહુ છૂટા પડયાં.

કિશોરભાઇ દેસાઇ “ગુર્જરી ડાયજેસ્ટ” - ત્રૈમાસિકનું વીસ વર્ષથી સંપાદન કરે છે. આ ત્રૈમાસિકથી અનેક પ્રતિષ્ઠિત અને નવોદિત સર્જકોને અભિવ્યક્તિની યોગ્ય તક મળી છે. સાદગી અને નમ્રતા કિશોરભાઇની ઓળખ છે.

હવે પાનખર શરૂ થઇ ગઇ છે. સહેજ ઠંડીનો ચમકાર આવતાં દિવસોના વરતારા આપી જાય છે. બે વૃક્ષો વચ્ચે બાંધેલ હેમોક ઉતારી લીધો છે. વરસાદ મહેમાનની જેમ આવતો તે આજકાલ અમારી જેમ ડેરાં નાખી વરસ્યા કરે છે. ઘરના ડેક પર પીળાં પચ્ચક પાંદડાઓના ઢગ સહેજ તડકો નીકળતાં સાફ કરું છું, ત્યારે એક કવિની પંક્તિઓ યાદ કરું છું :

રોજ સવારે હું
મૃત્યુને મારું આંગણું
સાફ કરતું જોઉં છું
જેથી કંટક રહિત
ચાલી શકે
જીવનના ચરણ.

અમારાં બે ભૂલકાં મન થયે અહીં રમી શકે તે માટે જીવનના આરે પહોંચેલાં અમે નવ્ય જીવનની કાળજી લઇએ છીએ.

વૃક્ષો પણ આ જ આ સંદેશ આપે છે. ખરી પડનારાં પાન લગભગ ખરી ગયાં છે. બચ્યાં છે તે ઉત્સવ ઉજવવા નવાં રંગના વાઘાં પરિધાન કરે છે. વૃક્ષોના જથ્થાને દૂરથી નિહાળો તો આ રંગલીલાનું સૌંદર્ય મન હરી લે. અમેરિકાની આ રંગલીલા ખરેખર અદ્‌ભૂત હોય છે. ફૂલ અને પાંદડા, તેની વિવિધ જાત, આકાર, રંગ - બધાંમાં વૈવિધ્ય. જ્યાં સુધી એ જોયું ન હોય ત્યાં સુધી એ વર્ણનથી પામી ન શકાય. અહીં ઘાણું બધું સારું છે. જળ, હવા, સ્વચ્છતા, સુવિધાઓ, અમારાં બાળકો પણ. પન્ના નાયકની બે પંકિતઓ :

અહીં બધું જ છે
છતાં કંઇ જ નથી.

હવે મન મુંબઇ જવા આતુર છે. ત્રીસમી ઓક્ટોબર સુશીલાનો જન્મદિવસ. ફરી એ ઉજવીએ છીએ. પરિવાર સંગ. હરનિશભાઈ અને હંસાબહેન હવે પરિવાર સમ જ બની ગયાં છે. વિપુલ કલ્યાણી આવવાના હતા એટલે તેમને મળવા કિશોરભાઈ દેસાઈ પણ આવવવાના હતા. વિપુલભાઈ ન આવી શક્યા એટલે કિશોરભાઈ પણ ન આવ્યા. સૂચિ વ્યાસ, શોભિત દેસાઇને લઈ આવવાના હતાં. પરંતુ ભારતથી અમેરિકા આવતા જ શોભિતની તબિયત અસ્વસ્થ થઇ ગઈ અને તે ભારત પાછા ફર્યા.

૨જી નવેમ્બરની ટિકિટ છે. આજે ૧લી નવેમ્બર છે. ઘર છોડીને ઘેર જવાનું છે. ઓમ અને આરિયા સાથે વિતાવેલ સમયનો નિર્ભેળ આનંદ મનની મંજૂષામાં સંચિત છે. મને મારાં જ એક કાવ્યની પંક્તિઓ યાદ આવે છે :

હૈયાની ટોપલીમાં ઇન્દ્રધનુ રંગો છે,
કેને છોડું ને કેને રાખું.

આ દ્વિધાનું સમાધાન આનંદના પર્યાય પસંદ કરવાની પરિસ્થિતિમાં અત્યંત અઘરું છે.

ખેર ! બિસ્ત્રા-પોટલાં બંધાઈ ગયાં છે. આજે રવિવાર છે. ઓમ અને આરિયા સાથે કૌશિક અને વૈશાલી કોઈ અન્ય ભૂલકાની જન્મદિવસ ઉજાણીમાં જવાનાં છે. હરનિશભાઈ, હંસાબહેન, વિપુલભાઈ કલ્યાણી અમને બન્નેને લેવા આવ્યાં. તેમની સાથે મોટરમાં જતાં લગભગ બે કલાક લાગે ત્યાં નરેન્દ્રભાઈ લાખાણીના બંગલે-મહેલે જવાનું છે. શોભિત દેસાઈ ‘સ્વથી સર્વ’ ગુજરાતી ગઝલ યાત્રા કરાવવાના હતા. પરંતુ તેમની અસ્વસ્થ તબિયતના લીધે તેને ભારત પાછા ફરવું પડયું. વાચંગ - ન્યુ જર્સી જવાનું હતું. નરેન્દ્રભાઈનો બંગલો પર્વતમાળાના એક શિખર પર સ્થિત છે. ત્યાં પહોંચતા પહેલાં પર્વત ચઢતાં રસ્તાની બન્ને બાજુ મેપલનાં સુંદર વૃક્ષોની હારમાળા જાણે અનન્ય રંગદર્શી બિછાત. ખીણમાં જોતાં પથરાયેલી સૌંદર્યશ્રી આંખોથી અસ્તિત્વને આનંદ સ્વરૂપ બનાવી દેતી હતી. ભારતમાં આ અનુભૂતિ અમે સિક્કિમમાં કરી હતી. બપોરે ત્રણ પહેલાં જ અમે પહોંચી ગયાં. મનમાં આનંદ અને શરીર ગુલાબી ઠંડી માણે. સ્વસ્થ પ્રસન્નતાથી વાતાવરણ ભર્યું ભર્યું. ત્રણ વાગે શરૂ થવાના કાર્યક્રમ પહેલાં જ અમે પહોંચી ગયાં.

નરેન્દ્રભાઈ અને રામ ગઢવીએ ઉમળકાથી અમને આવકાર્યા. ઘણાં બધાં સર્જકો - ભાવકોની ઓળખાણ કરી. અહીં મધુ રાય મળ્યા, મધુસૂદન કાપડિયા, ચંદુ શાહ, રજની શાહ, અશોક મેઘાણી, હસમુખ બારોટ, પ્રવીણ પટેલ, બાબુભાઈ સુથાર તેમ જ અન્યોની ઓળખાણો થઈ.

કાર્યક્રમમાં શરૂઆતે ગઝલ યાત્રાને બદલે ચંદુ શાહે રમેશ પારેખની ‘આલાખાચર’ પરની કવિતાના આધારે એક પ્રહસન એકાંકી તૈયાર કરી ભજવ્યું.

રજની શાહે એક નવી વિભાવના સાથે કાલિદાસના ‘કુમાર સંભવ’માંથી વિચારબીજ લઈ આધુનિક - વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી એકાંકી નાટક ફાઇલ નંબર ૧૨૨૬ ખૂબ જ સરસ રીતે ભજવ્યું. હસમુખ બારોટનો અભિનય અત્યંત સહજ અને ઉત્તમ હતો.

આ પછી મધુસૂદન કાપડિયાએ ખૂબ જ સુંદર સમીક્ષા કરી. સમીક્ષા દ્વારા એમની વિદ્વત્ દ્રષ્ટિનાં દર્શન પ્રભાવિત કરે તેવાં હતાં. આ પછી વિપુલભાઈનો પરિચય પન્નાબહેને કરાવ્યો. વિપુલભાઈની વાણીનું જોશ દરિયાપારના ગુજરાતી સર્જકોના સાચા પુરસ્કર્તા અને તે માટેનો તેમનો ભેખ દેખાઈ આવતો હતો. તેમની વાણીમાં સત્યનો રણકાર અને વાસ્તવના સ્વીકાર પ્રખર ઉદ્‌ઘોષ જેમ ગુંજતો હતો.

આ પછી પન્નાબહેને મારો પરિચય આપ્યો. મેં મારા પ્રવચનમાં મુંબઈમાં આપણી સાહિત્યિક પ્રવૃત્તિઓ વિષે વાતો કરી. અંતમાં મેં કહ્યું કે દરિયાપાર વસતાં સર્જકોએ ગુજરાતના સર્જકો કે સંસ્થાઓના મતની પરવા કર્યા સિવાય પોતાનું સર્જન-કર્મ ચાલુ રાખવું જોઇએ અને મધુસૂદન કાપડિયા અને અન્ય પ્રતિષ્ઠિત સર્જકોનું માર્ગદર્શન મેળવવું જોઇએ.

નરેન્દ્રભાઇભાઇને ત્યાં ભોજન લઈ, રાત્રે ઘેર પહોંચ્યાં, વિપુલભાઈ અને હરનિશભાઈ અમારી સાથે થોડી વાર બેસી અને ગયા.

પાંચમાં ધોરણમાં, એટલે કે લગભગ ૧૯૫૦માં, કપિલરાય સાહેબ નાગરી શુધ્ધતાથી, પોતાના કોમળ અવાજમાં ૨૦૦ વિદ્યાર્થીઓને પ્રાર્થના ગવડાવે. ત્યારે માઇક પણ નહીં, પરંતુ કપિલભાઈના હારમોનિયમને સૂર અપાય એટલે બધી જ કલબલ બંધ. કપિલભાઈનાં મીઠાં સૂરમાં વહે ... ‘એક જ દે ચિનગારી, મહાનલ એક જ દે ચિનગારી. એક જ દે ચિનગારી. જામગરીમાં તણખો ન પડયો ન ફળી મહેનત મારી. મહાનલ એક જ દે ચિનગારી.’ “ગુજરાત દર્પણ”ની સભામાં આ કાવ્યના સર્જક સ્વ. હરિહર ભટ્ટના એક પુત્ર સુધાકરભાઈએ પિતાતર્પણની શુભ ભાવનાથી તૈયાર કરેલા કાવ્ય સંગ્રહ અને ગીતોની સીડી આપી હતી.

વયના બહાને મનમાં ઘર કરી ગયેલ ઉદાસિન વૃત્તિ, થાક બધું જ ગયું. શરીર ચાલે ત્યાં સુધી વ્યસ્ત રહેવાનો ઉત્સાહ લઈ, બીજે દિવસે અમે મુંબઇ આવવા નીકળી પડયાં.

કવિને આવી ચિનગારી જ અભિપ્રેત હશે ને !!!

[Vidya Vinay Vivek Society, 3 Vivek,
185 S.V.Road, Vile Parle (w)
MUMBAI - 400 056, India]

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ......

ડાયસ્પોરાના એક ભારે અગત્યના સામિયક, "આવાઝ"ના, સન ૨૦૦૯ દરમિયાન, પુસ્તક ૬, અંક ૨માં, કેન્યાટા યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના ગોર્ડન ઑનિયાન્ગો ઓમેન્યા તથા મિલ્ડરેડ એ.જે. ન્ડેલેનો એક લેખ, 'એશિયન ડાયસ્પોરા ઈન ન્યાન્ઝા પ્રૉવિન્સ ઑવ્ કેન્યા' પ્રકાશિત થયો છે. આ સરસ લેખમાં, એક ફકરો આમ છે :

By 1903, the Asian traders brought exotic goods into the indigenous market. There were bicycles, iron sheets, blankets and clothes, which they sold to Africans in Ndere, Kadimo, and Yala. With this kind of trade and engagement, the traditional barter system was gradually replaced by the money economy in which the Indian rupee, locally known as *rupia* was the medium of exchange. The consuming habits of the local inhabitants also changed forever and shifted from the culturally acceptable grass thatched structure to a corrugated iron sheet house. Their dressing habits also changed as they moved from wearing of hides and skins to a Dutch - manufactured *kanga* with deep Indonesian influence. The Asians also employed Africans as fishermen and taught them how to make and sail dhows.

વારુ, આ પાંચ રૂપિયાની નોટનું ચિત્ર આજકાલનું નથી; ભલા માણસ, તે સન ૧૯૦૮ના અરસાનું છે. તેને ય હવે ૧૦૨ વર્ષ થયાં. ઝાંઝીબારી શાસન દ્વારા બહાર પડેલી આ નોટ પરે અંગ્રેજી અને અરબી ઉપરાંત ફક્ત ગુજરાતીમાં જ લખાણ જોવા સાંપડે છે. પૂર્વ આફ્રિકાના બીજા દેશોની આવી ચલણી નોટો પરે આવાં જ લખાણના મારા જેવા અનેક સાક્ષીઓ આજે ય મોજૂદ છે. ગુજરાતી વસાહતની વેપારવણજ ક્ષેત્રે પહેલી હરોળે જે પક્કડ હતી તેનું જ આ દ્યોતક હોઈ શકે છે. જો કે આવાં સામર્થ્ય વિશે જોઈએ એટલી માત્રામાં સંશોધનકામ થયું નથી. આ કામ કરવા જેવું છે.

જંગબાર ઉપરાંત, મટવારા, મોમ્બાસા, બેરા, ડરબન જેવાં જેવાં સ્થળોએથી આપણી વસાહતના એ અગ્રસૂરિઓએ, કરોળિયાનાં જાળાની પેઠે, ચોમેર વેપારવણજનો વિસ્તારે પથારો કરેલો. કેટકેટલા લોકોએ દક્ષિણ, પૂર્વ તથા મધ્ય આફ્રિકાના વિવધ અંતરાલ પ્રદેશોમાં પણ પ્રવેશ કરેલો અને ધંધોધાપો વિકસાવેલો. આપણે ફક્ત પૂર્વ આફ્રિકાની જ વાત લઈએ તો આ અગ્રસૂરિઓમાં થારિયા ટોપણ, કરીમજી જીવણ, અલીદ્દીના વિસરામ, અલીભાઈ મુલ્લા જીવણજી, તૈયબઅલી મુલ્લા જીવણજી, નાનજી કાળિદાસ મહેતા, વિઠ્ઠલદાસ અને હરિદાસ માધવાણી જેવા જેવા જરૂર આવે. તેમાં મણિલાલ અંબેલાલ દેસાઈ, જે.બી. પંડ્યા વગેરે પણ સમાવિષ્ટ છે. અંગ્રેજ શાસકોને ય આમાંના કેટલાકે રાજકાજ કરવાને ધીરાણ કરેલું. આવાં શક્તિ સામર્થ્યની જ આ તાસીર સમજવા જેવી છે.

આફ્રિકાના પૂર્વ કિનારાનો કેટલોક પ્રદેશ એક વેળા મુંબઈ પ્રાન્ત હેઠળ મુકાયો હતો, તેની સાહેદી ઈતિહાસને પાને ચોખ્ખીચટ્ટ જોવાવાંચવાની સાંપડે છે. એડનનો વિસ્તાર, તેમ ઝાંઝીબારનો ય વિસ્તાર તેમાં સામેલ. અને અહીં લેતીદેતી માટે સ્વાભાવિક રૂપિયાનું ચલણ જ હતું. આ ઉપર દર્શાવી નોટ પરે ય રૂપિયાની જ વાત છે. તે પછી, વરસો કેડે, શિલિંગનું ચલણ આવેલું, ત્યારે પણ લાંબા સમયગાળા સુધી ગુજરાતીનું લખાણ આવી નોટો પરે જોવા મળેલું જ છે.

હવે સવાલ થાય : અર્થતંત્ર પરની આવી મજબૂત પકડની અસર, ભલા, હવે ક્યાં ગાયબ થઈ ? આપણા વેપારી આલમમાં ચોપડા લખવાનો રિવાજ ગુજરાતીમાં હતો અને તે હજુ હમણાં સુધી ચાલુ હતો. જેમ જેમ આ ચોપડાઓ અંગ્રેજીમાં લખાતા ગયા, તેમ તેમ, વેપારવણજની જમાત મુખ્ય પ્રવાહમાં વહેતી થવા લાગી. શાસકોને એ ભાવતું લાગ્યું; અને તેની અસર આવાં ચલણ પરે ય પડી. ત્યાંથી ગુજરાતી જેમ ગાયબ તેમ નિશાળોમાં માધ્યમ તરીકે તેમ જ એક વિષય તરીકે ભણાવાતું ગુજરાતી પણ ગાયબ થઈને રહ્યું. આપણી જમાતે દેખીતા પશ્ચિમિયા વાઘા ચડાવી લીધા !

જગતને પટ પરે ગુજરાતી ક્ષમતા સ્પષ્ટ છે. અર્થતંત્રમાં તેનો ડંકો બજતો રહ્યો છે. આ બધું અકબંધ છે, જરૂર. તેનું બડુંમોટું ગૌરવ પણ છે. પરંતુ, હવે તો, મારા મહેરબાન, વાસ્તવિક પરિસ્થિતિ એવી છે કે મુંબઈમાં ય વેપારવણજ ક્ષેત્રે ગુજરાતી સરિયામ ગાયબ છે. તેની અસર સમાજ પરે અને શિક્ષણતંત્ર પરે સ્પષ્ટ દેખાય છે. આવું આવું કોલકોતા, ચેન્નઈ, કોઝિકોડે ઈ. ખાતે ય હોઈ શકે છે. ગુજરાતની રાજભાષા ગુજરાતી હોવાનું જાણીતું છે; પરંતુ, વેપારવણજને ક્ષેત્રે ગુજરાતી સંકોચાતી ચાલી છે. જાગતિક વાયરો સૂનામીની પેઠે વંટોળાયો છે અને અંગ્રેજીની ઘેલછાએ ચોમેર કબજો લેવા માંડયો છે. આ મુદ્દે શાસનતંત્રમાં દૂરંદેશીનો અભાવ હોય તેમ વર્તાય છે, કેમ કે શિક્ષણતંત્રમાં તેના સીધાં વરવા પડઘા પડ્યા જ છે. ને છતાં બડેખાંઓનાં પેટનું પાણી સુદ્ધાં હાલતું હોય તેમ લગીર વરતાતું નથી !

જાગતિક વેપારવણજને ક્ષેત્રે અંગ્રેજીની સરસાઈ છે. પણ જોવા જેવું અચરજ તો એ છે કે વિલાયતની અગ્રતા દેખીતી ઘટતી હોવા છતાં, પહેરવેઓઢવે, ખાવેપીવે અંગ્રેજિયત લાંબા કા...ળ સુધી, વિના રોકટક, રાજ કરતું જ રહેવાનું છે. આ જુઓ ને, એશિયા, આફ્રિકાના વિષુવવૃત્તના પ્રદેશો હોય તો ય પેલાં થ્રી પીસ સૂટ અને નેકટાઈ સુદ્ધાં ચોમેરે જોતાં જ રહેવાય !!

એ તો સાપ ગયા અને લિસોટા રહ્યાનો જ ઘાટ થયો !

વાંદરા અને મગરની વાર્તા: તપાસપંચનો અહેવાલ

• ઉર્વિશ કોઠારી

‘બાર વર્ષે બાવો બોલ્યો, જા તેરા સત્યાનાશ હો’- આ જાણીતી કહેવત છે, પણ એ કહેવતમાં બાવો કોણ છે એ ઘણાને સમજાતું ન હતું. અનેક તપાસપંચોની તાસીર જોયા પછી લાગે કે એ બાવો નક્કી કોઇ તપાસપંચનો અધ્યક્ષ હોવો જોઇએ અને એક્સ્ટેન્શન પર એક્સ્ટેન્શન લઇને તેણે આટલું એક વાક્ય બોલવામાં બાર વર્ષ ખેંચી કાઢ્યાં હશે. તપાસપંચો ઉપર વધુ પ્રકાશ ફેંકતી એક સુધારેલી બાળવાર્તા.

***

એક હતો વાંદરો. એ ઝાડ પર રહેતો હતો. એક મગર હતો. એ તળાવમાં રહેતો હતો. બન્ને પાસે રેશનકાર્ડ કે રેસિડેન્શ્યલ પ્રૂફ નથી એવું તેમની જુબાની પરથી માલુમ પડ્યું છે. (પંચની પહેલી મુદત સમાપ્ત. એક્સ્ટેન્શન.)

વાંદરો ખરેખર વાંદરો જ હતો અને મગર ખરેખર મગર જ હતો, એ વિશે પણ સોગંદપૂર્વક કહી શકાય નહીં. કારણ કે બન્નેના ડી.એન.એ. ટેસ્ટની પરવાનગી મળી ન હતી. (બીજી મુદત સમાપ્ત. એક્સ્ટેન્શન.)

આ બન્ને ટેરરિસ્ટોના સ્લીપિંગ સેલના સભ્યો હોવાની દિશામાં આંગળી ચીંધતી કેટલીક હકીકતો મળી આવી છે. જેમ કે વાંદરો દાઢી જેવું રાખે છે ને તેના માથે ટોપી જેવું હોય છે. મગરનો દેખાવ જ હિંસક લાગે છે અને એટલું પૂરતું છે. મગરની ચામડી નેતાઓ જેવી હોવાના આરોપ વિશે પણ વધુ તપાસ જરૂરી છે. (ત્રીજી મુદત પૂરી. એક્સ્ટેન્શન.)

વાંદરો જાંબુના ઝાડ પર રહેતો હતો. એને જાંબુ બહુ ભાવતાં હતાં, કારણ કે તેને એ મફત મળતાં હતાં. મગરને પણ જાંબુ બહુ ભાવતાં હતાં, કારણ કે તેને એ ખાવા મળતાં જ ન હતાં. મગરને જાંબુ ખાવાનું મન થયું, તેમાંથી જ આખી ઘટનાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. (ચોથી મુદત પૂરી. એક્સ્ટેન્શન.)

વાંદરા અને મગર વચ્ચે દોસ્તી થઇ. તેમણે બધા વાંદરા અને મગરો માટે ‘યુનાઇટેડ નેશનલ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ એલાયન્સ’ (યુએનડીપીએ) નામનું સંગઠન બનાવવાનું નક્કી કર્યું. એ માટે બન્ને વચ્ચે રોજ મિટિંગ થવા લાગી. (પાંચમી મુદત પૂરી. એક્સ્ટેન્શન.)

વિવિધ સાક્ષીઓની જુબાની પ્રમાણે, બન્નેની મિટિંગ રોજ તળાવમાં થતી હતી, કારણ કે મગર ઝાડ પર ચડી શકતો ન હતો. આ વિશે મગરને પૂછતાં તેણે કહ્યું હતું કે ‘એવું કંઇ નહીં. હું ધારું તો ઝાડ પર ચડી જઉં, પણ હું ધારતો નથી.’ વાંદરાએ કબૂલ્યું હતું કે તે મગરને તળાવની બહાર મળી શક્યો હોત, પણ તેને તળાવમાં જવાનું બહુ ગમતું હતું. (છઠ્ઠી મુદત પૂરી. એક્સ્ટેન્શન.)

વધુ પૂછપરછમાં વાંદરાએ કહ્યું હતું કે ‘યુએનડીપીએ’ની રચના તો ખાલી બહાનું હતું. ખરેખર તો મારે મગરની પીઠ પર બેસીને તળાવની સહેલ કરવી હતી. મગરે બંધબારણે આપેલી જુબાનીમાં કહ્યું હતું કે ‘યુએનડીપીએ’ તો ખાલી કહેવાની વાત હતી. અસલમાં મારે વાંદરાનું કલેજું ખાવું હતું.’ (સાતમી મુદત પૂરી. એક્સ્ટેન્શન.)

બન્ને પોતપોતાનો દાવ સીધા રસ્તે આગળ વધતો જોઇને રાજી હતા. બહારના લોકો તેમની મૈત્રી જોઇને નવાઈ અનુભવતા હતા અને તેમના સંબંધો વિશે અવનવી વાતો કરતા હતા. એક કાગડાએ આપેલી જુબાની પ્રમાણે, તેને શંકા હતી કે વાંદરાનો અસલી હેતુ મગરને પકડાવી દઇને, તેના ચામડામાંથી પોતાનાં સંતાનો માટે જેકેટ બનાવવાનો હતો. તળાવના નિયમિત મુલાકાતી એક બગલાએ કહ્યું હતું: ‘મગર એક વાર નબળી પળોમાં મારી આગળ બોલી ગયો હતો કે સંગઠન જાય તેલ લેવા, હું બુઢિયાને તો કાચો ને કાચો ચાવી જઇશ.’ (આઠમી મુદત પૂરી. એક્સ્ટેન્શન.)

થોડા દિવસ સાથે હર્યાફર્યા પછી અને સંગઠનની વાતો કર્યા પછી એક દિવસ વાંદરો તળાવે આવ્યો, ત્યારે તેને મગરની આંખોમાં જુદી જાતનો ચમકારો દેખાયો. એ દિવસે છઠ્ઠી ડિસેમ્બર હતી કે નહીં એ વાંદરાને યાદ નથી. કારણ કે ઝાડ પર કેલેન્ડર ક્યાંથી હોય? મગરને ખબર હોવાનો સવાલ જ નથી. કારણ કે ઝાડ પર કેલેન્ડર ન હોય, તો તળાવમાં ક્યાંથી હોય? (નવમી મુદત પૂરી. એક્સ્ટેન્શન.)

વાંદરાએ મગરની પીઠ થપથપાવી અને હંમેશાંની જેમ ઉપર બેસી ગયો. એ વખતે મગરની આંખોમાં રમતા ભાવ પીઠ પર બેઠેલા વાંદરાને દેખાયા નહીં. (‘તો આ તપાસપંચને ક્યાંથી દેખાયા?’ એવો સવાલ અસ્થાને છે.) તળાવની વચ્ચોવચ પહોંચ્યા પછી મગરે મુદ્દાની વાત કાઢી: ‘તમે જે જાંબુ ખાવ છો તે આટલાં મીઠાં હોય છે, તો તમારું કલેજું કેટલું મીઠું હશે! મારે તમારું કલેજું ખાવું છે.’ વાંદરાને ખરાબ ન લાગે એટલે મગરે એમ પણ કહ્યું કે ‘તમારો વિશ્વાસઘાત કરવો પડ્યો એટલે હું આજના દિવસને મારા જીવનનો સૌથી ખરાબ દિવસ જાહેર કરું છું, પણ મારે તમારું કલેજું તો ખાવું જ છે.’ (દસમી મુદત પૂરી. એક્સ્ટેન્શન.)

‘મગર જોડે યુનાઇટેડ ફ્રન્ટ રચીએ એટલે વહેલોમોડો કલેજું ચીરાવાનો દિવસ આવે જ’ એવું વાંદરો મનોમન ગણગણ્યો. પણ ચહેરા પર સ્વસ્તતા જાળવીને ટાઢકથી તેણે કહ્યું,‘મારું કલેજું તો હું ઝાડ પર મૂકીને આવ્યો છું.’ વાંદરો ખરેખર આવું જ બોલ્યો હતો કે નહીં, તેના પૂરતા પુરાવા મળ્યા નથી. વાંદરાએ પંચ સમક્ષ જુબાનીમાં આવી કોઇ ઘટના બની હોવાનો જ ઇન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે ‘એ તો મગરે બે ઘડી ગમ્મતમાં કહ્યું હતું. એટલે મેં એને ગમ્મતમાં કહ્યું કે કલેજું તો હું ઝાડ પર ભૂલી ગયો. અમારા બન્નેમાંથી કોઇ એટલું મૂરખ નથી કે જેને આટલી સાદી ખબર ન પડે. અમારું ગઠબંધન હજુ ચાલુ જ છે. અમારી વચ્ચે કોઇ મતભેદ નથી.’ (અગિયારમી મુદત પૂરી. એક્સ્ટેન્શન.)

મગરે પંચ સમક્ષ જુબાનીમાં આવું કંઈ બન્યું હોવાનો ઇન્કાર કર્યો હતો, પણ બીજાં કેટલાંક પ્રાણીઓ સમક્ષ તેણે એવો દાવો કર્યો હતો કે ‘તે દિવસે મારી પીઠ પર બેઠેલા વાંદરાનું કલેજું તો હું ખાઇ ચૂક્યો છું. અત્યારે જે વાંદરો નિવેદન આપે છે, એ તો બીજો જ વાંદરો છે. એને હું કદી મળ્યો નથી. એને મારી પીઠ પર નહીં, પણ અમારા ગઠબંધન પર ચડી બેસવામાં રસ છે.’

બારમી મુદતના અંતે તપાસપંચને મળેલી આ માહિતીથી આખી ઘટનાને નવો વળાંક મળતાં, એ મુદ્દે તલસ્પર્શી તપાસ માટે નવું પંચ રચવાની જાહેરાત કરવામાં આવી છે. દરમિયાન, એકતા કપૂર પ્રકારના નિર્માતાઓ અનંત લંબાઈની સિરીઅલ લખાવવા માટે તપાસપંચની ઓફિસનાં ચક્કર કાપી રહ્યાં છે. બાર મુદતને અંતે તૈયાર થયેલો તપાસપંચનો અહેવાલ વાંદરા અને મગરના ગઠબંધનમાં ભંગાણ પાડવાનું થાય ત્યારે જાહેર કરાશે. ત્યાં સુધી અહેવાલનું શું થશે, એ તપાસનો - કે તપાસપંચનો - વિષય છે.

[Wednesday, December 02, 2009]

http://www.urvishkothari-gujarati.blogspot.com/

કોણે કીધું કે ગીત ... ?

• પંચમ શુક્લ

કોણે કીધું કે ગીત પોચાં ને ગળચટ્ટાં જોઈએ?
કોણે કીધું કે ગીત ઊર્મિથી લથબથતાં જોઈએ?

ખાલી લોટામાં મૂકી કાંકરી હલાવો ને ઊઠે રણકાર એય ગીત;
પાનીમાં ચૂભેલો કાંટો કાઢીને પછી ટશિયો ચૂમો તેય ગીત,
કોણે કીધું કે આ વેદના ને ખાલીપા ખરબચડાં રાખવા જોઈએ?

કોણે કીધું કે ગીત પોચાં ને ગળચટ્ટાં જોઈએ?
કોણે કીધું કે ગીત ઊર્મિથી લથબથતાં જોઈએ?

દોરે તેની ગાય જેવા શબ્દોને દોહી દોહી ચૂસે છે ગીતકારો ગીતને;
મારા જેવા ગોપાલક, થાય તો ઉડાડે, આંચળ પર ચોંટી બગાઈને,
કોણે કીધું કે આ વિયાયેલી વાણીનાં ખીરાની બળી બનવી જોઈએ?

કોણે કીધું કે ગીત પોચાં ને ગળચટ્ટાં જોઈએ?
કોણે કીધું કે ગીત ઊર્મિથી લથબથતાં જોઈએ?

e.mail : spancham@yahoo.com

ઈ.સ. ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ : ઘટનાઓ, પૃથક્કરણ અને શકવર્તી અસરો

• મેતર અબ્દુલકાદર કાસમભાઈ

પ્રસ્તાવના :- દિલ્હીમાં મોગલ સામ્રાજ્યની પડતીના દિવસો શરૂ થઈ ગયા હતા. જેના નામ આગળ જહાંપનાહ વપરાતું હતું એ બાદશાહની સત્તા હવે કેવળ દિલ્હી શહેર પૂરતી જ રહી હતી. દક્ષિણમાં નિઝામ, અવધમાં નવાબ અને મધ્ય ભારતનાં મોટાં મરાઠા રાજ્યો સ્વતંત્ર થઈ ચૂક્યાં હતાં. બીજી બાજુ કંપની સરકાર વ્યાપારના નામે પોતાની સત્તાનો વ્યાપ વધારી રહી હતી. કેવળ વ્યાપાર કરવા આવેલી કંપનીએ પોતાનું સૈન્ય પણ ઊભું કર્યું હતું. એક સામાન્ય વ્યાપારી પેઢી મોગલ બાદશાહની બરાબરી કરી શકે તેવી શક્તિશાળી બની રહી હતી.

હકીકતે ૨૩, જૂન ૧૭૫૭નો દિવસ ઈસ્ટ ઇન્ડિયા કંપની માટે યાદગાર બની ગયો. બંગાળમાં પ્લાસીના મેદાન પર રોબર્ટ ક્લાઈવે કાવાદાવા કરી નવાબ સિરાજદ્દૌલાના વિશાળ સૈન્યને હાર આપી. આ વિજયથી કંપનીની કિસ્મત પલટાઈ ગઈ અને રોબર્ટ ક્લાઈવ કલકત્તામાં પ્રથમ ગવર્નર જનરલ બન્યો. બીજો મહત્ત્વનો વિજય ૧૭૬૪માં બિહારના બકસરના રણમેદાન પર મળ્યો, જેમાં એમણે અવધના નવાબ અને દિલ્હીના મોગલ બાદશાહ શાહઆલમની સંયુક્ત ફોજને માત આપી. કોઈ મોગલ બાદશાહ સામે રણમેદાનમાં આ એમનો પ્રથમ વિજય હતો. પરિણામ એ આવ્યું કે ખુદ શાહઆલમે કંપનીને બંગાળ, બિહાર અને ઓરિસ્સાના દિવાની હક્ક લખી આપ્યા. આ વિસ્તારમાં કર ઉઘરાવવાની સત્તા કંપનીને મળી. ખરા અર્થમાં અંગ્રેજ કંપની આ વિસ્તારની જમીનદાર બની ગઈ. ત્યાર બાદ કંપનીના અધિકારીઓએ બેરહેમીથી કર વસૂલી કરવા માંડી. હિસાબ સીધો હતો - જેટલી વધારે આવક, તેટલા ઈંગ્લેન્ડના શેરહોલ્ડરો ખુશ. દેશી જમીનદારો કર જરૂર વસૂલ કરતા, પણ મુશ્કેલીના સમયમાં રક્ષણ પણ પૂરું પાડતા હતા. કંપની દ્વારા દુકાળનાં વર્ષોમાં પણ કોઈ પ્રકારની રાહત ન અપાઈ અને ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળતી ગઈ.

મોગલ શાસનમાં ઉદ્યોગને ખાસ પ્રોત્સાહન અપાયું હતું અને રાજ્યમાં ઠેરઠેર કારખાંનાઓ ખોલવામાં આવ્યા હતાં. આપણા કારીગરો દ્વારા બનેલો માલ બજારોમાં વેચાતો હતો. બંગાળમાં હાથવણાટનું કાપડ, રેશમ વગેરેનો ઉદ્યોગ વિકસેલો હતો. કંપનીએ પોતાની સત્તાના પ્રદેશોમાં ઈંગ્લેન્ડથી તૈયાર માલની આયાત શરૂ કરી. ઈંગ્લેન્ડથી આયાત થતા માલ પર સાવ ઓછી કસ્ટમ ડ્યૂટી રાખી સ્થાનિક ઉદ્યોગોને તોડી નંખાયા. કંપનીની વ્યાપારનીતિથી ઉદ્યોગ અને ખેતીવાડી બંનેને પારાવાર નુકશાન થયું. અહીંનો કાચો માલ ઈંગ્લેન્ડ જતો અને ત્યાંથી તૈયાર માલ લાવી અહીંના બજારોમાં વેચાવા લાગ્યો. ખેતીવાડીના શોષણથી દુકાળોની પરંપરા સર્જાઈ અને આપણો ગ્રામ્ય સમાજ આર્થિક ભીંસના લીધે મૃતપાય બની ગયો હતો.

શરૂઆતનાં વર્ષોમાં, દેશી લોકો સાથે કંપનીના અધિકારીઓનો સામાજિક સંપર્ક સારો જળવાઈ રહ્યો હતો. આ ગોરા સાહેબો દેશી ઉત્સવોમાં ભાગ લેતા, નાચ અને હુક્કાના શોખીન હતા, અને અમુકે તો દેશી પહેરવેશ પણ અપનાવ્યો હતો. તે સમયે અંગ્રેજ સ્ત્રીઓ હિન્દુસ્તાન આવતી ન હતી. અને પાદરીઓને પણ અહીં મોકલાતા ન હતા. ઘણાં અંગ્રેજ અધિકારીઓએ સ્થાનિક સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા અને આ દેશી બીબીઓના રહેઠાણ માટે ખાસ બીબીઘર બનવા લાગ્યાં. આવા લગ્નનાં સંતાનો શરૂઆતમાં યુરેશિયન કહેવાતાં અને પાછળથી એંગ્લો-ઈન્ડિયન નામે ઓળખાવા લાગ્યાં. ઓગણીસમી સદીથી અંગ્રેજ સ્ત્રીઓ હિન્દુસ્તાન આવવા માંડી અને કંપનીના ગોરા સાહેબો સ્થાનિક પ્રજાથી દૂર થતા ગયા. આ મેમ સાહેબોના આગમનની સાથે જ પાદરીઓ પણ આવ્યા અને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર જોરજોરથી શરૂ થયો. કંપનીના સાહેબો અને દેશી સિપાહીઓ વચ્ચે હવે મોટું સામાજિક અંતર પડી ગયું. અને ગોરા સાહેબોનો વ્યવહાર પણ બદલાઈ ગયો હતો.

બળવાના કારણો :- ગવર્નર જનરલ લોર્ડ બેન્ટિકના સમયમાં અનેક સામાજિક સુધારાઓ કરવામાં આવ્યા. પારંપરિક રીતરિવાજો પર પાબંદી લગાવી દેવાઈ. આમાં મુખ્યત્વે વિધવા વિવાહને સ્વીકૃતિ અપાઈ અને સતી પ્રથા, બાળકીઓની હત્યા, બાળવિવાહ વગેરે પર પ્રતિબંધ મૂકાયો. થોમસ મેકોલે દ્વારા અંગ્રેજી શિક્ષણની યોજના ઘડવામાં આવી. મેકોલેએ પોતાનાં લખાણોમાં આ શિક્ષણનું ધ્યેય સ્પષ્ટ કર્યું. અંગ્રેજીના શિક્ષણ બાદ એક એવી દેશી પ્રજા અસ્તિત્વમાં આવશે જે રંગે ભલે શ્યામ હોય પણ વિચારોમાં ગોરાઓ જેવી જ હશે અને સમાજ સુધારાની નીતિઓને ટેકો આપશે. આ દિશામાં મેકોલે કંઈક અંશે સાચો પણ પડ્યો હતો. બંગાળના બુદ્ધિજીવીઓમાં રાજા રામમોહન રાય કે દેવેન્દ્રનાથ ટાગોરે કંપની સરકાર દ્વારા લેવાયેલાં સમાજ સુધારાનાં પગલાંઓને સહર્ષ સ્વીકાર્યા હતાં. મેકોલે માનતો હતો કે પૂર્વની સંસ્કૃતિ બહુ જ પછાત છે અને એમના ઉદ્ધાર માટે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર જરૂરી છે. એણે એક વાર કહ્યું હતું - હિન્દ અને આરબનું સમસ્ત સાહિત્ય કોઈપણ યુરોપિયન પુસ્તકાલયની એક શેલ્ફથી વધારે સમૃદ્ધ નથી. આવા પૂર્વગ્રહ સાથે લીધેલા પગલાંઓને થોડા અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત બુદ્ધિજીવીઓનો જરૂર ટેકો મળ્યો, પણ આમ જનતાએ પારંપરિક રીતરિવાજો પર મુકાયેલા અંકુશોને શંકાની નજરે જોયા.

કંપનીના સૈન્યના અમુક અંગ્રેજ અધિકારીઓ આ સમાજ સુધારા માટે એટલા ઉત્સાહી બની ગયા કે એમણે સિપાહીઓમાં રીતસર ખ્રિસ્તી ધર્મનો પ્રચાર શરૂ કરી દીધો. કર્નલ વ્હીલર સિપાહીઓને ભેગા કરી બાઈબલનું પઠન કરતો હતો. બિહારની જેલોમાં પાદરીઓ દ્વારા ખ્રિસ્તી ધર્મ વિષે રીતસર વક્તવ્યો અપાતાં હતાં. આના લીધે ૧૮૫૫માં બિહારની જેલોમાં રમખાણ થયાં હતાં. કંપની સરકારે લીધેલાં સમાજ સુધારાનાં પગલાંઓએ આમ જનતામાં અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરી દીધું હતું. લગભગ એ જ અરસામાં ખ્રિસ્તી પાદરીઓ મોટી સંખ્યામાં અહીં આવ્યા અને એમણે ધર્મપ્રચાર શરૂ કર્યો. મેમસાહેબોના આગમન બાદ દેશી લોકો સાથે અંગ્રેજોનો સામાજિક સંપર્ક લગભગ તૂટી ચૂક્યો હતો. આ પરિવેશમાં સમાજ સુધાર માટે જે પણ પગલાં લેવાયાં તે બધાંને આપણી સંસ્કૃતિ વિરોધી ગણવામાં આવ્યાં. સદીઓ જૂની આપણી સંસ્કૃતિ અને પરંપરા પર આ સીધું આક્રમણ હતું. સમાજના બાહ્ય સ્તર પર ભલે બધું રાબેતા મુજબ ચાલી રહ્યું હતું પણ અંદર ભારેલા અગ્નિ જેવી અશાંત પરિસ્થિતિ હતી. પાદરીઓ દ્વારા જ્યારે ધર્મપ્રચારની શરૂઆત થઈ ત્યારે બળતામાં ઘી હોમાયા જેવો ઘાટ થયો. તે સમયે એવો પ્રચાર થયો કે હિન્દુ અને મુસ્લિમ બંનેનું ધર્મપરિવર્તન કરવાની આ ઝુંબેશ છે. છેલ્લાં આઠસો વર્ષનાં મુસ્લિમ શાસનમાં પણ ક્યારે ય આટલા મોટા પાયા પર ધર્મપ્રચાર કરાયો ન હતો. સામાન્ય જનતા માની બેઠી હતી કે અંગ્રેજો બધાંને ખ્રિસ્તી બનાવવા માંગે છે માટે આ ફિરંગી રાજનો અંત આવવો જ જોઈએ. અમુક ઘટનાઓથી પણ આ આક્રોશને વેગ મળ્યો. ૧૮૩૩ અને ૧૮૩૮ના દુકાળમાં અનાથ બનેલાં બાળકોને પાદરીઓ દ્વારા લઈ જઈ આગ્રાના ખ્રિસ્તી અનાથાલયમાં એમને મિશનરી શિક્ષા અપાઈ હતી. આ બાળકોનો ઉછેર પણ ખ્રિસ્તી ધર્મના નિયમો પ્રમાણે કરવામાં આવ્યો હતો.

૧૭૫૭માં પ્લાસીના યુદ્ધમાં વિજય બાદ અંગ્રેજ કંપનીની સત્તાનો પાયો નંખાયો હતો. આ ઘટનાને ૧૮૫૭માં સો વર્ષ પૂરાં થતાં હતાં. અનેક જોષીઓએ આગાહી કરી હતી કે અંગ્રેજ સરકાર સો વર્ષથી વધુ નહીં ટકે. આવી આગાહીઓને લોકો સાચી માનવા લાગ્યા હતા. જોષીઓની ગણતરી પ્રમાણે ૧૮૫૭માં એમની સત્તાનો અંત આવી જવાનો હતો. યાતાયાતનાં સાધનો સીમિત હોવા છતાં આ વિચારો ગામેગામ પહોંચી ગયા. કોઈપણ સમયે આપણે ત્યાં અનેક લોકો પ્રવાસ કરતા રહેતા હતા. તેમાં સાધુ-સંન્યાસી, ફકીરો અને સૂફીઓ, નાટક મંડળીઓ, લગ્નની જાન કે જાદુના ખેલ કરનારાઓનો સમાવેશ થઈ જતો. આ લોકો દ્વારા ગામડે ગામડે સમાચારો ઝડપથી પહોંચતા રહ્યા જેની કંપની સરકારના અંગ્રેજોને ગંધ પણ ન આવી. વધુમાં ૧૮૫૭માં અંગ્રેજ અધિકારીઓનો દેશી લોકો સાથેનો સંપર્ક પણ પહેલાં જેવો ન હોવાથી એમને ખ્યાલ જ ન આવ્યો કે દેશી સમાજમાં કેવી હિલચાલ થઈ રહી છે.

વિદ્રોહની કોઈ પૂર્વ તૈયારી કરાઈ હોય કે નહીં પણ એક અફવા જરૂર ફેલાઈ હતી. કે ૩૧ મે, ૧૮૫૭નો દિવસ વિદ્રોહ માટે નક્કી થઈ ગયો છે. જાન્યુઆરી મહિનાથી રોટી અને કમળનાં પ્રતીકો ગામે ગામ વહેંચાવા લાગ્યાં હતા. વિદ્રોહ સાથે એમને સીધો સંબંધ હતો કે નહીં તેના કોઈ જ પુરાવા મળી શક્યા નથી, પણ એટલું જરૂર કહી શકાય કે કંઈક યોજના જરૂર ઘડાઈ રહી હતી. માર્ચ ૧૮૫૭માં મેરઠના કલેક્ટર માર્ક થોર્નહોલે એના ચપરાસી પાસે ચાર રોટલીઓ જોઈ જે એ બીજે ગામ મોકલી રહ્યો હતો. આ રીતે રોટલીઓ એક જ દિવસમાં લગભગ એકસો માઈલનું અંતર કાપી શકતી હતી. મેરઠના કલેક્ટરે જ્યારે આ રોટલીઓ વિષે પૂછ્યું ત્યારે એને કહેવામાં આવ્યું કે કોલેરાની મહામારીથી બચવાની એ એક દેશી પ્રથા છે. એણે પોતાના ઉપરીને આ અનુભવ વિષે લખ્યું પણ કોઈએ ધ્યાન આપ્યું નહીં. કંપની સરકારના અંગ્રેજ અધિકારીઓ સત્તાના નશામાં પોતાની જ દુનિયામાં રાચતા રહ્યા અને ગુપ્તચર શાખાના અધિકારીઓ પણ વાસ્તવિકતાનો તાગ મેળવવામાં તદ્દન નિષ્ફળ ગયા.

કંપની સરકારની અમુક નીતિઓને પણ આવા વાતાવરણ માટે જવાબદાર ગણી શકાય. શરૂઆતના ગવર્નર જનરલો કંપનીની સત્તામાં નવો પ્રદેશ ઉમેરવા માટે યુદ્ધનો સહારો લેતા હતા. મરાઠા, માઈસોર, સિંધ, પંજાબ, નેપાળ - આ બધાં જ ક્ષેત્રોમાં કંપનીએ પોતાની સત્તા રણમેદાનમાં વિજય બાદ મેળવી હતી. કંપની પાસે સૈન્ય ઓછું હતું. અને તેમાં પણ અંગ્રેજોની સંખ્યા ઘણી નાની, સૈન્યના મુખ્ય ત્રણ વિભાગ હતા - બંગાળ, બોમ્બે

અને મદ્રાસ, તે સિવાય થોડાં છૂટાછવાયાં કેન્ટોનમેન્ટ જ્યાં થોડા અંગ્રેજોની નીચે દેશી સિપાહીઓ કામ કરતા હતા. કંપનીની ફોજમાં મોટા પાયે દેશી સિપાહીઓની ભરતી કરાઈ હતી. ૧૮૫૭માં કંપનીના સૈન્યમાં બે લાખ દેશી સિપાહીઓની સામે માત્ર ૪૦,૦૦૦ બ્રિટિશ સૈનિકો હતા. દરેક યુદ્ધનો અર્થ હતો વધારે ખર્ચ અને અંગ્રેજોના જાનમાલની નુકશાની, આવી નુકશાની ભોગવ્યા વિના કંપનીની સત્તાનું ક્ષેત્ર વધારી શકાય તેવી એક યોજના ગર્વનર જનરલ ડેલહાઉઝીએ ઘડી કાઢી.

આ યોજનાના મુખ્ય બે મુદ્દાઓ હતા - ડોક્ટરાઈન ઓફ લેપ્સ અને ગેરવહીવટ. આ કાયદા દ્વારા જો કોઈ દેશી રાજા વારસદાર વિના મૃત્યુ પામે તો કંપની સરકારે એનું રાજ્ય પોતાના હસ્તક લઈ લેવાની સત્તા મેળવી. આ હથિયાર વાપરી ડેલહાઉઝીએ નાગપુર (૧૮૪૩), સતારા (૧૮૪૮), ઝાંસી (૧૮૫૪) વગેરે રાજ્યોને કંપની સરકારની સત્તા નીચે મૂકી દીધાં. અવધ જેવાં સમૃદ્ધ રાજ્યો જો આ ધારા નીચે ન આવતાં હોય તો એમને ગેરવહીવટ માટે કંપનીના તાબામાં લઈ લેવાયા. આ ગેરવહીવટનો રિપોર્ટ પણ કંપનીના પોતાના અધિકારીઓ તૈયાર કરી કલકત્તા મોકલતા અને લોર્ડ ડેલહાઉઝીની કલમની તાકાત પર એ રાજ્યનો બધો જ કાર્યભાર બ્રિટિશ અધિકારી સંભાળી લેતો. અવધના નવાબ વાજીદ અલીશાહનું રાજ્ય ઉપજાવી કાઢેલા ગેરવહીવટનાં કારણો માટે ૧૮૫૬માં લઈ લેવાયું હતું. બંગાળ સૈન્યના મોટા ભાગના સિપાહીઓ રાજ્યના હોવાથી ડેલહાઉઝીના આ પગલાંથી એમનામાં ઘણો અસંતોષ ફેલાયો હતો. રાજાઓનું અપમાન કરવામાં કંપનીના અધિકારીઓએ સક્રિય ભૂમિકા ભજવી હતી. નાગપુરના રાજ્ય પરિવારનું ઝવેરાત કલકતામાં હરાજી દ્વારા વેચવામાં આવ્યું હતું.

સામાન્ય પ્રજા પોતાના ધર્મ અને સંસ્કૃતિને સંકટમાં જોઈ નારાજ હતી. તો રાજાઓ અને જમીનદારો પોતાની સત્તા ગુમાવવા માટે. જે રાજાઓ પર કંપનીની નીતિની સીધી અસર પડી એમણે બ્રિટિશ વિરોધી પ્રચાર કરવાની શરૂઆત કરી દીધી. પ્રજાએ એમનો સાથ આપ્યો પણ સશસ્ત્ર વિદ્રોહ કરવાની કામગીરી સિપાહીઓએ પૂરી પાડી કારણ કે એમની પાસે જ શસ્ત્રો હતાં. મોગલ બાદશાહની સત્તા દિલ્હી સુધી જ સીમિત હતી એટલે પ્રજાની સહાનુભૂતિ સ્થાનિક રાજાઓ પ્રત્યે વધારે રહી.

નવી એનફિલ્ડ રાઈફલનાં કારતૂસમાં ગાય તથા ડુક્કરની ચરબી વપરાયાની વાત કલકત્તા નજીક ડમડમની હથિયાર બનાવતી ફેક્ટરીના એક ખાલસી દ્વારા જાન્યુઆરી ૧૮૫૭માં ફેલાઈ. સંજોગો એવા ઊભા થયા કે આ વાતને સમર્થન મળતું ગયું અને છેવટે બંગાળ સૈન્યના સિપાહી મંગલ પાંડે દ્વારા વિદ્રોહનો આરંભ થયો. ત્યારબાદ એક એવી અફવા ફેલાઈ કે બજારમાં મળતા આટામાં જાનવરોના હાડકાંની ભૂકી મેળવવામાં આવે છે. કંપની સરકારે કારતૂસ પાછા ખેંચવાના આદેશ આપ્યા પણ ઘણું મોડું થઈ ચૂક્યું હતું. સામાન્ય જનતા હવે દૃઢપણે માનતી થઈ ગઈ હતી કે આ અંગ્રેજ કંપનીની સરકાર એમને ધર્મભ્રષ્ટ કરી ખ્રિસ્તી બનાવવાની નીતિ અપનાવી રહી છે. કારતૂસના સમાચારે હિન્દુ અને મુસ્લિમ બંનેને એક મંચ પર લાવી દીધા. બંને પ્રજામાં રોષની લાગણી પરાકાષ્ઠા પર હતી અને કોઈપણ પ્રકારમા ખુલાસાઓ હવે માન્ય ન હતા. તે પહેલાં અંગ્રેજોની દૃઢ માન્યતા હતી કે હિન્દુ અને મુસ્લિમ પ્રજા ક્યારે ય એક સાથે નહીં મળી શકે. એમની આ ધારણા ૧૮૫૭માં તદ્દન ખોટી પડી હતી.

સૈનિકોમાં અસંતોષના મુખ્ય કારણો : (૧) ભારતીય સૈનિકોનું વેતન, તેની સમકક્ષ અંગ્રેજ સૈનિકો કરતા ઘણું ઓછું રહેતું, એટલું જ નહિ, ગમે તેટલી યોગ્યતા હોય તો પણ ભારતીયોને મોટી જગ્યા મળતી નહિ. (૨) લોર્ડ કેનિંગ દ્વારા બનાવેલા કાયદા પ્રમાણે પ્રત્યેક સૈનિકને વિદેશમાં પણ ગમે ત્યાં લડવા જવું પડતું આ નિયમથી સમુદ્ર યાત્રાને પાપ માનનાર બ્રાહ્મણ સૈનિકો નારાજ થયા હતા. (૩) તે વખતે અંગ્રેજોનું કુલ સૈન્ય બે લાખ પંચોતેર હજારનું હતું. તેમાં પિસ્તાળીસ હજાર અંગ્રેજો તથા બે લાખ બત્રીસ હજાર ભારતીયો હતા. આ સંખ્યાના તફાવતથી ભારતીય સૈનિકોને પોતાના વિજયની પૂરી આશા બંધાઈ હતી. (૪) પ્રત્યક્ષ કારણમાં એનફીલ્ડ રાઈફલના કારતૂસો હતા. સૈનિકોને નવી અપાયેલી આ રાઈફલના કારતૂસોને મોઢેથી તોડવા પડતા. તેના વિશે એવી અફવા ફેલાઈ કે આ કારતૂસના ઉપર ગાય તથા સુવ્વરની ચરબી ચોપડેલી હોય છે. હિન્દુ મુસલમાનના ધર્મોને ભ્રષ્ટ કરવા માટે આ ષડયંત્ર છે.

ઈ.સ. ૧૮૫૭નો વિદ્રોહ થયો તેના પહેલાં પણ અંગ્રેજોના સામે નાના-નાના છ-સાત વિદ્રોહ થયેલા, જેનો ઉલ્લેખ માત્ર અત્રે કરવો જરૂરી લાગે છે. ઈ.સ. ૧૮૧૬માં બરેલી વિદ્રોહ, ઈ.સ. ૧૮૩૧-૩૨માં કોમી વિદ્રોહ જે છોટાનાગપુર તથા પલામૂમાં ઈ.સ. ૧૮૩૧માં ફેરાજી વિદ્રોહ જે મુસ્લિમો દ્વારા થયેલો. ઈ.સ. ૧૮૩૧માં સૈયદ એહમદ અને મીર નસીર અલીના નેતૃત્વમાં બંગાળના બરાસતમાં વિદ્રોહ. ઈ.સ. ૧૮૪૭માં બંગાળના ફરીદપુરમાં દીદૂ તથા મીરના નેતૃત્વમાં બીજો વિદ્રોહ, કેરાલાના મોપલા મુસ્લિમો લગભગ પ્રત્યેક શાસનકર્તા માટે માથાનું દર્દ રહ્યા છે. તેમણે ઈ.સ. ૧૮૪૯, ૧૮૫૧, ૧૮૫૨ અને ૧૮૫૫માં વિદ્રોહ કરેલા. ઈ.સ. ૧૮૫૫-૫૭માં સંથાલ (આદિવાસી) લોકોએ વિદ્રોહ કરેલો, આ બધા વિદ્રોહો મોટા ભાગે સ્થાનિક તથા અવ્યવસ્થિત થયેલા અને અંગ્રેજોએ બધાને કઠોરતાથી દબાવી દીધેલા. પ્રત્યેક શાસકને થોડાઘણા અંશે વિદ્રોહોનો સામનો કરવો જ પડતો હોય છે. કોઈ શાસક ગાદી ઉપર બેસે અને કશા વિરોધ-અડચણ વિના તે વરસો સુધી રાજ્ય કરે તે શક્ય જ નથી. શાસકમાં અનેક ક્ષમતાઓની સાથે આંતરવિદ્રોહને પહોંચી વળવાની ક્ષમતા પણ જરૂરી હોય છે. આવી ક્ષમતા વિનાના શાસક પોતાના ઘરમાં જ પરાજિત થઈ જતા હોય છે.

ઈ.સ. ૧૮૫૭માં જે વિદ્રોહ થયો તેમાં ભિન્ન ભિન્ન રાજકર્તાઓને થયેલા અન્યાયનો પડઘો તો હતો જ. સાથોસાથ સૈનિકોની ધાર્મિક માન્યતાનો આક્રોશ પણ મુખ્ય કારણ હતું. એવું લાગે છે કે વોરેન હેસ્ટિંગ્સની ઉતાવળી નીતિના કારણે એક તરફ અનેક રજવાડાં અને ખુદ દિલ્હીના બાદશાહ ઉકળી ઉઠ્યા હતા, તો બીજી તરફ કારતૂસવાળી ઘટનાઓએ સૈનિકોનાં મન ઉદ્વેગપૂર્ણ કરી નાખ્યા હતા. અન્યાયનો શિકાર બનેલાં રજવાડાં સીધી રીતે પોતે તો કશું કરી નાખવાની સ્થિતિમાં ન હતાં, પણ તેઓ કોઈ ચિનગારીનો ભડકો કરી મૂકવાની શોધમાં તો હતાં જ. બીજું કે તટસ્થ રીતે સમગ્ર ઘટનાને જોનારને દેખાશે કે આ વિદ્રોહમાં મોટા પ્રમાણમાં જનતા કૂદી પડી હોય તેવું દેખાતું નથી. ત્યારે રાષ્ટ્રવાદની લાગણીઓ જોઈએ તેવી પ્રગટી ન હતી. કોણ રાજ્ય કરે છે, તે મહત્ત્વનું ન હતું. (ગમે તે રાજ્ય કરે) પણ અમારાં રાજકીય હિતો તથા ધાર્મિક માન્યતાઓને આઘાત ન પહોંચાડે તો ભયો ભયો. એવું લાગે છે કે જો કારતૂસવાળી ઘટનાઓ ન ઘટી હોત તો કદાચ ખાલસાનીતિના શિકાર બનેલાં રજવાડાં વિદ્રોહ ન કરી શક્યાં હોત. કારતૂસવાળી ઘટનાઓ એટલી જલદી ઘટી અને ઉન્મત થયેલા સૈનિકોએ એટલી જલદી ધસારો કર્યો કે જોત-જોતામાં ઉત્તર ભારતમાં વિદ્રોહની ગગનચુંબી અગ્નિશિખાઓ ભભૂકી ઉઠી. એવું લાગવા માંડેલું કે ખલાસ, હવે અંગ્રેજો ખતમ. પણ આવી વિકટ અને ઓચિંતાની ઘટેલી ઘટનાઓથી ભયભીત થયા વિના અંગ્રેજોએ જે કુશળતા, સાહસ, ધીરજ તથા નિર્ણયશક્તિથી કામ લીધું અને વિદ્રોહને દબાવી દીધો તે તેમના પક્ષે દાદ માગી લે તેવી વસ્તુ રહી.

બળવાની શરૂઆત :- તા. ૨૯-૧-૧૮૫૭ના રોજ બૈરકપુરની છાવણીમાં પરેડની વખતે જ મંગલ પાડે નામના એક બ્રાહ્મણ સૈનિકે પોતાના અંગ્રેજ અધિકારીની ઉપર ગોળી ચલાવી દીધી. આ વખતે બીજા કોઈ ભારતીય સૈનિકોએ મંગલ પાડેનો વિરોધ ન કર્યો તેમ જ પેલા અધિકારીનો બચાવ ન કર્યો. અંગ્રેજોએ તરત જ મંગલને ગિરફતાર કર્યો તથા કેસ ચલાવીને તેને ફાંસીએ લટકાવી દીધો. એટલું જ નહિ, જમાદાર ઈશ્વરી પાંડેને પણ એટલા માટે ફાંસીએ ચઢાવી દીધો કે તે પૂરી સાવધાની કેમ ન રાખી શક્યો? આ બંન્ને ભારતીયોની ફાંસીથી બંગાળ સેનામાં હાહાકાર થઈ ગયો. પહેલેથી જ ઉકળેલા સિપાહીઓ માનવા લાગ્યા કે મંગલ તથા ઈશ્વરી પોતાના ધર્મનું પાલન કરતા-કરતા શહીદ થઈ ગયા. અંગ્રેજોએ એ આખી રેજિમેન્ટના બધા જ સિપાહીઓને નોકરીમાંથી કાઢી મૂક્યાં. આ ઘટનાથી લગભગ પૂરી ઉત્તર ભારતીય સેનામાં ખળભળાટ મચી ગયો. નીંભાડો અંદરઅંદર ધુમાડા કાઢી રહ્યો હતો ત્યાં ૬-૫-૧૮૫૭ના રોજ મેરઠમાં ભયંકર ઘટના ઘટી ગઈ. અંગ્રેજ અધિકારીઓ નવા કારતૂસ વાપરવાનું શિક્ષણ આપવા માટે નેવું સૈનિકોને મેદાનમાં લઈ ગયા. આમાંથી પાંચને બાદ કરતા પંચ્યાસી સૈનિકોએ કારતૂસ વાપરવાનો અસ્વીકાર કરી દીધો. કારણ ધાર્મિક ભાવનાઓનું હતું. તેમના ઉપર કેસ ચાલ્યો અને પ્રત્યેકને દશ-દશ વર્ષની કઠોર જેલની સજા થઈ. નવમી મેના રોજ એક ખુલ્લા મેદાનમાં સર્વેની સામે અપમાનિત કરીને તેમનો સૈનિક ડ્રેસ ઉતરાવી લીધો તથા હાથ-પગમાં બેડીઓ પહેરાવી જેલ ભેગા કર્યા. આ દૃશ્યથી ભારતીય સૈનિકો ભારે ઉત્તેજિત થઈ ઉઠ્યા. અધૂરામાં પૂરું મેરઠની સ્ત્રીઓએ મેરઠમાં ફરવા ગયેલા સિપાહીઓને બંગડીઓ ભેટ આપી. જેનો ભાવ હતો કે ‘બાયલાઓ, ધર્મનું પાલન કરનાર પોતાના ૮૫ ભાઈઓને જેલમાં જતા તમે જોઈ રહ્યા.’ ભારતમાં ચૂડીઓ જ્યાં સ્ત્રીઓનું ગૌરવ અને સૌભાગ્યભર્યું આભૂષણ છે ત્યાં તે જ આભૂષણ પુરુષો માટે ભયંકર અપમાનનું પ્રતીક છે. પુરૂષની મર્દાનગી એ જ તેનું ભૂષણ છે. અને આ ચૂડીઓ તેમની મર્દાનગીને સીધો પડકાર ફેંકે છે. નવાઈ એ છે કે સ્ત્રીઓ પોતે જ આવી ચૂડીઓ, પુરુષના બાયલાપણાને બતાવવા પુરુષને આપે છે અને તેને ઉશ્કેરે છે. ખરેખર ચૂડીઓ કામ કરી ગઈ.

૧૦-૫-૧૮૫૭ના દિવસે વિદ્રોહ ભડકી ઉઠ્યો. સૈનિકોએ શસ્ત્રાસ્ત્રનાં ગોદામો કબજે કરી લીધા. તરત જ પોતાના સાથીઓને જેલમાંથી છોડાવી લીધા. હજારો સૈનિકો ભેગા થઈ ગયા અને અંગ્રેજોની હત્યા તથા ઘર બાળવા લાગ્યા. જો કે મેરઠમાં બે હજાર અંગ્રેજ અધિકારીઓ હાજર હતા, પણ તેઓ આ આંધીને રોકી શક્યા નહિ. ૧૦મીની રાત્રે હિન્દુ-મુસ્લિમ બંને સૈનિકોએ દિલ્હી તરફ દોડ મૂકી અને ૧૧મીની સવારે ઘોડા દોડાવતા દિલ્હી પહોંચી ગયા. દિલ્હીમાં જે યુરોપિયન હાથમાં આવ્યો તેની કતલ કરી નાખી. ઘરો બાળી નાખ્યા. દિલ્હીના બે ટેલિફોન ઓપરેટરોએ પંજાબમાં સમાચાર મોકલી પરિસ્થિતિ બતાવી તથા તેમને ત્યાં વિદ્રોહ ન થાય તેની સાવધાની કરાવી. મેરઠની માફક અહીં પણ વિદ્રોહીઓ દારૂગોળાના ભંડાર તરફ દોડ્યા, પણ માત્ર આઠ જ સહાયકોની સાથે અંગ્રેજ અધિકારી વિલોબી કેટલા ય દિવસ સુધી દારૂગોળાનું રક્ષણ

કરતો રહ્યો. પણ જ્યારે તેને લાગ્યું કે હવે રક્ષણ કરવું શક્ય નથી ત્યારે તેણે પોતાની જાતે વિશાળ દારૂગોળાના ભંડારને આગ લગાડી દીધી.

દિલ્હીનો બાદશાહ વૃદ્ધ અને અશક્ત હતો. ડેલહાઉસીએ તેના માટે નક્કી કરેલું કે તેના મૃત્યુ પછી રાજમહેલ - લાલકિલ્લો - ખાલી કરાવી લેવો તથા બાદશાહનું પદ સમાપ્ત કરી દેવું. એટલે બીજાં રજવાડાંઓની માફક દિલ્હીના બાદશાહ બહાદુરશાહ ઝફરને પણ અસંતોષ તથા ભય હતો જ. પ્રથમ તો તે વિદ્રોહીઓ સાથે ભળવા તૈયાર ન થયો. પણ ઝડપથી દોડતી પરિસ્થિતિએ તેને તૈયાર કરી દીધો. વિદ્રોહીઓએ, બાદશાહને હિન્દુસ્તાનનો બાદશાહ ઘોષિત કરી દીધો. પ્રત્યક્ષ રીતે બિઠૂરમાં રહેતા અને દસ લાખ પાઉન્ડનું પેન્શન ગુમાવનાર નાના સાહેબ આ વિદ્રોહીઓનું નેતૃત્વ કરતો હતો. નાના સાહેબને પ્રધાન મંત્રી બનાવીને બાદશાહના નામે જ્યાં ત્યાં યુનિયન ઝંડાની જગ્યાએ બાદશાહનો ઝંડો ફરકાવવા સૈનિકો અધીરા બન્યા હતા. સૈનિકોની પાસે કોઈ વ્યવસ્થિત યોજના ન હતી. જેને જ્યાં મોકો મળે ત્યાં તો પોતાનો રોષ બતાવવા લાગ્યાં. લગભગ ત્રણ સપ્તાહ સુધી અંગ્રેજો કશું કરી ન શક્યા. વિદ્રોહીઓ માનવા લાગ્યા કે હવે અંગ્રેજોનો ખાતમો બોલાઈ ગયો જ સમજો. મેરઠથી પૂર્વ તરફ વિદ્રોહની જ્વાળાઓ આગળ વધવા લાગી. હા, પશ્ચિમ તરફ એટલે કે પંજાબ તરફ શાંતિ રહી. રાજસ્થાનમાં નાસિરાબાદ, રોહિલખંડમાં બરેલી, કાનપુર, લખનૌ, બનારસ તથા બિહારમાં પણ વિદ્રોહ ફેલાઈ ગયો. જો કે બિહારના વિદ્રોહને સ્થાનિક અંગ્રેજ અધિકારીઓએ દબાવી દીધો. પણ આ ધમાચકડીમાંથી બિહારમાં એક ૮૦ વર્ષનો પ્રખર દેશભક્ત કુંવરસિંહ પ્રગટ્યો. જગદીશપુરના વૃદ્ધ કુંવરસિંહના પરાક્રમ રોમ ઊભા કરી દે તેવા છે. પોતાના હાથ-પગને ક્ષત-વિતક્ષ થવા દઈને પણ જીવનની અંતિમ ઘડી સુધી તે વારંવાર અંગ્રેજો સાથે લડતો રહ્યો. કુંવરસિંહના મૃત્યુ પછી તેનો ભાઈ અમરસિંહ બરાબર લડતો રહ્યો. વારાણસીનો વિદ્રોહ અંગ્રેજોએ દબાવી દીધો .

મેરઠથી આવેલા સૈનિકોએ પહેલાં દિલ્હી સર કર્યું હતું અને બાદશાહ બહાદુરશાહને ભારતનો બાદશાહ ઘોષિત કરી દીધો હતો. આજુબાજુની ભારતીય સેના પણ વિદ્રોહી થઈને દિલ્હી આવી ગઈ હતી અને સૌને એમ જ હતું કે હવે અંગ્રેજોનું રાજ્ય સમાપ્ત થઈ જ ગયું સમજો. આવા કપરા સમયે પણ અંગ્રેજો હિંમત ન હાર્યા અને પંજાબના સર જોન લોરેન્સના નેતૃત્વમાં શીખ સેના દિલ્હી આવી અને તેણે દિલ્હીને ઘેરો ઘાલી દીધો. લગભગ ત્રણ મહિના સુધી આ ઘેરો રહ્યો. બંને પક્ષના હજારો સિપાહીઓ માર્યા ગયા. અંતમાં કુશળ સેનાપતિ નિકલસનને દિલ્હી ઉપર અધિકાર કરી લીધો. જો કે આ લડાઈમાં નિકલસનને પોતાના પ્રાણ ગુમાવવા પડ્યા. બલિદાન વિનાની ભાગ્યે જ લડાઈઓ થતી હોય છે. સાહસ, શૌર્ય અને સમજણ ભરી લડાઈમાં પોતાનું બલિદાન આપવા તૈયાર રહે તેને જ વિજયમાળા મળતી હોય છે. દિલ્હીમાં અંગ્રેજો જીત્યા અને દિલ્હીને લૂંટવા માંડ્યું. હજારો સૈનિકો તથા નાગરિકોની કતલ કરી નાખી. અંગ્રેજો ભયંકર બદલો લેવા માગતા હતા તથા સબક શીખવવા માગતા હતા, જેથી ભવિષ્યમાં કોઈ વિદ્રોહ કરવાની હિંમત ન કરે.

વિદ્રોહીઓનો દિલ્હીમાં પરાજય તથા અંગ્રેજોની સફળતાને થોડા વિસ્તારથી જાણીએ. બાદશાહ બહાદુરશાહને ગાદીએ બેસાડ્યા પછી બાદશાહે પોતાના પુત્ર મીરજા મુગલને સરસેનાપતિ બનાવ્યો. આ માણસ યોગ્યતા વિનાનો હતો. તેથી થોડા જ દિવસોમાં રોહિલખંડથી સેના લઈને આવેલા મોહમ્મદ બખ્તખાંને નવો સેનાપતિ નીમવામાં આવ્યો. આ માણસ ઘણો કુશળ હતો. તે વખતે દિલ્હીમાં હિન્દુ-મુસલમાનની વીસ હજાર સેના હતી. કિલ્લાની અંદરથી લડતા આ સૈનિકો રોજ દરવાજા બહાર નીકળીને અંગ્રેજી સેના ઉપર હુમલો કરી આવતા જેથી અંગ્રેજી સેનાને ભારે નુકશાન થતું. કેટલીકવાર કિલ્લામાં પાછા ઘૂસી જતાં, હુમલો કરીને પાછા ફરતા વિદ્રોહી સૈનિકો ઉપર અંગ્રેજી સેના હુમલો કરવા પીછો પકડતી તો કિલ્લા ઉપરની તોપો તેમની ધાણી બનાવી દેતી. લગભગ ત્રણ મહિનાના ઘેરામાં બંને પક્ષે ભયાનક ખુવારી થતી રહી. કંપનીની સેના થાકી જવાની તૈયારીમાં હતી ત્યાં તેને પંજાબમાંથી જનરલ નિકલસનની સેના આવી મળી. આ સમયે અંગ્રેજો પાસે સાડાત્રણ હજાર અંગ્રેજો, પાંચ હજાર શીખ, ગુરખા તથા પંજાબી, અઢી હજાર કાશ્મીરી, જીંદના મહારાજા તેની પોતાની સેના સાથે હતા. યુદ્ધો ગુપ્તચરો વિના લડી શકાતાં નથી. અંગ્રેજ ગુપ્તચર અધિકારી હડસને છેક બાદશાહ સુધી પોતાની જાળ બિછાવી દીધી હતી. મીરઝા ઈલાહીબક્ષ બાદશાહનો ખાસ માણસ હતો. હડસને તેને પૂરેપૂરો ફોડી નાખ્યો હતો. જેથી તે રજેરજની માહિતી હડસનને પહોંચાડી દેતો.

અંતે ૧૪મી સપ્ટેમ્બરે અંગ્રેજોએ પોતાની સેનાને પાંચ ભાગમાં વહેંચીને જુદા જુદા પાંચ દરવાજાઓથી દિલ્હીના કિલ્લામાં પેસી જવા માટે ધસારો કર્યો, અસંખ્ય માણસો મરાયા, પણ નિકલસન, કાશ્મીરી દરવાજેથી દિલ્હીમાં પ્રવેશવા આગળ વધ્યો, પણ વિદ્રોહી સેનાના તોપમારાથી સેંકડો અંગ્રેજો તથા શીખોની લાશના ઢગલા થઈ ગયા. જે માણસો લાશો નથી જોઈ શકતા કે લાશોને ખૂંદીને આગળ નથી વધી શકતા તે કદી યુદ્ધ નથી કરી શકતા. નિકલસન લાશોના ઢગલાને ખૂંદતો છેક દીવાલ આગળ પહોંચી ગયો અને સીડી લગાવીને દીવાલ ઉપર ચઢી ગયો અને વિજયનું પ્રથમ બ્યુગલ વગાડ્યું. બીજા જનરલો પણ ઘણી હાનિ સહન કરીને દિલ્હીમાં પ્રવેશ્યા. આ આખી લડાઈ બંને પક્ષ બહાદુરીના અંબારથી ભરેલી છે. દિલ્હીની ગલીગલીમાં અને ઘરઘરમાં ભયંકર લડાઈ થવા લાગી. અંગ્રેજો અને તેમના વફાદાર સૈનિકો ક્રૂરતાથી વિદ્રોહીઓનો તથા નિર્દોષ પ્રજાનો નાશ કરતા આગળ વધી રહ્યા હતા. ચારે તરફ હત્યાઓનું જ સામ્રાજ્ય હતું. નિકલસન પણ માર્યો ગયો.

બાદશાહે મહેલ છોડીને હુમાયુના મકબરામાં શરણ લીધું. રોહિલા સેનાપતિ બખ્તખાંની વારંવારની સલાહ છતાં તેણે દિલ્હી ન છોડ્યું અને વિશ્વાસઘાતી ઈલાહીબક્ષની સૂચનાથી હડસન પચાસ સૈનિકો સાથે મકબરા ઉપર આવી ગયો અને બાદશાહને તથા બેગમને કેદ કરી લીધાં. કેદ કરેલા શાહજાદાઓને રથમાં બેસાડીને લાલ કિલ્લામાં બાદશાહ પાસે લઈ જવાતા હતા ત્યારે રસ્તામાં જ રથ ઊભા રખાવીને હડસને પહેલાં બે શાહજાદા અને એક પૌત્રને વસ્ત્ર વિનાના કર્યા પછી ગોળીએથી વીંધી નાખ્યા.

ત્રણેના માથાં કાપીને કેદ કરાયેલા બાદશાહને ભેટ આપ્યાં. ત્રણેનાં માથાં દરવાજા ઉપર ટાંગી દીધાં તથા ધડોને કોટવાળીની સામે ટાંગવામાં આવ્યા, જેથી લોકો ઉપર ધાક બેસી જાય.

કેદી બાદશાહને રંગૂન લઈ જવાયો જ્યાં ૮૭ વર્ષની વયે તેનું અવસાન થયું. કહેવાય છે કે દિલ્હીમાં કદી ન થઈ હોય તેવી કત્લેઆમ શરૂ થઈ અને ભારે તબાહીમાં દિલ્હી બરબાદ થઈ ગયું. હિન્દુ મુસલમાન બંનેને લૂંટીને દિલ્હી બહાર કાઢી મૂકવામાં આવ્યા તથા તેમની માલમતા જપ્ત કરી લેવાઈ.

જે રાજ્યોમાં વિદ્રોહની અસર થઈ ન હતી તેઓ હતાં નર્મદાનો દક્ષિણી ભાગ, અર્થાત્ પૂરો દક્ષિણ ભારત, સિંધ, રાજસ્થાન, અફઘાનિસ્તાન, બંગાળનો મોટો ભાગ, પંજાબ વગેરે. અંગ્રેજોને પ્રત્યક્ષ સાથ આપનાર રજવાડા હતાં - પંજાબ, નેપાળના ગુરખા વગેરે, પંજાબના શીખોએ વિશેષરૂપથી અંગ્રેજોને સાથ આપ્યો. જો શીખોએ સાથ ન આપ્યો હોત તો વિદ્રોહને દબાવવો કઠિન હતો. જનરલ નીલે, મુંબઈ, મદ્રાસ અને રંગૂનથી પોતની ગોરી સેના મંગાવીને કલકત્તામાં ભેગી કરી.

અંગ્રેજો ઈરાન સાથે લડતા હતા, તે લડાઈ પૂરી કરીને અંગ્રેજ સેના ચીન ઉપર હુમલો કરવા જતી હતી તે બધી સેનાને ભારતમાં જ રોકી લીધી અને ચીન ઉપરનો હુમલો પડતો મુકાયો. આ રીતે સૈનિકસ્થિતિ મજબૂત કર્યા પછી જ્યાં જ્યાં વિદ્રોહ થયેલો ત્યાં ત્યાં અંગ્રેજોએ પ્રતિકાર શરૂ કર્યો. ઈ.સ. ૧૮૫૭નો બળવો, અંગ્રેજોની નીતિથી અન્યાય પામેલા રાજા-મહારાજા, નવાબો, જાગીરદારોનો મુખ્યત: હતો. સૈનિકોનો ધાર્મિક અસંતોષ તેમાં નિમિત્ત બન્યો. મેરઠના દેશી સિપાહીઓનાં ધાડાં જ્યારે દિલ્હી પહોંચ્યાં ત્યારે દિલ્હીના નામ માત્રના બાદશાહ પાસે કોઈ જ વિપ્લવની યોજના ન હતી. શરૂ શરૂમાં તો તે પોતે આ પ્રવાહમાં તણાવા તૈયાર પણ ન હતો, પણ પાછળથી પ્રવાહ એટલો પ્રચંડ બન્યો કે તે જોડાયો તો ખરો, પણ વિદ્રોહ કરતાં પહેલાં અને પછી જે વ્યવસ્થાઓ ગોઠવવી જોઈતી હતી તે કશી જ ન ગોઠવાઈ. એક જ પ્રક્રિયા કામ કરતી હતી કે જ્યારે જે પ્રશ્ન ઊભો થાય ત્યારે તેને ઉકેલવો. ત્રણ-ચાર મહિના સુધી દિલ્હી સ્વતંત્ર રહ્યું પણ યોજનાબદ્ધ ખાસ કાંઈ કરી શકાયું નહિ. આવું જ કાનપુર-લખનૌ-બનારસ-અયોધ્યા વગેરેમાં થયું. જે યોજનાબદ્ધ રીતે અંગ્રેજો તૈયાર થઈ ગયા અને એક થઈને વિદ્રોહને દબાવવા મંડી પડ્યા, તેવું વિપ્લવીઓમાં ન દેખાયું. એટલે એક પછી એક સ્થળોને અંગ્રેજોએ દબાવીને કચડી નાખ્યાં, સામેથી ભયંકર અત્યાચારો પણ કર્યા. અધૂરી હિંસા, પ્રચંડ હિંસાને આમંત્રણ આપતી હોય છે. વિપ્લવીઓએ, જ્યાં ને ત્યાં અંગ્રેજ અમલદારો તથા કેટલીક જગ્યાએ સ્ત્રી-બાળકોને ઉતાવળમાં મારી નાખ્યાં. જેથી અંગ્રેજોમાં બદલો લેવાની તીવ્રતા વધી ગઈ. અંગ્રેજોની માફક આવા માણસોને કેદ રાખીને તેનો રાજકીય લાભ લેવાની કુશળતા વિપ્લવીઓમાં ન હતી. વધુ પડતી લાગણીશીલ પ્રજા સ્થિરબુદ્ધિ કે ગંભીર આચારો નથી રાખી શકતી. વિદ્રોહી સૈનિકો વગેરે રાજકીય આચારોની ઉત્તમતા સાચવી ન શક્યા, એટલે સામા પક્ષને અત્યાચારી દમન કરવાની છૂટ મળી ગઈ. આઝાદીની ચળવળમાં મહાત્મા ગાંધીજીએ આદિથી અંત સુધી અંગ્રેજો પ્રત્યે વાણી અને વ્યવહારની ઉત્તમતા ટકવી રાખી હતી.

વિદ્રોહ નિષ્ફળ જવાના કારણો :- વિદ્રોહની નિષ્ફળતા માટે દેશી સૈનિકોમાં સ્પષ્ટ બે ભાગ પડી જવાનું કારણ પણ કહી શકાય. શીખ અને ગુરખા તો છેવટ સુધી અંગ્રેજોની સાથે જ રહ્યા. એટલું જ નહિ, તેમના જોરે જ અંગ્રેજો ઉત્તર ભારતના વિદ્રોહને દબાવી શક્યા. જો શીખ-ગુરખાઓ પણ આ વિદ્રોહમાં ભળ્યા હોત તો અંગ્રેજો કદી પણ વિદ્રોહને દબાવી શક્યા ન હોત. નેપાળના રાજાએ તો ઉપરથી અંગ્રેજોને મદદ કરી. પોતાને ત્યાં ભાગી આવેલાં સાઈઠ હજાર નિરાશ્રિતોને પાછાં કાઢ્યાં અને જે રહી ગયાં હોય તેને પકડી લઈ જવાની અંગ્રેજોને છૂટ આપી.

આ સિવાય સિંધિયા, હોલકર, નિઝામ જેવાં કેટલાંક રજવાડાં આ વિપ્લવથી દૂર રહ્યાં, ઉપરથી અંગ્રેજોને સાથ આપ્યો. પૂરું દક્ષિણ ભારત, રાજસ્થાન, પઠાણો વગેરે શાંત રહ્યાં. જેથી અંગ્રેજોને વિદ્રોહ દબાવવા માટે દિલ્હીથી બનારસ સુધીની પટ્ટીમાં જ

પ્રક્રિયા કરવી પડી. જો એકસાથે પૂરા દેશમાં વિદ્રોહ ફાટી નીકળ્યો હોત તો અંગ્રેજો તેને દબાવી ન શક્યા હોત.

આ વિદ્રોહ ભલે કચડી નંખાયો, તો પણ અંગ્રેજો સમજી ગયા કે ગમે તે રીતે મનમાની કરીને ભારત ઉપર રાજ્ય નહિ કરી શકાય. મહારાણી વિક્ટોરિયાનો ઢંઢેરો તેની સ્પષ્ટ પ્રતિક્રિયા છે. જેમાં સૌની ધાર્મિકતાનો આદર કરવાની સાથે એવી ઘણી વાતોનો સ્વીકાર કરાયો. જેથી અસંતોષ ઓછો થવા લાગ્યો. ધીરે ધીરે પ્રજા તથા શાસનો થાળે પડવા લાગ્યાં અને પછીના અંગ્રેજી શાસનના નેવું વર્ષના ગાળામાં ભારતમાં કોઈ યુદ્ધ ન થયું.

ઈ.સ. ૧૮૫૮ના મહારાણીના ઢંઢેરાથી ભારતમાં કંપનીના રાજ્યની જગ્યાએ સીધું જ મહારાણીનું રાજ્ય અર્થાત્ બ્રિટિશ તાજનું શાસન ચાલુ થઈ ગયું.

સિપાહી વિદ્રોહ કે સ્વાતંત્ર્યસંગ્રામ : ૧૮૫૭ની લડતને સિપાહીઓનો બળવો કહેવો કે પછી સ્વતંત્રતા સંગ્રામનું પ્રથમ યુદ્ધ. આ ઘટનાક્રમને જે પણ નામ અપાય, પણ એક વાત ચોક્કસ છે કે મોટા પાયા પર ફેલાયેલો આ વિદ્રોહ હતો. તે સમયે બ્રિટિશ સામ્રાજ્ય અડધી દુનિયામાં ફેલાયેલું હતું. પણ કોઈ દેશમાં આટલી ઉગ્ર સશસ્ત્ર પ્રતિક્રિયા જોવા નહોતી મળી.

પચાસ વર્ષ બાદ, ૧૯૦૭માં, સાવરકર દ્વારા લખાયેલા પુસ્તકમાં આ વિદ્રોહને સ્વતંત્રતાનું પ્રથમ યુદ્ધ નામ અપાયું. આ નામકરણ માટે સાવરકર જરૂર પ્રથમ ભારતીય હતા, પણ તે પહેલાં ૧૮૬૦માં, ન્યૂયોર્ક ડેઈલી ટ્રિબ્યુનના ત્રણ લેખોમાં સામ્યવાદી વિચારધારાના પ્રણેતા કાર્લ માર્ક્સે આ સંગ્રામને એ જ નામ આપ્યું હતું. બંનેનો સંદર્ભ જરૂર જુદો હતો. માર્ક્સની ધારણા પ્રમાણે ખેડૂતો દ્વારા મૂડીવાદીઓના શોષણ સામેનું આ પ્રથમ સ્વાધીનતા યુદ્ધ હતું. અવધના મોટા ભાગના સિપાહીઓ ખેડૂત હતા એટલે માર્ક્સે એમના આ સંઘર્ષ માટે સામ્યવાદી વિચારધારા લાગુ પાડી દીધી હતી. હકીકતમાં આ લડત ફિરંગી સરકાર સામે હતી, નહીં કે મૂડીવાદીઓ સામે. તે દૃષ્ટિએ સાવરકરનું અર્થઘટન વધારે યોગ્ય છે. આ સંઘર્ષનો ધ્યેય ફિરંગી સરકારને દેશ બહાર કાઢી મૂકી જૂની વ્યવસ્થા પાછી લાવવાનો હતો.

આને સ્વાધિનતાનું પ્રથમ યુદ્ધ કહેવું કે નહીં તે વિવાદનો પ્રશ્ન બની ગયો છે. આની પહેલાં ૧૮૦૬માં દક્ષિણ ભારતના વેલોરના કિસ્સામાં સિપાહીઓ દ્વારા મોટા પાયા પર સશસ્ત્ર વિદ્રોહ કરાયો હતો પણ એ બીજા વિસ્તારોમાં ફેલાયો નહોતો. મેરઠથી આરંભ થયેલી ૧૮૫૭ની લડતે સમસ્ત ઉત્તર અને મધ્ય ભારતને સમેટી લીધું હતું અને જાનમાલની આટલી મોટી ખુવારી પહેલાં ક્યારે ય થઈ નહોતી. લગભગ સાતસો વર્ષના મુસ્લિમ શાસનમાં પણ આટલા મોટા પાયા પર કોઈ વિદ્રોહ થયો નહોતો. મોગલ વંશના બાદશાહો આપણી સંસ્કૃતિમાં એ રીતે ભળી ગયા હતા કે હવે વિદેશી રહ્યા નહોતા. ઝફરને દિલ્હીની ગાદી પર બેસાડનાર મેરઠના સિપાહીઓમાં બહુમતી હિન્દુ હતા. ૧૮૫૭માં હિન્દુ અને મુસ્લિમ બંનેની દુશ્મનની અંગ્રેજ કંપની સરકાર સાથે હતી કારણ કે મોગલોએ કોમના આધાર પર પ્રજાનું વિભાજન નહોતું કર્યું. ઔરંગઝેબ જેવા કટ્ટરવાદીના શાસનમાં પણ ઘણાં હિન્દુઓ મહત્ત્વના સ્થાન પર હતા. જ્યારે અંગ્રેજોએ દેશી લોકોને ક્યારે ય મહત્ત્વનું સ્થાન આપ્યું નહીં.

૧૮૫૭ના સંગ્રામમાં કેટલી હદે રાષ્ટ્રીય ભાવના હતી તે આપણાં ઇતિહાસકારો માટે પણ એક વિવાદનો પ્રશ્ન છે. એક દલીલ કરાય છે કે જો આ સ્વતંત્રતા સંગ્રામ હતો તો આખો દેશ એમાં કેમ જોડાયો નહોતો. જો દેશની સ્વતંત્રતાનો જ પ્રશ્ન હતો તો આટલી મોટી સંખ્યામાં હિન્દુસ્તાની સૈનિકો કેવી રીતે અંગ્રેજ કંપનીની ફોજમાં પોતાના જ દેશવાસીઓ સામે લડ્યા હતા. ભાવનાઓના આધારે ઇતિહાસ નથી લખાતો. આ એક હકીકત છે કે દેશનો મોટો વિસ્તાર અને મોટાં રાજ્યો આ વિદ્રોહથી અલગ રહ્યાં હતાં. જે રાજાઓનું રાજ ગયું તેમણે વિદ્રોહમાં ઝંપલાવ્યું, પણ જેમના પર અંગ્રેજ નીતિઓની કોઈ ખરાબ અસર ન પડી તે તટસ્થ રહ્યા. સ્વતંત્રતા સંગ્રામની સરખામણીમાં આ વિદ્રોહને કદાચ ધર્મયુદ્ધ કહેવું વધારે યોગ્ય ગણાય. શરૂઆત અંગ્રેજ પાદરીઓના આક્રમક ધર્મપ્રચાર દ્વારા થઈ હતી. હિન્દુ અને મુસ્લિમ બંનેને લાગ્યું કે આ ફિરંગી સરકાર એમના ધર્મ અને સંસ્કૃતિનો નાશ કરવાની નીતિ અપનાવી રહી છે. વિદ્રોહ સમયના નેતા - ઝફર, નાના સાહેબ કે ઝાંસીની રાણી - દરેકે ધર્મના સંરક્ષણ માટે જનતાને જોડાવાનો અનુરોધ કર્યો હતો. આપણી ગુલામી તો સાતસો વર્ષથી ચાલી રહી હતી. દિલ્હી સલ્તનત અને મોગલ શાસન સામે કોઈ સ્વતંત્રતા યુદ્ધ નહોતું છેડાયું. કારણ સ્પષ્ટ હતું. એમણે ધાર્મિક લાગણીઓ સાથે આ પ્રકારની છેડછાડ ક્યારે ય કરી નહોતી. એકસો વર્ષમાં અંગ્રેજોએ આપણાં ધર્મ અને સંસ્કૃતિ પર જે રીતે આક્રમણ કર્યું તેવું ક્યારે ય બન્યું નહોતું. આ સ્ફોટક સ્થિતિમાં જેમનું રાજ્ય ગયું હતું તેવા રાજાઓએ નેતૃત્વ પુરું પાડ્યું અને ફિરંગી સરકાર સામે વિદ્રોહની આગ ભડકાવવામાં મદદરૂપ થયા. ધર્મ મહત્ત્વનો મુદ્દો હતો તે બ્રિટિશ સરકારને પણ સમજાઈ ગયું હતું. જ્યારે રાણી વિક્ટોરિયાએ સત્તા પોતાના હાથમાં લીધી ત્યારે જાહેરનામામાં સ્પષ્ટ ઉલ્લેખ કરાયો હતો કે ભવિષ્યમાં કોઈ પણ ધર્મની બાબતમાં બ્રિટિશ સરકાર દખલ નહીં કરે.

આપણાં અનેક ઇતિહાસકારોએ ૧૮૫૭ની ઘટનાઓ વિષે લખ્યું છે. વિદ્રોહની શતાબ્દી (૧૯૫૭) વખતે દેશને સ્વતંત્ર થયે કેવળ દસ જ વર્ષ થયાં હતાં. તે સમયે વિદ્રોહ વિષે અમુક ઇતિહાસકારોએ લખેલાં પુસ્તકો પ્રકાશિત થયાં હતાં. એસ.એન. સેન દ્વારા લખાયેલા પુસ્તકમાં આને રાષ્ટ્રીય ક્રાંતિ ગણવામાં આવી છે જે સ્વાધીનતાસંગ્રામ જેવા વિધાનની નજીક છે. આર.સી. મજુમદારે વિપરીત દૃષ્ટિકોણ રજૂ કર્યો છે, જેમાં આ વિપ્લવને સીમિત વિસ્તાર સુધીનો બળવો જ માનવામાં આવ્યો છે. એસ.બી. ચૌધરીની દૃષ્ટિમાં આ રાષ્ટ્રીય ક્રાંતિ હતી તો રુદ્રાંશુ મુખર્જી એની સાથે સહમત નથી. જેઓ પ્રતિષ્ઠિત ઇતિહાકાર નથી પણ ઐતિહાસિક વિષયો પર લખ્યું છે એમણે પણ પોતાના અભિપ્રાયો આપ્યા છે. ખુશવંતસિંહ માને છે કે આ વિદ્રોહ એક જ ક્ષેત્ર પૂરતો સીમિત હતો અને એને સ્વાધીનતાસંગ્રામ ન કહી શકાય. સર સૈયદ અહમદખાન અને દાદાભાઈ નવરોજી આને અમુક ક્ષેત્રો સુધી સીમિત સિપાહી બળવો જ માને છે. એમનું એ પણ માનવું છે કે જો આ સફળ થયો હોત તો ભારત મધ્યયુગમાં ધકેલાઈ ગયું હોત. અંગ્રેજોના વિજયથી આધુનિક વિજ્ઞાનની પ્રગતિનો લાભ આપણને મળી શક્યો. દેવેન્દ્રનાથ ઠાકુર અને દક્ષિણારંજન મુખોપાધ્યાય પણ આને કેવળ સિપાહી બળવો જ ગણે છે. બંગાળના નવજાગરણના નેતા દક્ષિણારંજન મુખોપાધ્યાયે તે સમયે લંડન ટાઈમ્સમાં એક લેખ લખી આ બળવાની નિંદા પણ કરી હતી. વિલિયમ ડેલરિમ્પલે 'ધ લાસ્ટ મોગલ'માં ઝફરનું જીવનચરિત્ર લખ્યું છે. દિલ્હી શહેરની ઘટનાઓને ધ્યાનમાં રાખી એ આને ધર્મયુદ્ધનું નામ આપે છે અને મોગલ બાદશાહને ફરી સત્તારૂઢ કરવાની પ્રક્રિયા ગણે છે.

સાવરકર પહેલા ભારતીય હતા જેમણે આ વિદ્રોહને સ્વાધીનતાસંગ્રામનું પ્રથમ યુદ્ધ કહ્યું હતું. ૧૯૦૭માં પ્રકાશિત એમના પુસ્તકમાં આ વિધાન કરાયું છે. તે સમયની સ્થિતિ જોતાં એ અનુરૂપ લાગે છે. ૧૯૦૫માં બંગાળના ભાગલાને લીધે હિંસક ક્રાંતિની શરૂઆત થઈ. આ ક્રાંતિકારીઓ માટે ૧૮૫૭ની ઘટનાઓ જરૂર પ્રેરણારૂપ હતી. બંગાળના ભાગલા બાદ સ્વતંત્રતાસંગ્રામનો આરંભ થયો જે હિંસક હતો. સાવરકર પોતે ક્રાંતિકારી હતા અને આ સંગ્રામમાં એમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સમકાલીન સ્વતંત્રતાસંગ્રામ માટે ૧૮૫૭ને પ્રેરણાસ્ત્રોત ગણી ક્રાંતિકારીઓએ જૂના હિંસક વિદ્રોહને જોડી દીધો અને એને પ્રથમ યુદ્ધ ગણ્યું. ૧૯૦૮માં સાવરકરે લંડનમાં કહ્યું હતું કે ૧૮૫૭માં આરંભ થયેલો સંગ્રામ આજે પણ ચાલુ છે. જો કે ૧૮૫૭નો જંગ અમુક ક્ષેત્રો સુધી જ સીમિત હોવાથી એને રાષ્ટ્રીય સંઘર્ષ ગણવો કે નહીં તે વિષે વિદેશીઓમાં જ નહીં પરંતુ આપણાં પોતાના ઇતિહાસકારોમાં પણ મતભેદ જોવા મળે છે.

બંને વિચારધારાઓ માટે પૂરતી દલીલો રજૂ કરાય છે. જે આજે સ્વતંત્રતા સંગ્રામનું પ્રથમ યુદ્ધ ગણે છે એમનું માનવું છે કે આ વિદ્રોહ કેવળ સિપાહીઓ સુધી સીમિત ન રહી, જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો હતો. 'સિપાહી બળવો' એ બ્રિટિશ સત્તાધીશોનું નામકરણ છે પણ વાસ્તવમાં આ મોટા પાયા પર થયેલી ક્રાંતિ હતી. જો આ કેવળ સિપાહી બળવો જ હોય તો એમાં સક્રિય ભૂમિકા ભજવનારા રાજાઓ, જમીનદારો કે તાલુકાદારો ક્યારેય સિપાહી નહોતા. ઉત્તર ભારતમાં જનઆક્રોશ ચરમ સીમા પર હતો અને દેશના અન્ય વિસ્તારો પણ સંપૂર્ણ રીતે શાંત ન કહી શકાય. અનેક સ્થળે અંગ્રેજો સામે જનતા દ્વારા વિદ્રોહ કરાયાની ઘટનાઓ નોંધાઈ છે. જેમણે સક્રિય ભાગ નહોતો લીધો એમની ઈચ્છા પણ ફિરંગી રાજનો અંત લાવવાની જ હતી. રાજાઓ અને નવાબો ઉપરાંત અસંખ્ય લોકોએ આ ક્રાંતિમાં ભાગ લીધો હતો. અનેક અનામ શહીદ થઈ ગયા જેમને સિપાહીઓ સાથે કોઈ જ સંબંધ નહોતો. જનતાએ અંગ્રેજ સરકારની દમનકારી નીતિ સામે હથિયાર ઉપાડ્યા હતા અને શક્તિશાળી બ્રિટિશ સૈન્યને લડત આપી હતી.

વિરોધમાં દલીલ કરનારાઓનું માનવું છે કે આ લડતનું યુદ્ધક્ષેત્ર હિન્દીભાષી પ્રદેશો (અવધ, બુંદેલખંડ અને રોહિલખંડ) સુધી જ સીમિત રહ્યું હતું. તે સમયે એક રાષ્ટ્ર કે રાષ્ટ્રીયતાની ભાવના હતી જ નહીં. દરેક રાજા પોતાની વ્યક્તિગત લડાઈ લડી રહ્યો હતો. જેમને બ્રિટિશ નીતિની અવળી અસર થઈ તે જ રાજાઓ વિદ્રોહમાં જોડાયા હતા, બાકીના બ્રિટિશની તરફેણમાં હતા અથવા તટસ્થ રહ્યા હતા. એક એવી પણ દલીલ કરાય છે જો આ ખરેખર દેશવ્યાપી જનવિદ્રોહ હતો તો આટલી મોટી સંખ્યામાં ભારતીય સૈનિકો બ્રિટિશ ફોજ તરફથી શા માટે લડ્યા હતા અને તે પણ પોતાના જ દેશવાસીઓની સામે. વિદ્રોહ કેવળ બંગાળ આર્મી સુધી જ સીમિત હતો. દરેક મોટા હિન્દુ રાજા (જેમ કે સિંધિયા, હોલકર, ભોંસલે કે ગાયકવાડ) આ વિદ્રોહથી અલગ રહ્યા હતા. દક્ષિણમાં નિઝામે પણ સાથ નહોતો આપ્યો. મોગલ સામ્રાજ્ય ફરી દિલ્હીની ગાદી પર પ્રસ્થાપિત થાય તે કોઈ પ્રમુખ રાજાને સ્વીકાર્ય નહોતું. ૧૮૫૭માં જો અંગ્રેજો પરાજિત થયા હોત તો એક માત્ર વિકલ્પ હતો - મોગલ સામ્રાજ્યનું પુનરાગમન. આ એક મુખ્ય કારણ હતું. જેના લીધે મોટાં રાજ્યો અને શીખોએ બ્રિટિશ તરફી વલણ અપનાવ્યું હતું.

બંને પક્ષની દલીલો એમની રીતે સાર્થક છે. હકીકત એ હતી કે ભૌગોલિક દૃષ્ટિએ સીમાબદ્ધ હોવા છતાં ય આ વિદ્રોહ એટલો હિંસક હતો કે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના

શાસનનો અંત આવ્યો. અસર એટલી વ્યાપક હતી કે ૨૭ જુલાઈ, ૧૮૫૭ના દિવસે ઈંગ્લેન્ડના હાઉસ ઓફ કોમન્સમાં ડિઝરેલીએ પ્રશ્ન કરવો પડ્યો - શું આ સિપાહી બળવો છે કે રાષ્ટ્રીય વિદ્રોહ? બ્રિટિશ સરકારે આને બળવો ગણાવ્યો. બ્રિટિશ સરકાર સંમત હતી કે આવી સ્ફોટક સ્થિતિ માટે કંપનીના અધિકારીઓની અણઆવડત અને જક્કી વલણ જ જવાબદાર હતું. માટે જ વિદ્રોહ દબાતાંની સાથે જ રાણીએ સત્તા પોતાના હાથમાં લઈ લીધી હતી.

૧૮૫૭ના વિદ્રોહની અસફળતા માટેનું મુખ્ય કારણ એ ગણાય છે કે આ લડત એકી સાથે નહીં પણ ટુકડે ટુકડે ફેલાઈ હતી અને ઘણાં મોટાં રાજ્યો એમાં જોડાયાં નહોતા, તે ઉપરાંત એનો વિસ્તાર પણ સીમિત હોવાથી એને દબાવી શકાઈ હતી. જોકે એમાં પણ લગભગ બે વર્ષ લાગી ગયાં. વિદ્રોહની શરૂઆતની સફળતા વેડફાઈ ગઈ કારણ કે ઝફર પાસે જે નેતૃત્વની આશા હતી તે આપી ન શક્યો. બીજો કોઈ રાષ્ટ્રીય સ્તરનો નેતા મળ્યો નહીં. અને જેમણે નેતૃત્વ લીધું એમનું વર્ચસ્વ પોતાના ક્ષેત્ર સુધી જ અસરકારક રહ્યું. દિલ્હી પર અંગ્રેજોના વિજય બાદ આખી બાજી પલટાઈ ગઈ. વિદ્રોહીઓને ચાર મહિનાનો સમય મળ્યો પણ લાલ કિલ્લાના શાસકો કાવાદાવામાં વ્યસ્ત રહ્યા અને બાજી પલટાઈ ગઈ. અંગ્રેજો પૂરવઠો મળવાથી મજબૂત થઈ ગયા. વિદ્રોહી નેતાઓ વ્યક્તિગત શૌર્યતાની મિસાલ બની ગયા, પણ એમની વચ્ચે સંગઠનનો અભાવ જણાયો. બ્રિટિશ સેનાપતિઓને યુદ્ધક્ષેત્રનો બહોળો અનુભવ હતો, જ્યારે વિદ્રોહીઓ પાસે એ કક્ષાના સેનાપતિઓની ખામી હતી. રણમેદાન પર ઝાંસીની રાણી, કુંવરસિંહ, તાત્યા ટોપે કે બખ્તખાનની કક્ષાનું નેતૃત્વ બીજા ન આપી શક્યા. ઝાંસીની રાણી અને કુંવરસિંહ થોડા સમય બાદ જ શહીદ થઈ ગયા. બખ્તખાન રાજકીય કાવાદાવાનો શિકાર બની નિષ્ક્રિય થઈ ગયો. તાત્યા ટોપે સૌથી લાંબુ ટક્યો અને બ્રિટિશ સૈન્યને હેરાન કરતો રહ્યો. ટેલિગ્રાફ અને રેલવેનો લાભ પણ કેવળ અંગ્રેજોને જ મળ્યો. અને એમનું સંગઠન વધારે સશક્ત પુરવાર થયું. સમય જતાં બ્રિટિશ સૈન્યને વિદેશથી મદદ મળી અને વિદ્રોહી નેતાઓ વિખેરાઈ ગયા.

આ બે વર્ષ દરમ્યાન ઉત્તર ભારતની પ્રજાને સૌથી વધુ સહન કરવું પડ્યું. આ પ્રદેશના વણકરોની મોટા પાયે હિજરત થઈ અને એ લોકો મહેશ્વર (ઈન્દોર નજીક), ભીવંડી અને માલેગાવમાં સ્થાયી થયા જે આજે પણ હાથવણાટના ઉદ્યોગ માટે જાણીતા છે. પૂરબિયા લોકોને બ્રિટિશ સરકાર દ્વારા વેસ્ટ ઈન્ડિઝ કે મોરેશિયસ મજૂરી માટે મોકલી દેવાયા. એક સમયનો ઔદ્યોગિક વિસ્તાર માત્ર ખેતી પર નિર્ભર થઈ ગયો અને દુકાળોની હારમાળામાં ઝડપાઈ ગયો.

આજે ૧૮૫૭ના વિદ્રોહની દોઢસોમી જયંતી ઉજવાઈ રહી છે ત્યારે એક પ્રશ્ન ઊભો થાય છે - શું આપણે આ વિદ્રોહ સાથે સંકળાયેલી ઈમારતો અને સ્મારકોની જાળવણી કરી શક્યા છીએ? આજે ઘણીખરી ઈમારતો બિસ્માર હાલતમાં છે અને આ સ્થળો વિષેની યોગ્ય માહિતી દર્શાવતી તક્તીઓ પણ મૂકવામાં આવી નથી. આ દોઢસોમી જયંતી વિષે ભારતમાં છે તેવો ઉત્સાહ પાકિસ્તાન કે બાંગ્લાદેશમાં જોવા નથી મળ્યો. ઈંગ્લેન્ડ તો આ ઘટનાઓને એક દુસ્વપનની જેમ ભૂલી જવા માંગે છે. આ વિષય પર ભારતીય ભાષાઓમાં અને અંગ્રેજીમાં ઘણું લખાયું છે, છતાં ય ક્યારેક માહિતીની ખામી જણાય છે. એક વિદેશી પત્રકાર દ્વારા કરાયેલું સૂચન અમલમાં મૂકવા જેવું છે. એનું નિરીક્ષણ છે કે ભારત જેવા કૉમ્પ્યુટર શિક્ષિત દેશમાં ૧૮૫૭ના વિદ્રોહ વિષેની બધી જ માહિતી કેમ ઓન-લાઈન મૂકવામાં આવી નથી? જયંતીના વર્ષમાં આ સૂચન અપનાવવા જેવું લાગે છે.

આપણા નેતાઓ રંગૂન જાય છે ત્યારે ઝફરની મઝારની મુલાકાત લઈ વચનો આપે છે કે એને સન્માન સાથે દિલ્હી ખસેડવામાં આવશે. આ દિશામાં આજ સુધી વચનો સિવાય કંઈ જ નક્કર થયું નથી. શું ઝફરને દેશની રાજધાનીમાં 'બે ગજ જમીન' આપી, છેલ્લા મોગલ બાદશાહની અંતિમ ઇચ્છા પૂરી કરી, એનું યોગ્ય સ્મારક ન બનાવી શકાય? આ ઉજવણીના પ્રસંગે આ પ્રશ્ન પણ વિચાર કરવા લાયક છે.

આન્દામાનનો ટાપુ 'કાળા પાણી'ના નામથી કુખ્યાત હતો અને અહીંની સરક્યુલર જેલમાં કેટલાં ય વીરોને આજીવન કેદ અથવા ફાંસીની સજા અપાઈ છે. નેતાજી સુભાષચંદ્ર બોઝે આ ટાપુનું નામ બદલી 'સ્વરાજ' અથવા 'સ્વાધીનતા' ટાપુ રાખવાનું સૂચન કર્યું હતું. આ સૂચન તો અમલમાં નથી મુકાયું, પણ એથી વધારે આઘાતજનક હકીકત એ છે કે આજે પણ અહીંના અમુક ટાપુઓ બ્રિટિશ સેનાપતિઓના નામથી ઓળખાય છે. આવા નામોમાં રોજ, આઉટરામ, હેવલોક, નિકલસન અને નીલનો સમાવેશ થાય છે. નીલ અને નિકલસન જેવા અત્યાચારીઓનાં નામ બદલવાની જરૂરત છે અને આ દોઢસોમી જયંતીના પ્રસંગે શું એટલું પણ ન કરી શકાય?

ભારતીય ઇતિહાસના આવા મહત્ત્વના સંગ્રામની જયંતી ઉજવવી યોગ્ય છે. પણ કેવળ આ વર્ષે ઉજવણી કરી પછી ભૂલી જવાથી આ લડતના શૂરવીરોની શહાદતની સાચી કદર થતી નથી. ૧૮૫૭ સાથે સંકળાયેલી દરેક ઇમારત કે સ્મારકની જાળવણી થાય અને તેને યોગ્ય સન્માન મળે તે જરૂરી છે .

૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ અને મુસ્લિમોની ભૂમિકા : બળવાનું ગુપ્ત આયોજન : ૧૮૫૭નું આંદોલન એ એક વિશાળ પાયાની રાષ્ટ્રવ્યાપી લડત હતી. આ જંગ દેશનાં અનેક ક્ષેત્રોમાં ફેલાયો હતો. આટલી વ્યાપક લડત માટે વ્યવસ્થિત અને આયોજનબદ્ધ સંચાલન તથા વિવિધ વિસ્તારોમાં ફેલાયેલા લડવૈયાઓ વચ્ચે સેતુ સાધવાની જરૂરત હતી. 'વહાબી આંદોલન'ના ઉલેમા ૧૯મી સદીના પૂર્વાધથી જ ખૂબ ધીમી ગતિએ પણ મક્કમ રીતે દેશમાં અંગ્રેજો વિરૂદ્ધ એક વ્યાપક જંગ ચલાવવાના વાતાવરણનું નિર્માણ કરી રહ્યા હતા. અંતે વિશાળ પાયે લોકમાનસ કેળવાયા પછી, વિપ્લવ માટે ગુપ્ત મિટિંગોનાં આયોજનનું પણ ઇતિહાસમાં વર્ણન મળે છે. અંગ્રેજ લેફ્ટેનન્ટ જનરલ ટી.એફ. વિલ્સને લશ્કરની વિવિધ રેજીમેન્ટો દ્વારા થતી આવી ગુપ્ત મિટિંગોનું વિસ્તૃત વર્ણન તેમના પુસ્તક Defence of Lucknowમાં કર્યું છે. વિનાયક સાવરકર નોંધે છે. કે 'જ્યારે સિપાઈઓ ગુપ્ત મિટિંગોમાં મળતા તો માત્ર બે આંખો ખુલ્લી રાખીને બાકી સમગ્ર ચહેરો ઢાંકી દેતા હતા, જેથી તેમની ઓળખ ગુપ્ત રહે. પછી તેઓ અંગ્રેજો દ્વારા સમગ્ર દેશમાં થતા ભયાનક અત્યાચારોની વિસ્તૃત ચર્ચા કરતા હતા.'

છેલ્લે લડાઈ શરૂ કરવાના પ્રતીક રૂપે તમામ રેજીમેન્ટોમાં તથા ગુપ્ત સમિતિઓના સભ્યોને વિશેષ આકારની રોટલીઓ વહેંચવામાં આવી. ચપાતીઓની આ વહેંચણી એ લડત શરૂ કરવાનો સંકેત હતો. અંગ્રેજ ઇતિહાસકાર સી.બી. મેલીસન નોંધે છે કે 'રોટલીઓની વહેંચણીના આયોજનનું ષડયંત્ર મોલ્વી અહમદુલ્લાહે ઘડ્યું હતું.'

૬ મે ૧૮૫૭ના દિવસે મેરઠ છાવણીમાં, ૯૦ સિપાઈઓની પસંદગી કરીને તેમની વચ્ચે ચરબી લગાડેલા કારતૂસો વહેંચવામાં આવ્યા. કારતૂસો પર ભૂંડ અને ગાયની ચરબી લગાડેલી હોવાથી, ૮૫ સૈનિકોએ કારતૂસો લેવાની સ્પષ્ટ ના પાડી દીધી. (આ સૈનિકો પૈકી ૪૯ મુસલમાન હતા) ૯મી મેના દિવસે આ સૈનિકોને અપમાનજનક રીતે દસ-દસ વર્ષની સખત કેદની સજા સંભાળવવામાં આવી. તેમના ચંદ્રકો ઝૂંટવી લેવામાં આવ્યા અને તેમને હાથકડીઓ પહેરાવીને પગપાળા શહેરના કેદખાનામાં મોકલી દેવામાં આવ્યા. આ અત્યાચારી ઘટનાએ સામાન્ય પ્રજામાં પણ ખળભળાટ મચાવી દીધો. ભારતીય સિપાઈઓ માટે આ ઘટના ખૂબ ચિંતાજનક હતી. આથી ૧૦મી મેની સાંજે ફોજની એક ટુકડીએ ખુલ્લો બળવો પોકાર્યો અને ચોકીઓને આગ લગાડી દીધી. બે પગપાળા પલ્ટનોએ જેલ પર હુમલો કર્યો અને તમામ કેદીઓને છોડાવી દીધા. સૈનિકોએ 'દિલ્હી ચલો'નું સૂત્ર પોકારતાં દિલ્હીનો માર્ગ પકડ્યો અને માત્ર ૯ કલાકમાં ૪૪ માઈલનું અંતર કાપીને ૧૧મી મેની વહેલી સવારે તેઓ દિલ્હી પહોંચ્યા. લશ્કર સીધું દિલ્હી પહોંચ્યું અને મુગલ શાસક બહાદુરશાહ ઝફરને લશ્કરનું નેતૃત્વ સંભાળવા અને માર્ગદર્શન આપવા વિનંતી કરી. વિપ્લવકારી સૈનિકો વિશાળ ભારતના ભાવિ શાસક તરીકે બહાદુર શાહ ઝફરના નેતૃત્વમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવતા હતા. આથી જ તમામે સર્વસંમતિથી બહાદુરશાહને જંગનું નેતૃત્વ સંભાળવા અપીલ કરી.

દિલ્હીમાં બળવો : મેરઠના સિપાઈઓનો ઉત્સાહ અને તેમની સફળતાને જોતાં દિલ્હી છાવણીની ૪૫મી રેજીમેન્ટના સિપાઈઓ પણ બળવામાં સામેલ થયા. દિલ્હીની સામાન્ય જનતા પણ વિશાળ સંખ્યામાં લડતમાં સામેલ થઈ. આથી વિપ્લવકારીઓની શક્તિ ખૂબ વધી ગઈ. જનતાએ જંગનું નેતૃત્વ સંભાળવા બહાદુરશાહને આગ્રહ કર્યો. લોકોના આગ્રહને જોતા ખૂબ વિચાર-વિમર્શ અને સલાહ મશવરા પછી અંતે ૧૩મી મેના રોજ બાદશાહે દરબાર ભર્યો અને જંગનું નેતૃત્વ સંભાળવાની જાહેરાત કરી.

બહાદુરશાહ ખૂબ વૃદ્ધ અને અશક્ત હતા, તેમ વર્ણવીને કેટલાક લેખકો વિપ્લવમાં બહાદુરશાહ ઝફરનાં મહત્ત્વ અને તેમના યોગદાનને ઘટાડવાનો પ્રયત્ન કરે છે; પરંતુ ઐતિહાસિક તથ્યો દર્શાવે છે કે આ જંગમાં બહાદુરશાહે ખૂબ સમજદારી પૂર્વક એક મહાન દેશના શાસકને છાજે તેવી મહત્ત્વપૂર્ણ ભૂમિકા બજાવી છે.

૧૮૫૭ની ઘટનાઓનું ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરનાર વિશ્વ-વિખ્યાત ચિંતક કાર્લ માર્કસના મત મુજબ જંગનું નેતૃત્વ બહાદુરશાહને સોંપવાની પહેલ હિન્દુ સિપાઈઓએ કરી. તેનાથી બે લાભ થયા. પ્રથમ એ કે હિન્દુ-મુસ્લિમ એકતા ખૂબ મજબૂત બની. બીજું એ કે દિલ્હી દેશનું કેન્દ્રીય સ્થાન હોવાથી આંદોલન સમગ્ર દેશમાં વ્યાપક રીતે ફેલાયું.

વિપ્લવકારી સૈનિકોએ જ્યારે એક મતે બહાદુરશાહ ઝફરને સમગ્ર ભારતના શાસક જાહેર કર્યા ત્યારે તેનું નેતૃત્વ સંભાળ્યા પછી બહાદુરશાહે એક જાહેરનામું બહાર પાડ્યું. આ જાહેરનામાથી જંગમાં બહાદુરશાહની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો અંદાજો લગાવી શકાય છે. તેમણે જાહેર કર્યું કે,

'એ વાત બધા લોકો બહુ સારી રીતે જાણે છે કે હાલમાં ભારતના લોકો, હિન્દુ અને મુસલમાન બન્ને, અધર્મી અને વિશ્વાસઘાતી અંગ્રેજોના અત્યાચારી શાસન હેઠળ કચડાઈ રહ્યા છે. આથી ભારતના તમામ ધનિકોની અને ખાસ કરીને તે લોકોની જેઓ કોઈપણ મુસ્લિમ ઉમરાવો સાથે કોઈ પણ પ્રકારના સબંધો ધરાવે છે, તેમની ફરજ છે કે તેમનાં પ્રાણ અને ધન પ્રજાની ભલાઈ માટે ન્યોછાવર કરે ... હું ભારતનો શાસક, દેશના પૂર્વ ભાગમાં રહેતા એ વિશ્વાસઘાતીઓને દેશમાંથી હાંકી કાઢવા અને ગરીબ નિ:સહાય

લોકોનું રક્ષણ કરવા તથા તેમને સ્વતંત્ર કરાવવા કે જેઓ અત્યારે તેમના લોખંડી જુલમી શાસન હેઠળ નિસાસા નાંખી રહ્યા છે, જેહાદીઓની મદદથી પ્રયત્ન કરી રહ્યો છું.

કેટલાક હિન્દુ અને મુસ્લિમ આગેવાનો કે જેમણે પોતાના ધર્મના રક્ષણ માટે પોતાનું ઘર છોડ્યું છે, ત્યારથી ભારતમાંથી અંગેજ શાસનને નિર્મૂળ કરવા યથાશક્તિ ભરપૂર પ્રયત્નો કરી રહ્યા છે, તેમણે તેમની જાતોને મારા ચરણે ધરી દીધી છે અને ભારતને મુક્ત કરાવવાના ધર્મયુદ્ધના સહભાગી બન્યા છે ..... આથી, પ્રજાની જાણકારી માટે આ વિવિધ ભાગોમાં વિભાજિત જાહેરનામું બહાર પાડીને પ્રચાર માટે મૂક્યું છે. તમામની એ જવાબદારી છે કે તેના ઉપર કાળજીપૂર્વક વિચાર કરીને સંપૂર્ણ અમલ કરે. જે લોકો આ જનહિતના કાર્યમાં સામેલ થવા ઇચ્છુક છે, પરંતુ તેમની પાસે ભરણપોષણનો ખર્ચ નથી, તેમને રાજ્ય તરફથી રોજિંદા ગુજરાનનો ખર્ચ આપવામાં આવશે. .... તમામ જ્યોતિષો અને પંડિતોની ગણતરીઓ એ વાતમાં સંમત છે. કે ખૂબ ટૂંકા સમયમાં આ દેશમાંથી અને અન્ય સ્થળોએથી અંગ્રેજોનું અસ્તિત્વ ભૂંસાઈ જશે. આથી તમામ માટે જરૂરી છે કે મારા પડખે રહીને, બ્રિટિશ શાસન જારી રહેવાની આશા ત્યજી દઈને, રાજાશાહી કે સાર્વભૌમ સત્તા સ્થાપવા માટેના સમાજહિતના કાર્યમાં પોતાના વ્યક્તિગત પ્રયત્નો કરે અને એ રીતે પોતાનું લક્ષ્ય સિદ્ધ કરે. નહીંતર જો આ સોનેરી તક હાથમાંથી સરકી જશે તો તમારી મૂર્ખતા પર પસ્તાવવું પડશે.'

બહાદુરશાહનું બીજું સૌથી મહત્ત્વનું પગલું એ હતું કે તેમણે જંગનું અને સરકારનું સમગ્ર સંચાલન જનરલ બખ્તખાન જેવા બાહોશ, બહાદુર, નિષ્ઠાવાન, યુદ્ધના દાવપેચમાં નિષ્ણાત અને પ્રજાના હિતેચ્છુ મહાપુરુષને સોંપ્યું હતું. બહાદુરશાહે જંગનું નેતૃત્વ સંભાળ્યા પછી દસ સભ્યોની એક કમિટી બનાવી, જેમા પાંચ સભ્યો હિન્દુ હતા. સંચાલન માટે બાદશાહ રાજ્યનો તમામ વહીવટ કરવા વાકેફ હતા, આથી દિલ્હીમાં બખ્તખાનનું આગમન થતાં જ બાદશાહે બખ્તખાનને આ સમિતિના પ્રમુખ બનાવીને સમગ્ર વહીવટ તેને સોંપી દીધો અને જાહેર કર્યું કે 'સંચાલન સમિતિ જે પણ આદેશ જાહેર કરશે તેમાં રાજ્યનો કોઈ પણ અધિકારી કે કોઈપણ રાજકુમાર કોઈ પ્રકારનો હસ્તક્ષેપ નહીં કરે.' ૧૮૫૭ના જાણીતા ઇતિહાસકાર ખ્વાજા હસન નિઝામીએ જનરલ બખ્તખાનને ભારતીય ઇતિહાસના બીજા શેરશાહ કહ્યા છે.

લડત ફરજિયાત હોવા અંગે ફતવો :- આ દરમિયાન મહાન મુસ્લિમ વિદ્વાન અને ૧૮૫૭ના ક્રાંતિકારી નેતા મુફ્તી ઈકરામુદીન તથા અન્ય ઉલેમાએ એક ધાર્મિક ફતવો બહાર પાડ્યો. ફતવામાં તેમણે બ્રિટિશ શાસન વિરુદ્ધ જેહાદ ફરજિયાત હોવાની જાહેરાત કરી.

ફતવાના કેટલાક અંશો આ પ્રમાણે છે. : 'મજકુર પરિસ્થિતિમાં જો શહેરના લોકો મુકાબલો કરવા સક્ષમ હોય, તો તેમના ઉપર જેહાદ ફરજિયાત છે. હાલમાં શહેરના લોકોને લશ્કરની મદદ તથા હથિયારો પ્રાપ્ત થવાથી તેઓ મુકાબલો કરવા અને લડવાની શક્તિ ધરાવે છે. આથી નિઃશંક તમામ લોકો ઉપર જેહાદ ફરજિયાત (ફર્ઝે ઐન) છે .... જો દુશ્મન અન્ય શહેરો પર હુમલો કરવાની, કત્લે આમ કરવાની કે લૂંટમાર કરવાની યોજના ઘડે તો તે શહેરવાળાઓ ઉપર પણ તેમની શક્તિ મુજબ જૈહાદ ફરજિયાત લેખાશે.'

આ ફતવા ઉપર મૌલવી અબ્દુલ કાદીર, કાઝી ફૈઝ અહમદ બદાયુની, મૌલાના રહમતુલ્લાહ, ડૉ. વઝીર અકબરાબાદી, મૌલવી મુબારકઅલી રામપુરી અને મુફ્તી સદરૂદ્દીન સહિત અનેક ઉલેમાએ હસ્તાક્ષર કરી જેહાદને સમર્થન આપ્યું.

ફતવાને સમર્થન આપતાં અન્ય એક ક્રાંતિકારી નેતા મૌલાના ફઝલે હક ખૈરાબાદી લખે છે કે, 'ગામડાઓ, નગરો અને શહેરોના કેટલાક બહાદુર મુસલમાનોનું જૂથ અંગ્રેજો વિરુદ્ધ જંગે ચડ્યું છે. તેમને આ અગાઉ કેટલાક અલ્લાહથી ડરનાર ઉલેમા (વિદ્વાનો) પાસે આ અંગે ફતવો પ્રાપ્ત કર્યો છે.'

ઉલેમાના આ ફતવાને ખૂબ વિશાળ સંખ્યામાં લોક પ્રતિસાદ સાંપડ્યો. પરિણામે ખૂબ મોટી સંખ્યામાં લોકોએ લડતને સમર્થન આપ્યું અને દેશના વિવિધ ભાગોમાં સિપાઈઓ અને આમ જનતાએ બ્રિટિશ શાસન વિરુદ્ધ યુદ્ધ શરૂ કર્યું. મે મહિનાની ૧૩મીએ ફિરોઝપુરમાં, ૨૦મીએ અલીગઢમાં, ૨૧મીએ નવશેરવાં (પંજાબ)માં, ૨૩મીએ ઈટાવામાં, ૨૫મીએ રૂરકીમાં, ૩૦મીએ મથુરા અને લખનઉમાં, ૩૧મીએ બરેલી અને શાહજહાંપુરમાં, ૧લી જૂને મુરાદાબાદમાં, ૩જી જૂને આઝમગઢમાં, ૪થી જૂને બનારસ અને કાનપુરમાં, ૬ઠ્ઠી જૂને અલ્હાબાદમાં, ૭મી જૂને ફૈઝાબાદમાં અને દેશના વિવિધ સ્થળોએ ક્રાંતિની જવાળાઓ ફેલાવવા લાગી, જ્યારે રોહીલાખંડનો યુવાન ક્રાંતિકારી જનરલ બખ્તખાન પોતાનું લશ્કર લઈને દિલ્હી પહોંચ્યો, તો બહાદુરશાહે જંગનું સંચાલન બખ્તખાનને સોંપી દીધું. તેમણે લશ્કરને વ્યવસ્થિત અને સંગઠિત કર્યું. તેમણે પોતાના સિપાઈઓને છ માસનું વેતન એડવાન્સ ચૂકવી દીધું. બહાદુરશાહે જનરલ બખ્તખાનના સુવ્યવસ્થિત સંચાલનથી ખુશ થઈને તેને 'ફખરૂદૌલા' અને 'લોર્ડ ગવર્નર બહાદુર'નો ખિતાબ આપ્યો.

મુગલ શાસકો પ્રારંભથી જ હિન્દુ-મુસ્લિમ એકતા સ્થાપિત રાખવા સતત પ્રયત્નશીલ રહેતા હતા, કારણ કે તેઓ પોતાને સમગ્ર ભારતના અને ભારતની તમામ કોમોના શાસક માનતા હતા. વિપ્લવ દરમિયાન પણ એકતા સુદૃઢ બને તે માટે બહાદુરશાહે ખૂબ ઉમદા વ્યવસ્થા કરી, તેમણે પોતાના શાસન હેઠળના વિસ્તારોમાં ગાયની હત્યા પર પાબંદી મૂકી દીધી. એ વર્ષે પહેલી ઓગષ્ટના દિવસે બકરી ઈદ હતી. બલિદાનના આ શુભ તહેવારના પ્રસંગે બાદશાહે પોતે પણ ઊંટની કુર્બાની કરી. બીજી તરફ કાનપુરના શાસકે પણ કોમી એકતા સ્થાપિત કરવાના પ્રયત્નો કર્યા. તેમણે મુગલ શાસનના તમામ નિયમો પોતાના રાજ્યમાં લાગુ કર્યા. દા.ત. શુક્રવારની સરકારી રજા, સરકારી કાગળોમાં હિજરી વર્ષનો ઉપયોગ, બિસ્મિલ્લાહથી સરકારી કાગળોની શરૂઆત વગેરે.

આમ, ઉલેમાના સક્રિય સમર્થન અને બાદશાહના પીઠબળથી દિલ્હીમાં અંગ્રેજો વિરુદ્ધ જોરદાર લડત ચલાવવામાં આવી, આમ લોકો વિશાળ સંખ્યામાં જંગમાં ઉત્સાહભેર જોડાયા. તમામ સિપાઈઓને ઉલેમા તરફથી શપથપત્રો આપીને લેખિત શપથ લેવડાવવામાં આવ્યા કે તેઓ જીવનના અંતિમ શ્વાસ સુધી અંગ્રેજો વિરુદ્ધ લડતા રહેશે. સિપાઈઓની કુલ સંખ્યા ૮૦,૦૦૦ હતી. દિલ્હીમાં અંગ્રેજ ફોજ અને બખ્તખાનના ભારતીય લશ્કર વચ્ચે અનેક મોરચે લડાઈઓ થઈ. તમામ પ્રારંભિક લડાઈઓમાં બખ્તખાનના લશ્કરને સફળતા મળી, વિલિયમ ફોર્સના મત મુજબ 'વિપ્લવકારીઓએ તમામ ક્ષેત્રે પોતાની શ્રેષ્ઠ ક્ષમતાઓ પુરવાર કરી. તેમણે ૩૬ હુમલા કર્યા. દરેક હુમલો ખૂબ વ્યવસ્થિત અને આયોજનબદ્ધ હતો.' ચાર્લ્સ પોલ નોંધે છે કે 'દુશ્મનોએ એક-એક ફૂટ જમીન માટે જોરદાર લડત આપી અને ખૂબ હિંમતપૂર્વક એક પછી એક સ્થળ પર વિજય મેળવતા ગયા.'

બખ્તખાનની ફોજે દિલ્હીમાં ૧૯મી સપ્ટેમ્બર સુધી અંગ્રેજોને જોરદાર લડત આપીને તેમના દાંત ખાટા કરી દીધા, પરંતુ અંતે અંગ્રેજો રાજકુમાર મીરઝા મુગલને ફોડીને પોતાના પક્ષે કરવામાં સફળ થયા. આથી તેમને કિલ્લાની તમામ ગુપ્ત માહિતી મળવા લાગી.

આમ છતાં ઇતિહાસકારો જનરલ બખ્તખાનના નેતૃત્વને દાદ આપે છે કે તેના લશ્કરે સપ્ટેમ્બરના મધ્ય સુધી અંગ્રેજોનો શૌર્યપૂર્ણ મુકાબલો કર્યો, ઇતિહાસકાર મૌલાના મુહંમદમિયાં લખે છે કે, 'પરિસ્થિતિ જ્યારે આવી હોય ત્યારે હાર નિશ્ચિત હોવામાં કોઈ શંકા નથી. આથી નવેમ્બરમાં જે પીછેહઠ અને તબાહી થઈ તે આશ્ચર્યજનક નથી; પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે સતત ચાર મહિના સુધી એવો શાનદાર મુકાબલો કરવામાં આવ્યો કે અંગ્રેજ ફોજના છક્કા છૂટી ગયા. આ મુશ્કેલીઓ અને રાત દિવસના અજંપા દરમિયાન તેમના બે કમાન્ડર માર્યા ગયા અને ત્રીજાએ રાજીનામું આપવું પડ્યું.'

અંતે જ્યારે ૧૯મી સપ્ટેમ્બરે અંગ્રેજ લશ્કર લાલ કિલ્લાની નજીક આવવા લાગ્યું તો પરિસ્થિતિ ખૂબ વણસી ગઈ. સમકાલીન ઇતિહાસકાર ઝહીર આંખે જોયો અહેવાલ વર્ણવતાં લખે છે કે, 'કાશ્મીરી દરવાજાના ગુંબજથી કાબુલી દરવાજાના ગુંબજ સુધી અને લાહોરી દરવાજાનાં ગુંબજથી ફરાસખાનાના ગુંબજ સુધી તોપો ચઢાવેલી હતી. રાત-દિવસ સામસામે ગોળા વરસાવવામાં આવતા હતા. સેલ અને બોમ્બના ગોળા ફાટતા હતા તો તેના સેંકડો ટુકડા ઉડતા હતા. સાત માળનું મકાન હોય તો પણ તે ધરાશયી થઈ જતું અને બધું જ વિનાશ પામતું. જો ગોળો જમીન પર પડે તો જમીનમાં ધસી જઈને ફૂટતો અને આસપાસના તમામ મકાનો ઉડાડી દેતો. જાણે ખુદાનો પ્રકોપ હતો. દસ દસ ગોળા કાગળની જેમ ઉડીને એક સામટા આવતા હતા.'

૧૪મી સપ્ટેમ્બરે કાશ્મીરી ગેટ ઉડાવી દેવામાં આવ્યો અને અંગ્રેજ ફોજ શહેરમાં ઘુસી ગઈ. ૧૯મી સપ્ટેમ્બરે બાદશાહે લાલ કિલ્લો છોડીને હુમાયુના મકબરા ખાતે આશ્રય લેવો પડ્યો.

વૃદ્ધ બહાદુરશાહ ઝફર પોતે ૧૪મી સપ્ટેમ્બર ૧૮૫૭ના દિવસે લાલ કિલ્લાની બહાર અંગ્રેજ લશ્કર વિરુદ્ધ લડ્યા એ ભારતીય ઇતિહાસનું એક યાદગાર દૃશ્ય હતું. અંતે અંગ્રેજોની વિજય કૂચ જોતા બાદશાહે હુમાયુના મકબરા ખાતે પનાહ લેવી પડી. ૨૧મી સપ્ટેમ્બરે અંગ્રેજ લશ્કરે હુમાયુના મકબરા પર વિજય મેળવીને બાદશાહ બહાદુરશાહ તથા બેગમ ઝીનત મહલને કેદ કર્યા. રાજ પરિવારના અનેક સભ્યોને અંગ્રેજોએ નિર્દયતાપૂર્વક રહેંસી નાખ્યા. અંગ્રેજ કમાન્ડર જનરલ હડસને બહાદુરશાહ ઝફરના પુત્ર મિર્ઝા મુગલ ખિઝરખાન અને પૌત્ર મિર્ઝા અબુબક્રની નિર્દયતાપૂર્વક હત્યા કરાવીને તેમના માથા બહાદુરશાહને મોકલ્યા અને એવું કહેવડાવ્યું કે 'આ માથાં તમને કંપની તરફથી ભેટ' આપવામાં આવે છે. બાદશાહે બન્નેના માથાં જોઈને કહ્યું કે 'શાબાશ, તૈમૂરની ઔલાદ આવી શૂરવીરતા દેખાડીને જ પિતા સમક્ષ આવે છે.'

પાપી અંગ્રેજો બહાદુરશાહ માટે પણ ખરાબ ઇરાદો ધરાવતા હતા. પરંતુ ભારે દબાણને લીધે અને વ્યાપક બળવો ફાટી નીકળવાના ડરથી તેમણે પોતાનો દુષ્ટ ઇરાદો પડતો મૂક્યો અને બહાદુરશાહને બ્રહ્મદેશના રંગૂન ખાતે દેશ નિકાલ કર્યા. ત્યાં તેઓ સતત વતનની યાદમાં ઝૂરતા રહીને, અંતે ઈ.સ. ૧૮૬૨માં, મૃત્યુ પામ્યા.

કિતના બદનસીબ હૈ 'ઝફર' દફન કે લિએ,
દો ગઝ ઝમીં ભી ન મિલી, કૂએ યાર મેં,

૧૮૫૭ના સંગ્રામમાં મુસ્લિમ મહિલાઓનાં બલિદાનો :- ૧૮૫૭ની ક્રાંતિમાં મુસ્લિમ વીર પુરુષો ઉપરાંત મુસ્લિમ સ્ત્રીઓએ પણ સક્રિય ભાગ લઈને કેટલાંય ઠેકાણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ જંગમાં મુસ્લિમ સ્ત્રીઓએ વીરતા, સાહસ અને બલિદાનનાં એવાં ઉદાહરણો પ્રસ્તુત કર્યાં, જેના પર ભારતના ઇતિહાસને હંમેશાં ગૌરવ રહેશે. અવધ ક્ષેત્રમાં જંગની આગેવાની બેગમ હઝરત મહલે લીધી હતી. તેમણે સિપાઈઓને પ્રોત્સાહન આપવા ઉપરાંત કેટલેક ઠેકાણે પોતે જંગમાં ભાગ લઈને વીરતા દેખાડી. ઇતિહાસકાર અમૃતલાલ નાગર નોંધે છે કે,

'બેગમ હઝરત મહલે પણ ઝાંસીની રાણીની જેમ એક સૈન્ય સંગઠન તૈયાર કર્યું હતું. મહેલોની દાસીઓ સહિત અનેક સ્ત્રીઓ તેમનાં માર્ગદર્શન હેઠળ યુદ્ધકળાઓનો અભ્યાસ કરતી હતી. તેમણે જાસૂસ સ્ત્રીઓનું એક સંગઠન પણ બનાવ્યું હતું. આમ, અવિશ્વાસની એ નિરાશાજનક પરિસ્થિતિમાં પણ એકે એક વ્યક્તિમાં ક્રાંતિની ભાવના ભડકાવીને પોણા બે વર્ષ સુધી અવધને ટકાવી રાખવું એ માત્ર બેગમનું જ કામ હતું.'

૧૬મી સપ્ટેમ્બરે જ્યારે લખનૌથી છ માઈલ દૂર, આલમ બાગ ખાતે, ધમાસાણ યુદ્ધ થયું, ત્યારે બેગમ હઝરત મહલ પોતે હાથી પર રહીને લશ્કરની હિંમત વધારી રહ્યાં હતાં. આ લડાઈમાં કેટલાય અંગ્રેજ લશ્કરી અધિકારીઓ માર્યા ગયા. બેગમ પોતે આ લડાઈમાં આગળ રહીને અંગ્રેજોનો મુકાબલો કરી રહ્યાં હતાં.

૧૮૫૭ના સંગ્રામમાં વીરતા દેખાડનારી મુસ્લિમ મહિલાઓમાં અઝીઝન બેગમ પણ આગળ પડતું સ્થાન ધરાવે છે. તેમણે આ લડતમાં ખૂબ સક્રિય ભાગ ભજવ્યો. કાનપુરમાં જ્યારે નાના સાહેબે અંગ્રેજ સામ્રાજ્ય સામે ટક્કર લેવા માટે અધિક સંખ્યામાં ફોજમાં જોડાવાની હાકલ કરી, ત્યારે પચ્ચીસ વર્ષીય યુવતી, અઝીઝન બેગમે સ્ત્રીઓની એક ટુકડી તૈયાર કરી. તેમણે પોતે ટુકડીની સભ્ય મહિલાઓને ઘોડે સવારી અને હથિયારો ચલાવવાની તાલીમ આપી. આ ટુકડીની સ્ત્રીઓ સેના માટે ખોરાકની સામગ્રી એકત્ર કરી લાવતી હતી. આ ઉપરાંત તેઓ જાસૂસીનું કાર્ય પણ કરતી હતી. ૧૮૫૭માં કાનપુરના વિજય પછી કર્નલ વિલિયમે વિપ્લવ કાર્યોની સૂચિ તૈયાર કરી, તો પોતે અઝીઝન બેગમનું નામ પ્રથમ હરોળમાં લખ્યું હતું. જ્યારે અઝીઝન બેગમની ધરપકડ કરીને તેમને જનરલ હેવલોક સામે લાવવામાં આવ્યાં તો તેણે પ્રસ્તાવ મૂક્યો કે, 'જો અઝીઝન બેગમ પોતાનો અપરાધ સ્વીકારી લે તો મૃત્યુથી બચી શકે છે.' દેશભક્ત અઝીઝને અંગ્રેજો વિરુદ્ધ ઝૂકવાની ના પાડી દીધી. હેવલોકે ફાયરનો આદેશ આપ્યો અને અંગ્રેજ સિપાઈઓએ ત્યાં જ આ દેશભક્ત મહિલાને નિર્દય રીતે ગોળીઓથી વીંધી નાખ્યાં. આમ તેઓ દેશ કાજે શહીદ થયાં.

થાનાભવન ખાતે વિપ્લવમાં સૌ પ્રથમ શહીદ થનારા કાઝી અબ્દુલરહીમનાં માતાએ પણ ખૂબ મહત્ત્વની ભૂમિકા નિભાવી. જ્યારે તેઓ અંગ્રેજો વિરુદ્ધ લડતાં પકડવામાં આવ્યાં તો અંગ્રેજોએ બેરહેમીપૂર્વક તેમને જીવતાં સળગાવી દીધાં.

મુઝફ્ફરનગરનાં ૨૫ વર્ષીય યુવાન મહિલા હબીબા બેગમે પણ અંગ્રેજો વિરુદ્ધ મેદાને પડીને વીરતા દેખાડી. જ્યારે તેઓ અંગ્રેજોના હાથે પકડાયાં તો તેમને ફાંસી આપવામાં આવી. આ ઉપરાંત મુઝફ્ફરનગરનાં જ રહીમી બેગમને પણ અંગ્રેજો વિરુદ્ધ ષડયંત્ર ઘડવા અને લડત ચલાવવાના આરોપમાં ફાંસીની સજા આપવામાં આવી.

૧૮૫૭ના સંગ્રામની વિશેષતા એ છે કે આ જંગમાં મુસ્લિમ મહિલાઓએ પણ ખૂબ વિશાળ સંખ્યામાં સક્રિય ભાગ લીધો. ઐતિહાસિક તથ્યો મુજબ, આ સૌપ્રથમ દેશવ્યાપી સ્વાતંત્ર્યની લડાઈમાં, ૨૫૫ મુસ્લિમ મહિલાઓ અંગ્રેજો વિરુદ્ધ લડતાં શહીદ થઈ, જ્યારે ૧૧ મુસ્લિમ મહિલાઓને અંગ્રેજો દ્વારા ફાંસી આપવામાં આવી.

૧૮૫૭ની જંગની સમાપ્તિ પછી અંગ્રેજોના અત્યાચારોઃ- ૧૮૫૭ના રાષ્ટ્રીય આંદોલનના અંતે સુસંસ્કૃત કહેવાતા અંગ્રેજોએ ભારતીય લોકો પર એવા ભયાનક અને બર્બરતાપૂર્ણ અત્યાચારો આચર્યા, જેના વર્ણનથી કાળજું કંપી ઊઠે છે. અંગ્રેજો જંગ માટે મુસલમાનોને જવાબદાર ગણતા હતા. આથી મુસલમાનો અંગ્રેજોના અત્યાચારોના સૌથી વધુ શિકાર બન્યા. દિલ્હીના વિજય પછી અંગ્રેજોએ જે નિર્દયતાપૂર્વકના અત્યાચારો કર્યા તેનાથી એક સુસંસ્કૃત જ નહીં, બર્બર કોમનાં હૃદય પણ ધ્રુજી જાય. વિજય પછી અંગ્રેજોએ માત્ર દિલ્હી શહેરમાં ૨૭,૦૦૦ મુસલમાનોને ફાંસી આપી.

બ્રિટિશ પ્રધાનમંત્રીનો ઝનૂની આદેશ :-- સ્કોટલેન્ડના ઇતિહાસકાર અને મધ્યકાલીન ભારતીય ઇતિહાસના પ્રખર જાણકાર William Darlympleનું સંશોધનાત્મક પુસ્તક The Last Mughal હાલ ૨૦૦૬માં પેંગ્વિન દ્વારા પ્રકાશિત થયું છે. તેમણે ૧૮૫૭ પછી અંગ્રેજો દ્વારા મુસલમાનો પર કરવામાં આવેલા ભયાનક આતંકનું વર્ણન કર્યું છે. તેમના વર્ણન મુજબ તે સમયના બ્રિટિશ પ્રધાનમંત્રી Lord Palmerstonનું વિધાન ચંગેઝખાનના અત્યાચારોની યાદ અપાવે તેવું છે. લોર્ડ પામર્સ્ટને લખ્યું હતું કે

'Delhi should be deleted from the map and every civil building connected with the Mohammedan tradition should be levelled to the ground without regard to the antiquarian veneration or artistic predilections.'

'દિલ્હીનું અસ્તિત્વ નકશામાંથી મિટાવી દેવું જોઈએ અને કોઈ પ્રકારના પુરાતત્ત્વીય આદર, ઐતિહાસિક મહત્ત્વ કે કલાત્મક ખૂબીઓને ધ્યાનમાં લીધા વગર મુસ્લિમ ઇતિહાસ સાથે સંકળાયેલી તમામ ઇમારતોને ધ્વસ્ત કરી દેવી જોઈએ.'

એક સમયે 'ઉરુસુલ બિલાદ' (વિશ્વની દુલ્હન) કહેવાતું દિલ્હી શહેર ભયાનક રીતે તારાજ કરવામાં આવ્યું. હજારો મકાનો જમીનદોસ્ત કરી દેવામાં આવ્યાં. અનેક ઐતિહાસિક મસ્જિદો જેમ કે અકબરી મસ્જિદ, ઔરંગાઝેબી મસ્જિદ, ચૌબી મસ્જિદ, સુનહરી મસ્જિદ વગેરે સંપૂર્ણ રીતે ધ્વસ્ત કરી દેવામાં આવી, આ ઉપરાંત સેંકડો નાની મસ્જિદો તોડી પાડવામાં આવી. ઇતિહાસકાર પી.એન. ચોપરાના સંશોધન મુજબ, ભારતની શાન એવી દિલ્હી સ્થિત ઐતિહાસિક જામા મસ્જિદને પણ તોડી પાડવાનો હુકમ જારી કરી દેવામાં આવ્યો હતો. પરંતુ જોન લોરેન્સના અથાગ પ્રયત્નો પછી, અંગ્રેજ શાસને પોતાનો આ નાપાક હુકમ રદ કર્યો.

પ્રખ્યાત ઇતિહાસકાર અને The Last Mughalના લેખક વિલિયમ ડાર્લીમ્પલના સંશોધન મુજબ દિલ્હીની ફતેહપુરી મસ્જિદ અંગ્રેજોએ એક હિન્દુને વેચી દીધી હતી. છેક ૧૮૫૭માં આ મસ્જિદ મુસલમાનો પરત મેળવી શક્યા.

જામા મસ્જિદ નજીક શાહજહાંએ બંધાવેલ વિશાળ હોસ્પિટલ 'દારુશિફા' અને તેની પાસેના મદ્રેસા 'દારુલબકા'ની ઐતિહાસિક ઇમારતો પણ ભારતીય સંસ્કૃતિના શત્રુ અંગ્રેજોએ ધ્વસ્ત કરી દીધી. સમગ્ર દિલ્હી શહેરને ભયાનક રીતે ખંડેરમાં ફેરવી દેવામાં આવ્યું. શહેરમાં ઠેરઠેર ખંડેર મકાનો, સડેલી લાશો અને વેરવિખેર માનવ અંગો સિવાય કંઈ દેખાતું ન હતું. કાનપુરથી લશ્કર લઈને બળવો કચડવા માટે દિલ્હી ગયેલા અંગ્રેજ લશ્કરના કમાન્ડર લોર્ડ રોબર્ટસે ૨૪મી સપ્ટેમ્બર ૧૮૫૭ની પોતાની નોંધમાં દિલ્હીની ભયાનક તબાહીનું વર્ણન કરતાં લખ્યું છે કે,

'દિલ્હી શહેરમાં પરોઢિયે પ્રથમ કૂચ ખૂબ દર્દનાક લાગતી હતી. અમે (લાલ કિલ્લાના) લાહોરી દરવાજાથી નીકળીને ચાંદની ચોકમાંથી પસાર થયા. દિલ્હી શહેર ખરેખર મૃતકોનું શહેર લાગતું હતું. અમારા ઘોડાઓનાં પગલાંના અવાજ સિવાય કોઈ પ્રકારનો અવાજ કોઈ દિશાએથી સંભળાતો ન હતો. કોઈ પણ સજીવ અમારી સામેથી પસાર ન થયું ચારેય તરફ લાશો વિખરાયેલી હતી. દરેક લાશ અલગ અલગ સ્થિતિઓથી પસાર થઈ રહી હતી. અમે ચૂપચાપ જતા હતા અથવા એમ સમજો કે અમે અનિચ્છાએ અમુક જ શબ્દો બોલતા, જેથી આ માનવ મૃતકોને રાહતમાં ખલેલ ન પહોંચે. અમે દૃશ્યો જોયાં તે ખૂબ દુઃખદ હતાં. કયાંક કોઈ કૂતરો કોઈ લાશના અંગો ચંચેડી ખાતો હતો. કયાંક અમે નજીક પહોંચીએ તો કોઈ ગીધ પોતાનો ખોરાક છોડીને અમારાથી જરા દૂર ઊડી જતું હતું, પરંતુ તેનું પેટ એટલું ભરાયેલું હતું કે તે ઊડી શકતું ન હતું. કેટલાક મૃતકો પણ જીવંત હોય એવું લાગતું હતું. કોઈના હાથ ઉપર ઉઠાવેલા ન હતા, ને એવું લાગતું કે જાણે કોઈને ઈશારો કરી રહ્યો હોય. વાસ્તવમાં એ સમગ્ર દૃશ્ય એટલું ભયાનક અને બિહામણું હતું કે, જેને વર્ણવી ન શકાય. એવું લાગે છે કે અમારા ઘોડાઓ ઉપર પણ ડર છવાયેલો હતો, તેથી તે પણ ભટકતા હતા અને નાક ફુલાવતા હતા. સમગ્ર વાતાવરણ અકલ્પનીય હદે ભયાનક હતું. તે ખૂબ જ દુર્ગંધ મારતું હતું. અને બીમારીઓ ફેલાવે તેવું હતું.'

દિલ્હીના કૂચા ચેલાન વિસ્તારમાં વિશાળ સંખ્યામાં મુસ્લિમ બૌદ્ધિકો અને ઉલેમા રહેતા હતા. ડાર્લીમ્પલના વર્ણન મુજબ આ તમામ બૌદ્ધિકો અને ઉલેમા પૈકી માત્ર મિર્ઝા ગાલીબ જ જીવતા બચી શક્યા. વધુ આઘાતજનક વાત એ છે કે બ્રિટિશરો પ્રત્યે કૂણું વલણ ધરાવતા દરબારીઓને પણ અંગ્રેજોએ રહેંસી નાંખ્યા.

'All the pro-British loyalists at court who stayed behind in the city, confident of good treatment, had nevertheless, been murdered by the British.'

'દરબારના કેટલાક બ્રિટિશ શાસનને વફાદાર ગણાતા લોકો સારા વ્યવહારની આશાએ શહેરમાં રોકાઈ રહ્યા હતા, તેમની પણ અંગ્રેજો દ્વારા હત્યા કરવામાં આવી.'

સમગ્ર દિલ્હી શહેરમાં મિલકતો તબાહ કરવામાં આવી. બાકી રહેલી મિલકતો પર આકરા કર લાદવામાં આવ્યા. અંગ્રેજો લડત માટે મુસલમાનોને જવાબદાર ગણતા હતા. આથી બાકી રહેલી સ્થાવર મિલકતો પૈકી હિન્દુઓ પાસેથી દસ ટકા, જ્યારે મુસલમાનો પાસેથી પાંત્રીસ ટકા મિલકતો દંડ પેટે અંગ્રેજોએ વસૂલ કરી. હિન્દુઓને ૧૮૫૭ના અંતે દિલ્હી પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી. જ્યારે મુસલમાનોના દિલ્હી પાછા ફરવા પર કંપની સરકારે પાબંદી મુકી દીધી. મુસલમાનોને છેક ૧૮૫૯માં દિલ્હી પાછા ફરવાની પરવાનગી આપવામાં આવી. આમ અંગ્રેજોએ Divide and Rule (ભાગલા પાડો અને રાજ કરો)ની ભયાનક રાજનીતિની શરૂઆત કરી, જેની અસરો આજે પણ કેટલાક પ્રમાણમાં ભારતીય સમાજમાં જોઈ શકાય છે. બે વર્ષ સુધી દિલ્હીની જામા મસ્જિદમાં નમાઝ પઢવા પર પાબંદી મૂકવામાં આવી.

મુફ્તી સદરૂદ્દીન આઝુરદા સાહેબ ૧૮૫૭ પહેલાં દિલ્હી શહેરના મુફ્તીના હોદ્દા પર હતા. તેમણે ફતવા ઉપર સહી કરી હતી. અંગ્રેજોએ તેમની ધરપકડ કરીને કેદ કર્યા તથા તેમની તમામ મિલકતો જપ્ત કરી લીધી. તેઓ છ માસ પછી જેલમાંથી છૂટ્યા. અંગ્રેજોએ ઘણા પ્રયત્નો પછી માત્ર અડધી મિલકત તેમને પરત આપી. દિલ્હીના મૌલાના ફરીદુદ્દીન શહીદ એક મહાન વિદ્વાન હતા. બહાદુરશાહ ઝફરે તેમને જામા મસ્જિદમાં ઉપદેશક નિયુક્ત કર્યા હતા. તેમણે પણ અંગ્રેજો વિરુદ્ધ જંગના ફતવા ઉપર સહી કરી હતી. જંગની નિષ્ફળતા બાદ એક અંગ્રેજ લશ્કરી અધિકારીએ તેમના ઘરમાં ઘૂસી જઈને તેમને ગોળીથી વીંધી નાખ્યા. દિલ્હીના શાહી મહેલના મૌલાના અબ્દુલકાદિર દહેલ્વીએ પણ અંગ્રેજો વિરુદ્ધ ફતવા પર સહી કરી હતી. આથી દિલ્હી પર અંગ્રેજોનો કબજો થતાં જ તેમણે મૌલાના અબ્દુલકાદિરને ફાંસીની સજા આપવાનું જાહેર કર્યું, પરંતુ એક અંગ્રેજ સન્નારીની અપીલના લીધે આ સજા રદ્ કરવામાં આવી, કેમ કે મૌલાનાએ જંગ દરમિયાન તેની જાન બચાવી હતી, તેના જખમોનો ઇલાજ કર્યો હતો.

દિલ્હીમાં અડધો અડધ વસતિ મુસલમાનોની હતી. પરંતુ ડાર્લીમ્પલના વર્ણન મુજબ ૧૮૫૭ પછી, માત્ર એક હજાર મુસલમાનો શહેરમાં રહી ગયા હતા. બીજા બધા મારી નાંખવામાં આવ્યા હતા કે પછી શહેર છોડીને ભાગી છુટ્યા હતા.

૧૮૫૭ના સંગ્રામ દરમિયાન, બર્બર અંગ્રેજોએ આમ પ્રજા ઉપરાંત ભારતીય શાસકો પર પણ અનેક જુલ્મો આચર્યા. ઝુજર, બલબગઢ અને ફરૂખનગરના નવાબો તથા અન્ય ચોવીસ રાજકુમારોને ૧૮૫૭ના સંગ્રામ દરમિયાન ફાંસી આપવામાં આવી.

અન્ય શહેરોમાં પણ પોતાને સુસંસ્કૃત ગણાવતા અંગ્રેજોએ જંગલી જુલમો આચર્યા. અલીગઢના કાઝી અબ્દુલજલીલે અંગ્રેજોનો મુકાબલો કરીને તેમને જબરજસ્ત લડત આપી હતી તથા શહેરમાં કોમી એકતાના વાતાવરણનું નિર્માણ કર્યું હતું. તેમની શહાદત પછી અંગ્રેજોએ તેમની તમામ મિલકતો વિધ્વંસ કરવાનો હુકમ કર્યો.

મુરાદાબાદના પ્રખ્યાત કવિ, હકીમ અને વિદ્વાન એવા મૌલાના કિફાયતુલ્લહે અંગ્રેજો વિરુદ્ધ જંગનો ફતવો આપીને લોકોને આંદોલનમાં જોડાવા હાકલ કરી હતી. એપ્રિલ ૧૮૫૮માં કાનપુર પર વિજય મેળવ્યા પછી, અંગ્રેજોએ તેમની ધરપકડ કરીને મુરાદાબાદની જેલ પાસે જાહેરમાં ફાંસીના માંચડા પર લટકાવી દીધા. મુરાદાબાદના જ અન્ય એક ક્રાંતિકારી વિદ્વાન મૌલાના વહાજુદ્દીને પણ ૧૮૫૭ના આંદોલનમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. તેમણે શાહઝાદા ફિરોજશાહ સાથે મળીને એક મોટું લશ્કર તૈયાર કરીને અંગ્રેજોનો મુકાબલો કરેલો. કાનપુરના વિજય પછી એપ્રિલ ૧૮૫૮માં રમઝાન માસ દરમિયાન અંગ્રેજોએ તેમના મકાનમાં ઘૂસી જઈને તેમની હત્યા કરી. મુરાદાબાદમાં કચેરી રોડ પર નાલબંદ મસ્જિદ પાસે તેમની કબર છે.

કાળા પાણીની ભયાનક સજા :- ૧૮૫૭ની અન્ય સજાઓમાં આંદામાન ટાપુ ઉપર દેશનિકાલની સજા ખૂબ ક્રૂર સજા ગણાય છે, જેને 'કાળા પાણીની સજા' તરીકે ઓળખવામાં આવે છે. કોલકત્તાથી ખૂબ દૂર હિન્દી મહાસાગરમાં સ્થિત આ ટાપુઓ નિર્જન હતા. ત્યાંની આબોહવા ખૂબ રોગિષ્ટ હતી. આંદામાનની જેલમાં દરેક કેદીને માત્ર પાંચ ફૂટ લાંબી અને ચાર ફૂટ પહોળી કોટડીમાં કેદ કરવામાં આવતો હતો. આવી તંગ કોટડી દિવસમાં માત્ર એક વખત ભોજન આપવા માટે ખોલવામાં આવતી હતી.

જે સેંકડો મુસલમાનોને ૧૮૫૭ના ષડયંત્ર માટે ઘાતકી અંગ્રેજોએ કાળા પાણીની સજા કરી, તેઓમાં મૌલાના ફઝલે હક ખૈરાબાદી, મુફ્તી ઈનાયત અહમદ કાકોરવી, મુફ્તી મઝહર કરીમ કાકોરવી, મૌલાના અહમદુલ્લાહ, મૌલાના અબ્દુર્રહીમ સાદીકપુરી જેવા પ્રથમ હરોળના મુસ્લિમ ઉલેમા સામેલ હતા. મૌલાના ફઝલે હક ખૈરાબાદીએ આંદામાન જેલની કોટડીમાં જ 'રિસાલા ગદરિયાહ' નામે ૧૮૫૭ના સંગ્રામનો ઈતિહાસ લખ્યો.

ઈતિહાસકાર ડૉ.બી.એન. પાંડે વર્ણવે છે કે, 'જ્યારે ૧૮૫૯ના પ્રારંભમાં મૌલાના ફઝલે હકની ધરપકડ કરવામાં આવી તો લખનૌ ખાતે તેમના વિરુદ્ધ કેસ ચલાવવામાં આવ્યો. અંગ્રેજ જજે તેમના સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે જો મૌલાના એવું કહી દે કે મેં અંગ્રેજો વિરુદ્ધ જંગ માટે ફતવો આપ્યો નથી, તો તેમને માફ કરી દેવામાં આવશે. આમ, તેમના નિર્દોષ છૂટવાની પૂરી આશા હતી, પરંતુ મૌલાના ફઝલે હકે અદાલત સમક્ષ પોતાના બયાનમાં કહ્યું કે, મેં જ એ ફતવો આપ્યો હતો અને આજે પણ મારું એ જ મંતવ્ય છે.'

અંતે અદાલતના ફેંસલા મુજબ, તેમને આંદામાન આજીવન કારાવાસ માટે મોકલી દેવામાં આવ્યા. તેમણે પોતાનું પુસ્તક 'સુરતુલ હિન્દીયા' પણ ત્યાં જ લખ્યું. ડૉ. બી.એન. પાડે વર્ણવે છે કે, 'આ પુસ્તક આંસુઓનું ઝરણું છે. જેના પ્રત્યેક શબ્દમાંથી મૌલાનાની તડપ ટપકે છે.'

મૌલાના આંદામાન ખાતેની પોતાની યાતનાઓનું વર્ણન કરતાં લખે છે કે, 'હું સખત બિમાર પડી ગયો, જેના લીધે મારું માથું ચકરાતું હતું. છાતી ભીંસાતી હતી અને મારું સ્વમાન છિન્ન ભિન્ન થઈ ગયું હતું. હું નથી જાણતો કે આ ભયાનક દુ:ખો અને કોરી ખાનારી વ્યાકુળતાઓમાંથી કેવી રીતે છૂટકારો મેળવીશ? ખુજલીના કારણે તકલીફ વધી ગઈ છે. સવાર-સાંજ એ રીતે વીતે છે કે આખું શરીર જખમોથી ભરાઈ ગયું છે.'

મૌલાનાના સુપુત્રો મૌલવી અબ્દુલહક અને મૌલ્વી શમ્સુલ હકે લંડનમાં કેસ દાખલ કર્યો. અંતે અદાલતે મૌલાનાની મુક્તિનો ફેંસલો કર્યો પરંતુ અદાલતનો છૂટકારાનો હુકમ લઈને લંડનથી મૌલ્વી શમ્સુલ હક આંદામાન પહોંચ્યા, તો ખબર પડી કે મૌલાના ફઝલે હક મૃત્યુ પામ્યા છે અને જનાજો પણ તૈયાર હતો. મૌલ્વી શમ્સુલ હક દફનવિધિમાં હાજર થઈ શક્યા.

આમ ૧૮૬૧માં વતનથી અને સ્વજનોથી હજારો કિલોમીટર દૂર આંદામાન ખાતે તે મૃત્યુ પામ્યા.

મુફ્તી ઈનાયત અહમદ કાકોરવી પણ અંગ્રેજો વિરુદ્ધ લડ્યા હતા. તેમણે પ્રજાને અંગ્રેજો વિરુદ્ધ લડવા હાકલ કરતાં વિશાળ સંખ્યામાં લોકો લડતમાં જોડાયા હતા. આંદોલનના અંતે જ્યારે તેમની ધરપકડ કરવામાં આવી તો અંગ્રેજ ન્યાયાધીશે તેમને કાળા પાણીની સજા કરી. તેમને આંદામાનની ભયાનક યાતનાઓ વચ્ચે રહીને કોઈ પુસ્તક પાસે ન હોવા છતાં પોતાની ઈશ્વરદત્ત સ્મૃતિના આધારે લોકોને ધાર્મિક અને સાહિત્યિક શિક્ષણ આપવાનું ચાલું રાખ્યું તથા પોતાની લેખન પ્રવૃત્તિઓ પણ ચાલુ રાખી, તેમણે આંદામાન ખાતે જ અરબી વ્યાકરણનું પ્રખ્યાત પુસ્તક 'ઈલ્મુસ્સેગા' લખ્યું. યાતનાઓ વચ્ચે પણ નિષ્ઠા અને જ્ઞાનસેવાની ધૂનથી લખવામાં આવેલું આ પુસ્તક એટલું બધું લોકપ્રિય બન્યું કે જે આજે પણ ભારતીય ઉપખંડના અરબી મદ્રેસાઓના અભ્યાસક્રમમાં આ પુસ્તક દાખલ છે.

એક અંગ્રેજ અધિકારીના કહેવાથી મુફ્તી ઈનાયત અહમદે ભૂગોળના પ્રખ્યાત અરબી પુસ્તક તકવીમુલ બુલ્દાનનું ઉર્દૂમાં ભાષાંતર કર્યું. તેમની આ સાહિત્યસેવાના પરિણામે જ ઈ.સ.૧૮૬૦(હિ.સ. ૧૨૭૭)માં તેમને આંદામાન કેદમાંથી મુક્ત કરવામાં આવ્યા.

મૌલાના મુહંમદ જાફર થાનેસરી, મૌલાના યહયાઅલી અને મુહંમદ શફી લાહોરીને ૧૮૫૭ના સંગ્રામમાં ભાગ લેવા બદલ ફાંસીની સજા સંભળાવવામાં આવી. પરંતુ બાદમાં અંબાલાના ડેપ્યુટી કમિશ્નરે જાણ્યું કે આ લોકો તો ફાંસીની સજાથી ખુશ થાય છે. અને તેઓ ફાંસીની ખૂબ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. કેમ કે તેઓ દેશ ખાતર પ્રાણ આપવાને શહાદત ગણે છે, તો તેણે જાહેર કર્યું કે તમને તમારી પ્રિય સજા આપવામાં નહીં આવે. આથી તેણે નિર્ણય બદલીને ફાંસીની સજાને બદલે તેમને કાળાપાણીની સજા કરી. મૌલાના યહયાઅલી તો પોણા બે વર્ષ સુધી આંદામાનની યાતનાઓ ભોગવી ૨૦ ફેબ્રુઆરી ૧૮૬૮ના દિવસે ત્યાં જ મૃત્યુ પામ્યા, જ્યારે મૌલાના મુહંમદ જાફર ૧૮ વર્ષની સખત કેદ અને દેશનિકાલની સજા ભોગવ્યા પછી સ્વદેશ ફર્યા.

ઈતિહાસકાર ડૉ. મુખ્તારમહમદ મક્કીના સંશોધન મુજબ કાળાપાણીની સજા પામનારાઓની કુલ સંખ્યા ત્રણ હજારની હતી. જંગે આઝાદીના લડવૈયા સૈયદ ઈબ્રાહિમ ફિકરીએ પોતાના પુસ્તક 'હિંદુસ્તાની મુસલમાનોકા જંગે આઝાદી મેં હિસ્સા'માં ૨૦૦થી વધુ એવા પ્રથમ હરોળના મુસ્લિમ લડવૈયાઓનાં નામો અને તેમનાં સંક્ષિપ્ત જીવનચરિત્રનું વર્ણન કર્યું છે, જેમને કાળાપાણીની સજા કરવામાં આવી હતી.

આમ, ૧૮૫૭ના સ્વતંત્રતાના પ્રથમ રાષ્ટ્રવ્યાપી લડતમાં મુસલમાનોએ ખૂબ જ આગળ પડતો ભાગ ભજવ્યો. વિપ્લવ અંગે નિમવામાં આવેલ તપાસ કમિશનના પ્રમુખ અને બહાદુરશાહ ઝફરનો મુકદ્દમો ચલાવનાર ડેપ્યુટી એડવોકેટ જનરલ એફ. હેરિટે વિપ્લવનાં કારણો અંગે ખૂબ વિસ્તૃત સંશોધન કર્યા પછી પોતાના રિપોર્ટમાં નોંધ્યું કે, 'આ તમામ મુકદ્દમાઓની વિચાર પ્રેરક હકીકત એ છે કે અમે જ્યાં પણ તપાસ ચલાવી ત્યાં મુસલમાનોના ષડયંત્રની સાબિતી મળી. અમને કોઈ એવી સાબિતીઓ કે દસ્તાવેજો પ્રાપ્ત થયા નથી, જેનાથી એવું સ્પષ્ટ થતું હોય કે હિન્દુઓએ એક ધાર્મિક જૂથના સ્વરૂપે આપણી વિરુદ્ધ કાવતરાં ઘડ્યાં હોય. આ વિપ્લવમાં જ્યાં પણ મુસલમાનોના માર્ગદર્શન હેઠળ સામેલ થયા છે. સમગ્ર બળવાના ષડયંત્રખોરો મુસલમાનો જ હતાં.'

તે સમયના બંગાળ સિવીલ સર્વિસીઝના અધિકારી હેનરી હેરીંગ્ટન થોમસ ઈ.સ. ૧૮૫૮માં એટલે કે વિપ્લવના એક વર્ષ પછી વિપ્લવનાં કારણો અને ભારતમાં અંગ્રેજોની ભવિષ્યની નીતિ અંગેના તેમના સંશોધનાત્મક પુસ્તક Late Rebellion in India and Our Future Policyમાં લખે છે કે, 'મેં પહેલાં લખ્યું હતું કે ૧૮૫૭ના બળવાના વાસ્તવિક જવાબદાર હિન્દુઓ ન હતા. હવે હું એ વાત સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીશ કે આ બળવો ખરેખર મુસલમાનોના ષડયંત્રનું પરિણામ હતું. હિન્દુઓ પોતાની મરજી મુજબ અને પોતાના સ્રોતોના આધારે ન તો આવા કોઈ ષડયંત્રમાં જોડાઈ શકે છે કે ન તો જોડાવવાની ઈચ્છા ધરાવે તેમ છે ..... તેઓ (મુસલમાનો) તેમના પ્રથમ ખલીફાના સમયથી આજ સુધી ઘમંડી, અસહિષ્ણુ અને અત્યાચારી રહ્યા છે. તેમનો હેતુ હંમેશા એવો રહ્યો છે કે કોઈપણ રીતે ઈસ્લામી સત્તા સ્થાપવામાં આવે અને ખ્રિસ્તીઓ પ્રત્યે નફરત ફેલાય. મુસલમાનો કોઈ

એવી સરકારની સારી પ્રજા નથી બની શકતા, જેનો ધર્મ બીજો હોય, કેમ કે કુરાનના હુકમોના મોજુદ રહેતાં એ વાત શક્ય નથી.'

આમ અંગ્રેજો ૧૮૫૭ના સંગ્રામ માટે મુસ્લિમોને જ દોષી ગણતા હતા. આથી, અત્યાચારી અંગ્રેજોએ ૧૮૫૭ની લડત પછી મુસલમાનોથી વેર વાળવાનું નક્કી કર્યું. તેમણે મુસલમાનોને સામાજિક, આર્થિક અને ધાર્મિક રીતે કચડવાની કોઈપણ તક હાથમાંથી જવા ન દીધી.

ત્યારબાદ લાંબા સમય સુધી, અંગ્રેજોની મુસલમાનો પ્રત્યે એ જ નીતિ રહી અને એ જ સિદ્ધાંત પર સરકારી અમલદારો અને કચેરીઓ કાર્યરત રહ્યા કે મુસલમાનોને મહત્ત્વના સરકારી હોદ્દાઓથી દૂર રાખવામાં આવે અને તેમના માટે રોજગારના દરવાજા બંધ કરી દેવામાં આવે. તેમની એ વકફની મિલકતો જપ્ત કરી લેવામાં આવે, જેના દ્વારા તેમના મદ્રેસાઓ અને સંસ્થાઓ ચાલે છે. એવી શિક્ષણ વ્યવસ્થા સ્થાપવામાં આવે, જે મુસલમાનોના ધર્મ અને સંસ્કૃતિથી વિરુદ્ધ હોય. જેથી તેઓ એનો લાભ ન મેળવી શકે.

કેટલીક સરકારી જાહેરાતો અને પરિપત્રોમાં એવી સ્પષ્ટતા કરી દેવામાં આવતી કે ફલાણી વેકેન્સીઓ પર માત્ર હિન્દુઓની ભરતી કરવામાં આવશે. સર વિલિયમ હન્ટર કલકત્તાના ફારસી અખબાર "દૂરબીન"ના ૧૪ જુલાઈ ૧૮૬૯ના અંકનો સંદર્ભ ટાંકીને લખે છે કે, 'હાલમાં સુંદરવન કમિશ્નરની ઑફિસમાં કેટલીક જગ્યાઓ ખાલી પડતાં ગવર્નમેન્ટ ગેઝેટમાં તેની જાહેરાત આપવામાં આવી. જેમાં અધિકારીઓએ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો કે માત્ર હિન્દુઓને જ ઍપૉઇન્ટમૅન્ટ આપવામાં આવશે.'

ઉપરોક્ત જાહેરાતનો સંદર્ભ ટાંક્યા પછી લેખક લખે છે કે, "મુસલમાનોને હવે એવી પડતીની હદ સુધી ધકેલવામાં આવ્યા છે કે જો તેઓ સરકારી નોકરી માટેની લાયકાત પ્રાપ્ત કરી લે છે તો પણ તેમને સરકારી નોટિફિકેશન દ્વારા ખૂબ ચાલાકીથી વંચિત કરી દેવામાં આવે છે. કોઈ તેમની લાચારી પ્રત્યે ધ્યાન આપતું નથી. ઉચ્ચ અધિકારીઓ તેમના અસ્તિત્વને સ્વીકારવા પણ તૈયાર નથી.'

અંગ્રેજો મુસલમાનો પ્રત્યે કેવી દુષ્ટતા અને વેરભાવ ધરાવતા હતા તેનો અંદાજો એ ઉપરથી લગાવી શકાય; છેક ઈ.સ. ૧૯૧૭માં મુઝફ્ફરનગરના કલેક્ટર સી. મૂર થાનાભવનની મુલાકાતે આવ્યા હતા. (જ્યાંના મુસ્લિમોએ ૧૮૫૭ના સંગ્રામમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો) સી. મૂરે કાઝી એહસાનુલ હક સાથે ૧૮૫૭ની લડતના આગેવાનો અને ખાસ કરીને કાઝી ઈનાયત અલીખાન વિશે ચર્ચા કરી. અંતે સી. મૂરે કહ્યું કે, 'મને આજે પણ થાનાભવનમાં વિપ્લવની ગંધ આવે છે.'

મુસલમાનો પ્રત્યે અંગ્રેજોની વેરભાવના અને ભેદભાવપૂર્ણ નીતિના કારણે મુસલમાનો શિક્ષણમાં અન્ય કોમો કરતાં ખૂબ પાછળ રહી ગયા. તેમને ૧૮૫૭ના સંગ્રામની એ કિંમત ચૂકવવી પડી કે તેમના આગેવાનો દેશના રક્ષણ અને અંગ્રેજ શાસનનો અંત આણવાની ચિંતામાં વ્યસ્ત રહ્યા. પરિણામે તેઓ કોમની શૈક્ષણિક અને આર્થિક ઉદ્ધાર પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતા નહીં. જેની અસરો આજે પણ મુસલમાનોની શૈક્ષણિક અને આર્થિક સ્થિતિ પર જોવા મળે છે. અફસોસ એ વાતનો છે કે આપણે દેશ માટે બલિદાન આપનારા આ વીરપુરુષોને ભુલાવીને તેમની સાથે ઘોર અન્યાય કરવામાં આવ્યો છે. તેઓ જ પાયાની ઈંટો છે જેના પર આઝાદીના આંદોલનની ઈમારતનું નિર્માણ થયું.

આજે એ વાતની જરૂર છે કે દેશભરમાં જંગે આઝાદી માટેના પ્રાણ ફૂંકીને દેશમાં અંગ્રેજો વિરુદ્ધ વાતાવરણનું નિર્માણ કરનારા, ૧૮૫૭ની લડતમાં શહીદ થનારા વીરપુરુષોને આ દેશ યાદ કરે અને ઈતિહાસમાં તેમને યોગ્ય સ્થાન આપે, જેથી ભવિષ્યની પેઢી દેશના સાચા ઇતિહાસની જાણકારી મેળવી શકે, તેમનામાં દેશ પ્રેમના ઉમદા ગુણોનું સિંચન થઈ શકે અને દેશમાં કોમી એકતાના વાતાવરણનું નિર્માણ થઈ શકે.

૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ એક એવી વ્યાપક લડત હતી, જેના દ્વારા સમગ્ર દેશમાં અંગ્રેજ શાસન વિરુદ્ધ જાગૃતિ પેદા થઈ. આ લડતે દેશવાસીઓને સમગ્ર દેશમાં વ્યાપક લડત ચલાવવાની પ્રેરણા આપી. પરિણામે ૯૦ વર્ષ પછી દેશમાં આઝાદીનો સૂરજ ઊગ્યો.

ભારતીય ઇતિહાસ અને સ્વાતંત્ર્ય આંદોલનનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરનાર લેખક યશવંત મહેતા લખે છે કે, 'ઇતિહાસના વિદ્યાર્થીઓ સારી પેઠે જાણે છે કે હિન્દમાં બ્રિટિશ શાસન સામેનો પ્રથમ ઉદ્દામ સંઘર્ષ ૧૯મી સદીના પ્રથમ દાયકામાં શરૂ થયો હતો. રાયબરેલીના મુસ્લિમ ફકીર સૈયદ પ્રથમ અહમદની આગેવાની હેઠળ ઉત્તર હિન્દના વહાબી સંપ્રદાયના અનુયાયીઓએ લગભગ અર્ધી શતાબ્દી સુધી ગામડાઓ અને શહેરોમાં પહાડો અને મેદાનોમાં બ્રિટિશ શાસન સામે અવિરત યુદ્ધો આપ્યા હતા. સંઘર્ષનું આ ઝરણું આગળ જતાં સિપાઈઓના બળવા તરીકે જાણીતા મહાન સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભળી ગયું. આ બળવાએ હિન્દમાં બ્રિટિશ શાસનના પાયાને હચમચાવી નાંખ્યો હતો.

પ્રખ્યાત ભારતીય ઇતિહાસકાર આર.સી. મજમુદાર લખે છે કે, '૧૮૫૭નું આંદોલન ભારતમાં બ્રિટિશ શાસન વિરુદ્ધ વિશાળ પાયાનું ચેલેન્જ હોવાના સ્વરૂપે હંમેશા ઇતિહાસમાં યાદ રાખવામાં આવશે. અડધી સદી પછી શરૂ થનારા રાષ્ટ્રીય આંદોલનને આ જ આંદોલનમાંથી પ્રેરણા અને માર્ગદર્શન મળ્યાં. ૧૮૫૭-૫૮ની યાદે આપણી સ્વતંત્રતાની સમગ્ર લડતને બળ પૂરું પાડ્યું, આંદોલનકારીઓમાં હિંમતના પ્રાણ ફુંક્યા અને વિશાળ પાયાના આંદોલનનો એક ઐતિહાસિક પાયો રચ્યો.

ઓખા મંડળના વાઘેરોનો સ્વાતંત્ર્ય સંગ્રામ :- હિન્દુસ્તાની સ્વતંત્રતાના ૧૮૫૭ના જંગમાં સામેલ થનારા ઓખા, દ્વારકાના માણેકો વાઘેરોની દાસ્તાન રોમાંચક અને રક્તરંજિત છે. ૧૮૨૦થી તેની લડાઈ ચાલી તે ૧૮૬૮ સુધી ચાલી. તેનો છેલ્લો શહીદ પોરબંદર પાસે વનચરડાની સીમમાં મરાયો, તે મુળુ માણેક પોરબંદર રાજના દીવાન કરમચંદ ગાંધી (કબા ગાંધી)ની પોલીસ ગિશત સહિતના જુદાજુદા રજવાડાના પોલીસદળે મુળુને ઘેરી લઈને ઠાર માર્યો હતો.

ઓખાના વાઘેરોએ અંગ્રેજ અને ગાયકવાડ સૈન્ય સામે ઝીલેલી ટક્કરનાં તથ્યો પણ જોવાં જોઈએ. વાઘેરોએ પહેલો બળવો ૧૮૨૦માં કરેલો, જે ગાયકવાડી સૈન્યે અંગ્રેજોની મદદથી દબાવી દીધો. ત્યાં ૧૮૫૭ની પૂર્વભૂમિકા રચનારા રાજવીઓ, સૈનિકો અને સાધુઓ દેશભરમાં ઘૂમી વળ્યા. કેટલાક સાધુઓ આ વિસ્તારમાં પણ આવ્યા, 'વાઘેરોએ આ તક ઝડપી લીધી,' ૧૮૫૮માં જુદાંજુદાં ગામોના વાઘેરો જાન્યુઆરીમાં એકઠા થયાં તેમાં ઉમરાપુરના જોધા માણેક અને બાપુ માણેક, ભોજવાડાના ભોજા માણેક અને રેવા માણેક, વસઈના રણમલ માણેક અને દીપા માણેક, સોમેશ્વરથી દેવા ચુબાણી અને ધંડુ માયાણી, રાજપુરના સફા માણેક અને રાયદે વગેરે ઉપસ્થિત હતા.

સઘળા લોકોએ 'લડીને મુલક જીતી લેવા' નિર્ણય કર્યો. જોધા માણેકે પહેલાં તો આમ કરવા ના પાડી, પણ પછી તે પણ સહમત થયો. ઈ.સ. ૧૮૫૮ના માર્ચમાં તેમનો પહેલો હુમલો બેટ પર થયો. પ્રિન્સ આર્થર ચોથી બટાલિયનની એક કંપની લઈને વાઘેરોને કચડવા આવ્યો. પણ નાસીપાસ થયો. એપ્રિલમાં બીજા હુમલામાં તે ફાવ્યો. પણ વાઘેર નેતાઓ છટકી ગયા. થાકેલા બ્રિટિશ સૈન્યને તરત બેટ છોડી જવું પડ્યું ત્યારે વાઘેરોએ માન્યું કે ૧૮૫૭ની લડાઈથી હવે બ્રિટિશરો દેશ છોડી રહ્યા છે. એટલે બેટ દ્વારકામાં રહેલા ગાયકવાડીનાં સૈન્ય સામે વાઘેરો ફરી યુદ્ધે ચડ્યા. ઈ.સ. ૧૮૫૯ના એપ્રિલમાં ગાયકવાડે સમાધાન માટે નારાયણરાવ રઘુનાથ અને સુખરામ પુરુષોત્તમ નામના પોતાના બે પ્રતિનિધિઓ મોકલ્યા. તેમનો પ્રયત્ન નિષ્ફળ ગયો. આ ઘટનાઓએ વાઘેરોને હિંમત આપી. સૌરાષ્ટ્રની લોકકથામાં જીવંત બની ગયેલા મુળુ માણેકે ૩૦ જુલાઈ, ૧૮૫૯ના રોજ દ્વારકા પર ચડાઈ કરીને જીતી લીધું. સાત દિવસની લડાઈ પછી બેટ દ્વારકા પણ જિતાયું અને ઓગષ્ટ સુધીમાં તો સમગ્ર ઓખામંડળમાં મુળુની આણ પ્રવર્તી ચૂકી. જાધો માણેકને મંડળનો વડો નીમવામાં આવ્યો. તેણે પોરબંદર અને જામનગરના રાજવીઓને એક પત્ર લખીને ગાયકવાડ તેમ જ બ્રિટિશરો સામે યુદ્ધ ખેલવામાં સહકાર માંગ્યો. ગાયકવાડે ગભરાઈને બ્રિટિશરોની મદદ માગી અને ૨૯મી સપ્ટેમ્બરે બ્રિટિશ અધિકારીની રાહબારી તળે ઓખામંડળ તરફ સૈન્યે કૂચ કરી, પણ વાત હવે આસાન નહોતી. આ અનુસાર કર્નલ ડોનોવાનની નેતાગીરી તળેનાં બ્રિટિશ તથા ગાયકવાડી દળોએ બેટ તથા દ્વારકા પર ઓક્ટોબર ૧૮૫૯માં જમીન તથા દરિયાઈ માર્ગે આક્રમણ કર્યા. વિગ્રહકારો છેવટે બેટ ખાલી કરીને દ્વારકા જતા રહ્યા. ડોનોવાનના આદેશથી એની ટુકડીએ કિલ્લાને જમીન દોસ્ત કરીને બેટનાં મંદિરો તોડી નાખીને આશરે ત્યાંનું ચાર લાખનું ઝવેરાત લૂંટી લીધું પછી બ્રિટિશ અને ગાયકવાડી સેના દ્વારકા પર હલ્લો લઈ ગઈ. ત્યાં પણ અંદરના વિગ્રહકારો છેવટે પરાજિત થયા અને તેઓ નાસીને ગીરનાં તથા બરડાનાં જંગલોમાં વેરવિખેર થઈ ગયા. ડોનોવાનના આદેશથી દ્વારકામાં પણ બ્રિટિશ દળોએ મંદિરો તોડી પાડ્યા તથા ત્યાંનું ઝવેરાત લૂંટી લીધું.

ડોનોવાનનાં આવા કૃત્યો સામે ઓખામંડળ, કચ્છ તથા કાઠિયાવાડનાં રાજાઓ, મહાજનો અને લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો. કચ્છના રાવ, જામનગરના જામ તથા પોરબંદરના રાણાએ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ એ. કે. ફોર્બ્સ પર ડોનોવાનનાં કૃત્યો સામે સખત વિરોધ વ્યક્ત કરતા પત્રો લખ્યા. કચ્છ, કાઠિયાવાડ વગેરે પ્રદેશોનાં ઘણા મહાજનોએ પણ આવા પ્રકારના વિરોધી પત્ર સરકારને લખ્યા. રોબર્ટસે પણ પોતાની વિરોધ નોંધ સાથે ઘણા પત્રો વડોદરાના કમિશ્નર મેજર વોલેસને મોકલ્યા. એણે ડોનોવાનના આ કૃત્ય પ્રત્યે સખત નાપસંદગી વ્યક્ત કરતો તથા રાજાઓ અને મહાજનોની માંગણી અનુસાર મંદિરો ફરી બંધાવી આપવા બાબતનો લાંબો પત્ર હિંદ સરકારના મંત્રીને તથા મુંબઈ સરકારના મંત્રીને લખ્યો. એના જવાબમાં મુંબઈ સરકારના સચિવ એન્ડર્સને ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૫૯ના રોજ કચ્છના ઉપ-પોલિટિકલ એજન્ટ પરના એક પત્રમાં સરકાર વતી રાજાઓ, મહાજનો અને લોકો સમક્ષ દિલગીરી વ્યક્ત કરવાનું જણાવ્યું તથા તાત્કાલિક મંદિરો ફરી બંધાવવા તેમ જ મિલકત તથા ઝવેરાત પરત કરવા આદેશ આપ્યો હતો. ઈ.સ. ૧૮૫૯ થી ૧૮૬૫ સુધી બરડાના ડુંગરાઓમાંથી વાઘેરો લડતા રહ્યા. હવે તેમની સામે ગાયકવાડ કે અંગ્રેજોની સેના નહોતી. જુદાજુદા પ્રદેશના રાજાઓની સામે લડવાનું હતું. આ દિવસોમાં વાઘેરોનાં બહારવટામાં રહેલી નેક અને ટેકને લોકકવિઓ બિરદાવ્યા વિના રહ્યા નથી. અનેક ધિંગાણાં ખેલીને જોધો માણેક

ગિરના જંગલમાં મૃત્યુ પામ્યો ત્યારે દ્વારકાએ પોતાના વીર યોદ્ધાના માનમાં શોક પાળ્યો. બજારો બંધ રહ્યાં. બ્રાહ્મણોએ એક માસ મિષ્ટાન ન ખાધું. સ્ત્રીઓએ પિત્તળનાં બેડાંને બદલે માટીનાં બેડાંથી પાણી ભર્યું. રૂપેણ બંદર પરની જોધા માણેકની મેડી પર કાળો ઝંડો ફરક્યો. મહાજનોએ એક વર્ષ લગી વિવાહ વગેરે ઉત્સવો પ્રયોજ્યા નહિ ને વર્ષભર રાત્રે દ્વારકાના ચોકમાં જોધાના મરશિયા ગવાયા. મુળુના ભાઈ દેવા માણેકે પણ સમગ્ર કાઠિયાવાડમાં પોતાનાં પરાક્રમોનો ઝંડો ફરકાવીને અનેક સ્થળોએ ધિંગાણા ખેલી ને છેલ્લા ધિંગાણામાં કાલાવડ (જામનગર) પાસેની માછરડાની ડુંગરધાર પર અંગ્રેજ લશ્કરના અમલદાર હેબર્ટ અને લાટુચને સ્વધામ પહોંચાડ્યા. ૧૮૬૭થી ૨૩ ડિસેમ્બરના એ જંગનો બ્રિટિશાઈ નમૂનો ત્યાંનો ૫૦ ફૂટનો સ્તંભ છે. તેના આલેખમાં 'બદમાશ વાઘેરો' સામે 'બહાદુર હેબર્ટને લાટુચના મૃત્યુ'ની વાત કહેવામાં આવી છે. દેવો માણેક આ લડાઈમાં બલિદાન બન્યો, અને મુળુના નસીબે જ હવે આખરી લડાઈઓ આવી. ભૂખતરસ અને રઝળપાટે મુળુના શરીરને થકવી નાંખ્યું હતું. ઘણીવાર તો એ સાતસાત દિવસ ભૂખ્યો રહેતો. આખરે પોતાના બચેલા સાથીદારો સાથે પોરબંદર રાજ્યના વનચરડા ગામડાની સીમમાં તે મરાયો, ઈ.સ. ૧૮૬૮ની સાતમી મેએ. આમ ૧૮૫૭ના સંગ્રામમાંથી પ્રેરાઈને લડનારા વાઘેરોના છેલ્લા રાજાએ આંખો મીંચી.

ગુજરાત સરકારે સન સત્તાવનના સમરની સાર્ધ શતાબ્દીની જાહેર ઉજવણી જામનગરથી ૨૪ જૂન, ૨૦૦૬ના દિવસે શરૂ કરી. તેનું કારણ એ કે ૧૦મે, ૨૦૦૬ના દિવસે પ્રથમ સ્વતંત્રતા સંગ્રામનું ૧૫૦મું વર્ષ શરૂ થયું. જામનગરના કાર્યક્રમમાં પ્રાધ્યાપક નરોતમ પલાણ, વિષ્ણુ પંડ્યા, સ્વામી ધર્મબંધુ, પ્રાધ્યાપક મહેબૂબ દેસાઈ, વિજય આશર વગેરેએ સન ૧૮૫૭માં જોધા માણેક, મુળુ માણેકની આગેવાની હેઠળ વાઘેરોએ ખેલેલા દસ વર્ષના જંગની બિરદાવલિ ગાઈ હતી. આ વાઘેર સ્વાતંત્ર્ય વીરોનો સબંધ નાના સાહેબ પેશ્વા સાથે રહ્યો હોવાની વિગતો હવે મળવા લાગી છે. વાઘેરોએ ઉત્તર ગુજરાત સુધી લડાઈનો વ્યાપ વધાર્યો હતો. અમદાવાદના મૅજિસ્ટ્રેટ જે. ઈ. એલિફન્ટે વડોદરાના પોલીસ વડાને ૧૪ જાન્યુઆરી, ૧૮૬૫ના દિવસે લખેલો પત્ર તેનો પુરાવો છે. એણે લખેલું કે કડી મહાલના કોળીઓનું વિપ્લવી વીરો સંગઠન કરતા હતા અને તેમનો સંબંધ ઓખાના વાઘેરો સાથે હતો. ૧૮૫૭નો સૌરાષ્ટ્ર સાથે સબંધ હતો. તેના ઘણા સંકેતો મળે છે. પણ સ્પષ્ટ ઈતિહાસ તારવવા માટે હજુ વધારે શોધખોળ કરવી જોઈએ. એટલું ખરું છે કે ૧૮૫૭માં ભાગ લેનારને ધાડપાડુ કે બહારવટિયા અથવા ગુનેગાર કહેવામાં આવ્યા છે. જુનાગઢના ઈતિહાસમાં દીવાન ડુંગરશી ફોજદાર ડોસાભાઈ અને કેશવજી વીરજીને હલકા ચિતરવામાં આવ્યા છે અને અંગ્રેજ અફસરોનું બહુમાન કરવામાં આવ્યું છે. જૂનાગઢ અને જામનગર એવા બે રાજ્યો છે. જેણે અંગ્રેજોના સ્મારકો રચ્યાં છે અને વિપ્લવવાદીઓના હાથે મરેલા અંગ્રેજી સૈનિકોને પેન્શન ચૂકવવામાં આવ્યા છે. શંભુભાઈ દેસાઈ જેવા સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લેનાર ઈતિહાસ-લેખક પણ કેશવજી વીરજીને ગુનેગારોને મદદ કરનાર કહીને તેમને ઉતારી પાડે છે. ૧૮૫૭માં તેમ જ શ્યામજી કૃષ્ણ વર્મા અને સુભાષચંદ્ર બોઝ સાથે સશસ્ત્ર ચળવળમાં જોડાયેલી વ્યક્તિનાં ઈતિહાસ આપણે ફરીવાર લખવો જોઈએ. એમ ૧૮૫૭ની આ દોઢસોમી જયંતી પ્રસંગે લાગે છે.

(નોંધ : ગુજરાત ઈતિહાસ પરિષદ આયોજિત, એન. એસ. પટેલ કોલેજ આણંદમાં, તા. ૯-૨-૨૦૦૮ના સેમિનારમાં આ શોધ-પત્રની રજૂઆત કરવામાં આવી હતી. જેની નોંધ પણ લેવામાં આવી હતી.)

સંદર્ભ સૂચિ :-

(૦૧) "૧૮૫૭" બકુલ બક્ષી ૨૦૦૭

(૦૨) ભો.જે.વિદ્યાભવનનો "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ - ૮ બ્રિટિશકાલ ઈ.સ. ૧૯૧૪ સુધીનો"

(૦૩) "વિપ્લવમાં ગુજરાત" વિષ્ણુ પંડ્યા

(૦૪) "સાધના" સાપ્તાહિક સ્વાતંત્ર્ય દિન વિશેષાંક ઓગસ્ટ - ૨૦૦૭

(૦૫) "૧૮૫૭ ક્રાંતિમાં ગુજરાત" આશુતોષ ભટ્ટ

(૦૬) "૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ" વીર સાવરકર

(૦૭) "ભારતમાં અંગ્રેજોના યુદ્ધો" સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ

(૦૮) "હિંદનો સ્વાતંત્ર્ય સંગ્રામ" ડૉ. વિજયસિંહ ચાવડા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

(૦૯) "ગુજરાત ૧૮૫૭" વિષ્ણુ પંડ્યા, આરતી પંડ્યા

(૧૦) "૧૮૫૭ થી સુભાષ સુધી" વિષ્ણુ પંડ્યા, આરતી પંડ્યા

(૧૧) "નોબત" વર્તમાનપત્ર દિવાળી વિશેષાંક ૨૦૦૭, જામનગર

(૧૨) "તહરીકે આઝાદી ઔર હિન્દુસ્તાની મુસલમાન" ડૉ. મુખતાર અહમદ મક્કી

(૧૩) "આઝાદી કે દિવાને" દેશભક્ત મુસ્લિમ ડૉ. બી.એન. પાંડ્યા

(૧૪) "ભારત કે સ્વતંત્રતા સંગ્રામમેં મુસ્લિમ મહિલાઓંકા યોગદાન" ડૉ. આબીદા સમીઉદ્દીન

(૧૫) "ઉલમાએ હિન્દકા શાનદાર માઝી ભાગ-૪" મૌલાના મુહંમદ મિયાં

(૧૬) "ઈન્કલાબ ૧૮૫૭" પી.સી.જોષી

(૧૭) "સ્વાતંત્ર્ય સંગ્રામમાં હિન્દી મુસ્લિમોનો ફાળો" યશવન્ત મહેતાની લેખમાળા "ગુજરાત ટુડે" દૈનિક ૬થી માર્ચ ૧૯૯૪

(ઘાંચીવાડ, જામનગર. ૩૬૧ ૦૦૧, ભારત)

(સદ્ભાવ : મુદ્રાંકન સહયોગ - શ્રુતિબહેન અમીન)

****

સિતમગર તું જેને બગાવત કહે છે

• 'અંજુમ' વાલોડી

એ શોષિત ને પીડિત જનોનો સહારો,
દુઃખો, યાતનાઓ. વ્યથાઓનો આરો,
ગુલામોને કુદરતનો મોઘમ ઈશારો,
તિમિરમય જીવન-પથને અજવાળનારો,
બન્યો મારા જીવનનો જે ધ્રુવ તારો,
હતો એ પ્રથમ મુક્તિ જંગ મારો,
સિતમગર તું જેને બગાવત કહે છે.

હરેક ચોક, ચૌટે ગલીએ, બજારે,
ઝઝૂમ્યો રહીને હું તલવાર ધારે.
કદમ તો ય ડગ્યાં તો ય માર લગારે,
હશે યાદ તે દિન, જ્યારે તારે,
પડ્યો'તો મરણિયાની સાથે પનારો,
હતો એ પ્રથમ મુક્તિ જંગ મારો,
સિતમગર તું જેને બગાવત કહે છે.

ફળ્યું ના ઝાંસીની રાણીનું જોહર,
ઝફરનાં વિજયનું એ છેદાયું બખ્તર,
ભલે ફેરવી પીઠ બેઠું મુકદ્દર,
ભરી દૈ મરદાઇથી કાળ ખપ્પર,
સિતમના કલેજાને કંપાવનારો,
હતો એ પ્રથમ મુક્તિ જંગ મારો,
સિતમગર તું જેને બગાવત કહે છે.

ન'થી આશ સામ્રાજ્યવાદી થવાની,
તમન્ના હતી મુક્તિ ફળ ચાખવાની,
તો સીંચી દીધી કિંમતી જિન્દગાની,
છતાં ના કરી યાચના તુજ દયાની,
હજી શાખ એની પૂરે છે મઝારો,
હતો એ પ્રથમ મુક્તિ જંગ મારો,
સિતમગર તુ જેને બગાવત કહે છે.

29_7_'57
(સને 1857ના મુક્તિસંગ્રામની શતાબ્દી પ્રસંગે)
('અજંપોત્સવ', 1988)

– એતાનશ્રી

આ પત્રના શબ્દો મારામાં રેડાઈ ગયા !!

• 'ઓપિનિયન' નવેમ્બરનો અંક પણ મળ્યો. મીરાંબહેનનો લેખ હંમેશા ચિંતનીય હોય છે. બાકીના લેખો પણ વાંચ્યા. સારું એ થયું કે તમે 'મારા અતિ પ્રિય ગૌતમ' પત્ર છેલ્લે મુક્યો હતો. એ પહેલાં હોત તો પછી કદાચ બીજું કંઇ વાંચી ન શકાત.

આ પત્રના શબ્દો મારામાં રેડાઇ ગયા !! કેટલું સામ્ય !!

ત્રણ મહિના પહેલાં બેસણાના દિવસે, સવારમાં સાડા પાંચ વાગ્યામાં રીંગ વાગી હતી. મારી બાજુના ટેબલ પર જ એમનો મોબાઇલ પડ્યો હતો. પાગલની જેમ પૂરા ઝનુનથી ઊભી થઇ ને ફોન લીધો. બસ એ બે પળ જ .. પણ એ બે પળ પૂરા વિશ્વાસ સાથે અસ્તિત્વમાં ફરી વળી હતી, કે ચોક્કસ સામે છેડે એ જ હશે. કોઇ શંકા નહોતી. પણ એવું ક્યાંથી બને ? ઠોકર વાગી. …ભલે. … પણ ભલું થજો એ, બેસણાની જાહેરખબર વાંચીને ડોનેશન માગનારનું, કે એણે મને બે પળ માટે ય, એમણે જ મને ફોન કર્યો છે એવી ભ્રમણા આપી ....

સામાન્ય રીતે ઇંડિયાથી મારો દીકરો જ મને ફોન કરે છે અને મારે કરવાનો હોય તો હું ઘરનો નંબર જોડું છું. પણ થોડા દિવસ પહેલાં … મારે એનું કંઇ કામ પડ્યું. એ બહાર હતો એટલે મોબાઇલ પર કરવાનો હતો. હવે એના પપ્પાનો મોબાઇલ

એની પાસે હોય છે.

એ દસ આંકડાનો પહાડ પહેલી વાર વટાવ્યો. એમનો નંબર આંગળીમાંથી દરિયો થઇને અસ્તિત્વમાં ફેલાઇ ગયો. એ નંબર ડાયલ કરવાનું આટલું કપરું બનશે, એવું જિંદગીમાં કદી વિચાર્યું નહોતું. નંબર ડાયલ કર્યા પછી સામે એ જ અવાજ સાંભળવાની ઝંખના પંડમાં પ્રલય થઇને ફરી વળી; અને પછી બધું જ પ્રવાહી. … આટઆટલાં વરસો સુધી મારી બધી વાત સાંભળનાર અને મને સતત હોંકારો ભણનાર, આમ ચુપ કેમ થઇ જાય .. ?

આ નાનકડા પત્રે મને મારી સાથે ફરી એક વાર જોડી દીધી. … આ ચાલ્યા જ કરતું હોય છે પણ જે જે નિમિત્ત બનીને આવે છે, એ મારા હૃદય સુધી પહોંચી જાય છે. … આભારના શબ્દો હવે નહીં શોધી શકું ....

- લતા હીરાણી

e.mail : lata.hirani55@gmail.com

લગાર 'ચારણ કન્યા' !

• રેનિયા-Renia-નું આ કાવ્ય ઉત્તર ઇંગ્લેન્ડનાં પૂર્વીય કિનારે, એક દીવાદાંડીના સંચાલકની યુવાન દીકરીની શોર્યગાથા વર્ણે છે; લગાર 'ચારણ કન્યા' જેમ. પોતાના ઘરમાંથી દરિયાઈ તોફાનમાં સપડાયેલી એક નૌકાને જોઈ, પછી તે, Grace પોતાના પિતા સાથે, જાતે હલેસા મારી, એક હોડીમાં, તૂટેલી પેલી નૌકાના પ્રવાસીઓને બચાવવા જીવનું જોખમ વહોરી લે છે. આ સત્ય ઘટના પર આધારિત આ કાવ્ય માણવા જેવું છે. એમાં ડૂબવા આરે પહોંચેલી નૌકાના પ્રવાસીઓનું આક્રંદ, નિશ્ચેત માનવ દેહોની દરિદ્રતા, છીનવાયેલા - વિછૂટેલા સાથીઓનું કારુણ્ય, આજીજી - હતાશા હૂબહૂ આલેખાયેલી છે. એમાં નવોદિત પ્રતિભા છે, એ જરૂર વર્તાશે. ગયા નવેમ્બરમાં એ ગ્રેસની જન્મતિથિ હતી એ કદાચ કવયિત્રી માટે સ્ફુરણા હશે ?

– 'બાબુલ'

Babul <drvision@gmail.com>

Grace

A raging storm fires all her might and bounces from the rocks
A ship with all souls; bubbling and frothing; creaking and failing
The sea showed no calm or mercy for those clinging to out crops
Bodies float by, some caught in ship's rigging and were eerily flaying

Cold, dark, menacing, raging torrents of water slam down and again
Relentless desperate cries of terror and foreboding are snatched in pain
The sea boils and leaps into gaping mouths, lungs froth and blood oozes
Into the water, into their eyes, onto each other among cuts and bruises

Hands aching; loosening grips; fingers being unpeeled by freezing brine
Ready to die - to sleep now in the darkest depths, release with a sigh
No longer frozen, no longer afraid,
Not hearing the thunder and ready to cave
A last breath taken; a last tear shed
'Please forgive me' as a last prayer said

Dawn began to show herself and what chaos the storm had craft
And in dawn's shafts a girl rowed out pulling hard on oars in the aft
Seeing the nine still clung to rocks, she grimaced and fought to reach them
And strained to move the wooden bulk spurred on by skeletal seamen

Her father leapt across the rocks still hammered by the raging wind
Which tried in vain to send him down battered, bleeding and skinned
Grace kept the vessel all alone, safe from the spiking prongs
Off rocks which beckoned closer still but she kept it true and strong

November 24 1815 a heroine was born in the North West
She helped save the lives of nine of England's best
Alas, aged 26 Grace died in the arms of her father
Lost to him, and the sea and her people at Bamburgh

Renia Piskozub

(20 November 2009)

તમે વજ્રઘાત કર્યો છે !!!

• છેલ્લે છેલ્લે, હવે "ઓપિનિયન" વધારે પ્રકાશ પાથરવા માંડયું છે. પરંતુ પ્રકાશનના મુદ્રિકરણ પર મારેલી લક્ષ્મણ રેખા જોઈ અંધારા આવે છે. તમે વજ્રઘાત કર્યો છે !!! સાહિત્યસર્જન, વિવેચન અને વિકાસને વરેલા આ સામયિક દ્વારા દોઢ દાયકાની સફરમાં, નિષ્પક્ષ વિશાળ હૃદયે, અનેકને લેખન પ્રેરિત કર્યા છે, જે ગુજરાતી ભાષા પ્રતિ તમારી ઉમદા સેવા અને ઋણ છે.

'વાર્તાની છાજલી'થી નવાજ્યો તે બદલ આભાર. ઉપેન્દ્રભાઈ ગોર, રમણભાઈ પટેલ અને વલ્લભભાઈ નાંઢાને પુસ્તકનું સંપાદન કરવા બદલ અભિનંદન.

'ગુજરાત ગઝલ મંડળ'ના સહપ્રવાસી, ૧૯૬૫થી યુનાઈટેડ કિંગ્ડમમાં સ્થિત, સૂફી વિચારસરણીના ગઝલકાર, ગુલામ મોહમદ શેખ ઊર્ફે 'અંજુમ' વાલોડીનું ૧ નવેમ્બર ૨૦૦૯ના વૉલ્થમસ્ટૉ (લંડન) ખાતે, ૯૧ વર્ષની ઉંમરે, નિધન થયું છે. તેઓ રતિલાલ 'અનિલ'ના અંગત મિત્ર હતા. એમના જ એક શે'ર સાથે ભાવાંજલિ આપીએ :

કોદાળી પાવડો લઈ આવ્યા હતા ઘણા
ખોદી શક્યું ન કોઈ ઝુલ્મની કબર.

દરમિયાન, આ **'અલવિદા !!'** ગઝલ તમને મુબારક :

ધન્ય છે "ઓપિનિયન"નું આગવું ધોરણ હતું,
એ જ તો સાહિત્યનું અણમોલ પ્રકરણ હતું.
જિંદગીની ચોતરફ સંજોગોના બંધન છતાં;
આયખું સેવામાં કાઢ્યું, ક્યાં ઓછું કામણ હતું ?
સાત ભવની વેદના અને રહ્યું'તું મસ્ત મગન;
ગુર્જરી ભાષાભવનમાં શબ્દોનું એ ધણ હતું.
ખૂબ શબ્દો મારફત પણ ઉલેચી છે લાગણી,
દેશદાઝ તો હતી; નાતો ને કંઈ સગપણ હતું.
કૈંક જો વિસ્મય પમાડી જાય તે પણ આ હશે;
એમના જેવું ભલા ક્યાં અન્ય સાદું જણ હતું !
ક્યાંયે ઝાંખી થઈ નથી કોઈને કે એ બંધ થશે;
એક વત્સલ ભાવનાથી વહેતું જે ઝરણું હતું !
આજ ચ્હેરો એ વિચારે ખિન્ન થઈ પૂછે મને;
કોની ભીની યાદો લઈ સામે ઊભું દર્પણ હતું ?
એમ પણ જેના સ્મરણથી ચિત્ત તરબોળ છે,
તે છતાં વિચારું છું કે બીજું શું કારણ હતું ?
આ ગઝલ લખાઈ છે જેના વિરહ વિષાદમાં,
શ્વેત કાગળ : કાળા અક્ષર જેનું આવરણ હતું.
પૂર્ણતાથી અંત સુધી અલવિદા છે, અલવિદા;
માર્ચની છવ્વીસનું આ આખરી મુદ્રણ હતું !!!
અંત સઘળી કેડીઓનો શું 'જિગર" આવી ગયો ?
વાર્તા, નિબંધ, ગીત, ગઝલનું જ્યાં પગરણ હતું.

- 'જિગર' નબીપુરી

[3, Shernhall Street, Walthamstow, LONDON E17 3EU, U.K.]

વિદાય વેળાએ –

• માનવને ભવિષ્યની ખબર નથી, એ મોટું વરદાન છે. સહદેવ ત્રિકાળજ્ઞાની હતા. એમનું અતિજ્ઞાન એમને કષ્ટદાયક થઈ પડ્યું, પરિણામે એમણે અંદરોદર ખૂબ સહન કર્યું. આવું જ 'અતિજ્ઞાન' "ઓપિનિયન"ના વાંચકોને લાધ્યું. ૨૬ માર્ચ ૨૦૧૦ના અંકના પ્રકાશન સાથે "ઓપિનિયન" પોતાનો કારોબાર સંકેલી લેશે અને એનું પ્રકાશન બંધ થશે, એવી જાહેરાત પછી દરેક અંકના પ્રકાશન સાથે એની અવધિ એક માસ ઓછી થતી રહી. આ બહુ દુ:ખદ હકીકત છે. પૂરાં પંદર વર્ષના સફળ પ્રકાશન બાદ, એક સામિયક બંધ થાય છે, એ ગુજરાતી સાહિત્યરસિક જનતા માટે ગ્લાનિદાયક છે.

બાર વર્ષનો સમય એટલે 'તપ'. એ તપ પછી સિદ્ધિ અવશ્ય મળવી જ જોઈએ. "ઓપિનિયને" તો 'સવા' તપ કર્યું, તો પણ તપશ્ચર્યા ફળદાયી કેમ ન રહી, એ પ્રશ્ન વિચારણા માંગી લે છે. "ઓપિનિયન"ના ઉષાકાળથી એક મધુર સ્વપ્ન સેવવામાં આવ્યું હતું કે અહીં વિલાયતમાં પણ આપણા વિચારલેખનને પોષતું આપણું પોતાનું એક સામયિક છે. એટલે જ સ્તો એના સંવર્ધન માટે 'શૂરા બસો', આદિથી અંત સુધી, મહારાણ પ્રતાપના 'શૂરા બાવીસ હજાર' સમ, એની પડખે અડીખમ ઊભા રહ્યા ! છતાં, ગ્રાહક સંખ્યા બસો ઉપર ન ગઈ. એનું પ્રકાશન બંધ થાય છે. શા માટે ?

એ માટે જવાબદાર છે એક સામાન્ય ગુજરાતીની વાચનભૂખની કમી. વાચન સિવાયની બીજી બધી જ ભૂખ એને લાગે છે. અર્થહિન નાટકો, દ્વિઅર્થી પ્રહસનો કે ફિલ્મો સહકુટુંબ જોવા પાછળ એ ઘણા બધા પૌંડ ખરચી નાખશે, પણ એક સરસ પુસ્તક કે સામયિકથી એ કોષ કોષ દૂર રહેશે. આ સંજોગોમાં "ઓપિનિયન" જેવાં માટે £૨૫ જેવી રકમ એ કેવી રીતે 'વેડફી' નાંખે ? 'એમાં મને શું મળે ?' આ એનો સનાતન પ્રશ્ન રહ્યો છે. કદાચ એમ પણ હોઈ શકે કે અંગ્રેજી ભાષાની મોહિની આડે એને ગુજરાતી બોલતાં - વાંચતાં શરમ લાગતી હોય ! તાજેતરમાં જ સેમ પિત્રોડાએ કહ્યું છે તેમ, 'ગુજરાતીએ પોતાની છબિ - ઈમેજ - બદલવાની જરૂર છે.'

પંદર વરસો દરમિયાન "ઓપિનિયને" પાયાનું ચણતર કરી સાહિત્યિક ક્ષેત્રે વિશેષ પ્રદાન કર્યું છે, તેની ઝાંખી આપણે કરીએ :

(1) 'ભાષા સારી માઠી હશે તેને વિશે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું.' આમ "ઓપિનિયન"ની આચારસંહિતામાં કહેવાયું છે. જેને ગુજરાતી લખવાની ફાવટ નથી કે મહાવરો નથી એવા માટે આ એક મોટો સધિયારો હતો, આશ્વાસન હતું. 'ભાષાને શું વળગે ભૂર, રણમાં જીતે તે શૂર.' એ અખાનો સંદેશ "ઓપિનિયને" આચરણમાં મૂક્યો અને લખવા માટે પ્રેરણા આપી. પરિણામે સાક્ષરી ગુજરાતી ભાષાથી અજ્ઞાત એવા જાણોએ પણ કલમ પકડી અને લખવાનું શરૂ કર્યું. આ કાંઈ જેવી તેવી સિદ્ધિ નથી.

(2) I disapprove of what you say, but I will defend to the death your right to say it.' — Voltaire [1694-1778]. ઘણાં અખબારો કે સામયિકો પોતાના મંતવ્યોથી વિરોધી મત દર્શાવતા લેખોને સ્વીકારતા નથી. પરંતુ, "ઓપિનિયન"નું વલણ આ બાબતે ઉદાર રહ્યું છે. અણગમતા, ટીકાત્મક લખાણને પણ એ આવકારતું રહ્યું છે. 'People ask you for criticism, but they only want praise.' — Somerset Maugham. મોમના આ કથનને "ઓપિનિયને" ખોટું પાડયું છે. 'એતાનશ્રી' વિભાગ આથી જ સ્તો અતિ પ્રિય થઈ પડયો !

(3) નિયમિત પ્રકાશન : દરેક પ્રકાશનનો આ ધર્મ છે. પરંતુ સંજોગોવસાત્ એમાં બાંધછૂટ લેવાતી રહે છે. "ઓપિનિયન" ખરે જ એમાં અપવાદરૂપ રહ્યું છે. ચાહે ગમે તે થાય, ગમે તેવા વિપરિત સંજોગોમાં પણ "ઓપિનિયન"નું પ્રકાશન નિયમિત રહ્યું છે. દર માસની ૨૬ તારીખે ગ્રાહકને એનો અંક પહોંચે, પહોંચે ને પહોંચે જ ! કેટલાં અખબારો કે સામયિકો આ કસોટીમાંથી પાર ઊતરશે ?

(4) નવોદિત લેખોને આવકાર : "ઓપિનિયને" નવોદિત લેખકોને એક સ્વતંત્ર મંચ પૂરો પાડ્યો. પ્રકાશન માધ્યમને અભાવે ઘણા લેખકો અકળાતા હતા. તળ ગુજરાતનાં સામયિકો એમનો હાથ ઝાલવા તૈયાર ન હતા તે ટાણે "ઓપિનિયને" તેમને ખુલ્લા દિલે આવકાર્યા અને તેમની લેખનશક્તિને વિકસાવી, બહેલાવી !

(5) વિશ્વસ્તરના લેખકોનું કડીસંધાન: ડાયસ્પોરિક ક્ષેત્રે "ઓપિનિયને" ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે. આંતરખંડીય લેખોને એક માળામાં પરોવવાનું "ઓપિનિયન"ના પ્રાગટ્ય બાદ વિલાયત અને વિશ્વના - તળ ગુજરાત સિવાય - અન્ય દેશોમાં પણ નોંધનીય સિદ્ધહસ્ત લેખકો, સાહિત્યકારો છે એની જાણપિછાણ થઈ અને લેખકો અન્યોન્ય સાથે વિચારવિમર્શ કરી શક્યા.

(6) દરેક લેખકના સરનામા જે તે લેખ સાથે આપવાની આગવી પ્રથા શરૂ કરી. આથી વાચકો, લેખકો અન્યોન્ય સાથે પત્રમૈત્રી કેળવી શક્યા. આ પણ એક વિશિષ્ટ પ્રદાન રહ્યું.

(7) પ્રતિ વર્ષ ડિસેમ્બર માસનો અંક ખાસ વાર્તાઅંક તરીકે પ્રગટ કરવાની શરૂઆત કરી વીતેલાં વર્ષોની શ્રેષ્ઠત્તમ વાર્તાઓની પસંદગી કરી, ગ્રાહકોને 'વાર્તાની છાજલી' ભેટ ધરી.

(8) લવાજમ : પ્રારંભકાળથી નિર્ધારિત પૌંડ ૨૫નું (અને વિદેશ માટે પૌંડ ૪૦નું) લવાજમ અંત સુધી એકધારું અવિચળ રહ્યું હોય અને તે પણ આર્થિક મંદીની - credit crunch - ભીંસમાં, એ બીના **न भूतो न भविष्यति** જેવી છે. સહજ થાય છે : 'આ કેવી રીતે શક્ય બન્યું હશે ?' આ એક યક્ષ પ્રશ્ન છે.

સંપાદક વિપુલભાઈ 'એકલવીર' છે. 'ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું', એ એમનો કર્મમંત્ર છે. એકલે હાથે પંદર વરસો સુધી એમણે "ઓપિનિયન"નું નિષ્ઠાપૂર્વક સંપાદન કર્યું અને વાંચક-ચાહકનો એક અનોખો વર્ગ ઊભો કર્યો. "ઓપિનિયન" જેવું વૈચારિક સામિયક હવે પછી ડાયસ્પોરિક સાહિત્યાકાશે ક્યારે ય પ્રગટ થશે, એવી આશા મૃગજળ સમાન સાબિત થશે. જ્યારે પણ ડાયસ્પોરિક પત્રકારત્વનો ઇતિહાસ લખાશે, ત્યારે "ઓપિનયન"નો ઉલ્લેખ ગૌરવપૂર્વક સુવર્ણ અક્ષરોમાં થશે, એ નિર્વિવાદ છે.

ગુજરાતી પ્રજાની એ નબળાઈ રહી છે કે સાહિત્યની એ કદર કરી શકતી નથી. "ઊર્મિ અને નવરચના", "પ્રસ્થાન", "મિલાપ" અને "સંસ્કૃતિ" જેવાં સાહિત્યિક સામિયકો, એક પછી એક, કાળના પ્રવાહમાં વિલય થઈ ગયાં ! "ઓપિનયન"પણ એ જ પંથે જઈ રહ્યું છે. વિષાદ થાય છે. ઑગસ્ટ ૨૦૦૯ના અંકમાં, ભરત શાહ લખે છે તે મુજબ, '૨૬ માર્ચ ૨૦૧૦ એટલે કાળો દિવસ !'

ર.વ. દેસાઈએ 'શંકિત હૃદય' કે અન્ય કોઈ નાટકમાં કહ્યું છે : 'એક સામયિક બંધ થવાથી વાગેશ્વરી વિધવા થવાની નથી.' (સ્મૃતિ આધારે ટાંક્યું છે.) "ઓપિનિયન"ની વિદાય વેળાએ એમાં સહેજ ફેરફાર કરી કહી શકાય : "ઓપિનિયન" સામિયક બંધ થવાથી આજે વાગેશ્વરીની આંખમાંથી પણ બે આંસુ પડયાં !

'Opinion is ultimately determined by the feelings, and not by the intellect.'

— Herbert Spencer [1820 - 1903]

- અમૃત દેસાઈ

[35 Sherrick Green Road, Dollis Hill, LONDON NW10 1LB, U.K.]

અતૂટ બિરાદરી

ગાંધીજીની વાત સાચી છે : 'સરેરાશ હિન્દુ બાયલો હોય છે.' "ઓપિનયન"ની ૧૪ વરસની આવરદામાં એક મુસલમાન લેખકે બીજા મુસલમાન લેખકની ટીકા કરી જ નથી ! માત્ર વખાણ જ કર્યાં છે ! આઠ - આઠ પાનાંની વટામણનો સવાલ જ ઊભો થતો નથી ! ૧૩૩૦ વરસ જૂનો શિયા - સુન્ની ભેદ પણ ભૂલી જવામાં આવે છે. નમાલા હિન્દુઓ જ આપસઆપસમાં કપાઈ મરે છે ! મારા ઉપર કૌમવાદી હુમલો થયો ત્યારે બળવંત દેસાઈ કયે પક્ષે હતા એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે. મુમ્બઈમાં થયેલ તાલીબાની આક્રમણ અંગે આ માસિકપત્રના સમર્થ લેખકો, વિવેચકો અને કવિઓ મૌન ધારણ કરીને બેઠા છે ! વિભૂતિ વંદનાની વાત કરનાર પણ ચૂપ રહે છે !

સત્યની પડખે ઊભા રહેવામાં હિંમત જોઈએ. હરિજનો અને મુસલમાનોને ન્યાય મળે એ માટે ગાંધીજીએ પોતાની જાત ઘસી નાખી હતી. છતાં, હિન્દુસ્તાન, પાકિસ્તાન ને બૅંગલાદેશના મુસલમાનો ગાંધીજીની સેવાનું મૂલ્ય કરવામાં પાછળ રહ્યા છે. ગાંધીજીને માત્ર હિન્દુઓના નેતા ગણવામાં ભયંકર દોષ રહેલો છે. ધાર્મિક કુંડાળામાં ફસાયેલા બૌદ્ધિક જીવનનો આદર્શ સિદ્ધ કરી જ ન શકે. ધર્મ એ આત્મિક ઉન્નતિનું સાધન છે; લડાઈનું સાધન નથી. એમ માનનાર જ જીવનની સાર્થકતા સિદ્ધ કરી શકે. મનુષ્યનું મૂલ્ય ઘટાડનારી ધર્મપ્રવૃત્તિ નકામી જ બની રહે. ધર્મને ટોળાંબાજી સાથે કોઈ સંબંધ નથી. સત્ય અને ન્યાયનો નાતો અભિન્ન છે. સગવડે અને વિલંબે કરેલો ન્યાય નહીં શોભે. અત્યાચારથી જેમનું અંતઃકરણ દ્રવી ન ઊઠે, એવા લોકોને ધાર્મિક નાટક કરતા જોઈને નવાઈ લાગે. ઉપનિષદ્‌ની વાત સાવ સાચી છે : 'ધર્મનું આચરણ બુદ્ધિપ્રધાન છે; શ્રદ્ધાપ્રધાન નથી.' દારા શિકોહનો વધ કરનાર ઔરંગઝેબે ઉદાર ચરિત્રનો વધ કર્યો હતો. પોતાના ધર્મની દિવ્યતાની ઝાંખી ન કરી શકનાર બીજાના ધર્મની જુદાઈનો સ્વીકાર કરવા તૈયાર થશે જ નહીં.

- ર. કા. ભટ્ટ

[87 Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]

'देव आनंद मुझ पर फ़िल्म बनाने वाले थे'

• राजेश प्रियदर्शी

बीबीसी संवाददाता, लंदन

ब्रितानी सांसद शैलेश वारा से मिलने के बाद एवरग्रीन स्टार देव आनंद को लगा कि उनका जीवन किसी फ़िल्मी कहानी के प्लॉट जैसा है, जिस पर फ़िल्म बनाई जानी चाहिए.

पोरबंदर से युगांडा गए एक बढ़ई के परिवार में पैदा हुए शैलेश 1964 में चार साल की उम्र में ब्रिटेन आए थे, पेशे से वकील वारा न सिर्फ़ अँगरेज़ बहुल सीट से चुनाव जीतकर हाउस ऑफ़ कॉमन्स में पहुँचे, बल्कि संसद में विपक्ष के उपनेता भी बने.

विपक्षी टोरी पार्टी के 'राइजिंग स्टार' कहे जाने वाले वारा पार्टी के उपाध्यक्ष रह चुके हैं और इस समय शैडो मिनिस्टर हैं, उनकी पार्टी के इतिहास में पहली बार भारतीय मूल का कोई व्यक्ति शैडो मिनिस्टर बना है. हमेशा मुस्कुराते रहने वाले छह फुट लंबे वारा कहते हैं, "देव आनंद साहब ने फ़िल्म तो नहीं बनाई लेकिन उनसे मिलकर बहुत मज़ा आया."

फ़िल्म की बात आगे नहीं बढ़ी लेकिन वारा की कहानी तेज़ी से आगे बढ़ रही है क्योंकि अगले साल गर्मियों में होने वाले चुनाव में उनकी पार्टी की जीत के आसार दिख रहे हैं. वे कहते हैं, "मैं शैडो मिनिस्टर हूँ, शैडो कैबिनेट का तरीक़ा भारत में नहीं है, लेकिन यहाँ ब्रिटेन में विपक्षी पार्टी का एक पूरा मंत्रिमंडल होता है, और अगर कल हम चुनाव जीतते हैं तो यह एक तरह से तैयार मंत्रिमंडल है जो सत्ता संभाल सकता है."

महत्वाकांक्षा : ओबामा की तरह ब्रिटेन में सत्ता के शीर्ष पहुँचने की महत्वाकांक्षा के बारे में पूछे जाने पर वारा कहते हैं, "राजनीति में, ख़ास तौर पर ब्रिटेन की राजनीति में हर दिन को उसी दिन के हिसाब से जीना चाहिए. राजनीति ऐसा पेशा है जिसमें आप अक्सर हिचकोले खाते रहते हैं इसलिए आपको हमेशा अपने पैर ज़मीन पर रखने चाहिए."

पैर ज़मीन पर रखने की बात करने वाले वारा ज़मीन से जुड़े नेता हैं, उनके निर्वाचन क्षेत्र में अधिकतर लोग खेती से जुड़े अँगरेज़ हैं और वहाँ भारतीय मूल के लोगों की आबादी न के बराबर है.

विदेशी मूल का व्यक्ति होकर वोटरों का विश्वास जीतना कोई आसान काम नहीं है, वारा कहते हैं, "मेरे निर्वाचन क्षेत्र में 98 प्रतिशत लोग मूलतः अँगरेज़ हैं. लोगों की दिलचस्पी सिर्फ़ इस बात में है कि मैं उनके मुद्दों को ठीक से उठा सकता हूँ या नहीं, मैं एक बडे ग्रामीण निर्वाचन क्षेत्र का प्रतिनिधत्व करता हूँ, मेरे इलाक़े में जो किसान हैं वे ये देखना चाहते हैं कि कृषि से जुड़े मुद्दों मैं कितना प्रभावी हूँ, उन्हें मेरे बैकग्राउंड में कोई फ़र्क़ नहीं पड़ता है."

शैलेश वारा के जीवन और उनकी उपलब्धियों ने देव आनंद को बहुत प्रभावित किया था

'हर हाल में' इंग्लैंड की क्रिकेट टीम को सपोर्ट करने वाले वारा कहते हैं कि उन्हें अपनी पहचान को लेकर कोई भ्रम नहीं हैं, "ब्रिटेन मेरा देश है, मैं सबसे पहले ब्रितानी हूँ. भारत मेरा मूल है. ज़ाहिर है, मेरे दिल में भारत के लिए विशेष स्थान है क्योंकि मेरी जड़ें वहाँ हैं. मैं भारत की संस्कृति और तौर-तरीक़ों को दूसरे लोगों के मुकाबले बहुत अच्छी तरह समझता हूँ, दोनों देशों के रिश्तों के मामले में मैं एक पुल का काम कर सकता हूँ."

1992 में 32 साल की उम्र में पहली बार भारत गए वारा कंज़रवेटिव पार्टी के संसदीय गुट--कंज़रवेटिव फ्रेंड्स ऑफ़ इंडिया-- के चेयरमैन भी हैं और अब अक्सर भारत जाते रहते हैं, कुछ सप्ताह पहले की अपनी भारत यात्रा में मिली गर्मजोशी को वे बहुत प्यार से याद करते हैं.

कुशल वक्ता वारा कहते हैं, "मैं भारत सरकार के निमंत्रण पर कंज़रवेटिव पार्टी के एक प्रतिनिधिमंडल का नेतृत्व कर रहा था. मैं कई वरिष्ठ नेताओं से मिला. भारत संयुक्त राष्ट्र सुरक्षा परिषद की स्थायी सदस्यता चाहता है, मेरे विचार में उसे स्थायी सदस्यता मिलनी चाहिए, मेरी पार्टी भारत के दावे का समर्थन कर रही है."

भारत से रिश्ता : ब्रिटन में रहने वाले भारतीय समुदाय की गतिविधियों में अक्सर शरीक होने वाले वारा अपनी पार्टी के अध्यक्ष और प्रधानमंत्री पद के दावेदार डेविड कैमरून को इस बार दीवाली के कार्यक्रम में ले गए, कैमरून जब भी भारतीय समुदाय से मुख़ातिब होते हैं तो उनका भाषण वारा ही तैयार करते हैं.

भारत मेरा मूल है. ज़ाहिर है, मेरे दिल में भारत के लिए विशेष स्थान है क्योंकि मेरी जड़ें वहाँ हैं. मैं भारत की संस्कृति और तौर-तरीक़ों को दूसरे लोगों के मुकाबले बहुत अच्छी तरह समझता हूँ, दोनों देशों के रिश्तों के मामले में मैं एक पुल का काम कर सकता हूँ

रोटी-सब्ज़ी को अपना प्रिय भोजन बताने वाले वारा थोड़ी-थोड़ी हिंदी और धल्लड़े से गुजराती बोलते हैं. वे कहते हैं, "मैं अपने मां बाप से हमेशा गुजराती में बात करता हूँ, मैं मानता हूँ गुजराती या अपनी भाषा का अभ्यास करते रहने का यही सही तरीक़ा है."

देव आनंद और शिल्पा शेट्टी जैसी भारतीय फ़िल्मी हस्तियों से कई बार मिल चुके वारा ऐश्वर्य राय के फ़ैन हैं, "वे बेहतरीन अभिनेत्री हैं, मुझे अभी तक उनसे मिलने का मौक़ा नहीं मिला है. मैं ज़रूर उनसे मिलना चाहूँगा."

सोलह-सत्रह साल की उम्र में उनकी दिलचस्पी दो चीज़ों में हुई, राजनीति और मार्शल आर्ट्स. उन्हें अफ़सोस है कि राजनीति तो जारी है लेकिन मार्शल आर्ट्स की प्रैक्टिस करने का समय नहीं मिल पाता.

कोरियाई मार्शल आर्ट ताए क्वांदो के ब्लैक बेल्ट शैलेश वारा कहते हैं, "दुख होता कि अब मैं प्रैक्टिस नहीं कर पाता, इसके लिए बहुत समय की ज़रूरत होती है. मैं आज भी कोई एक्शन फ़िल्म देखता हूँ तो उसमें माशर्ल आर्ट के किक और पंचेज़ दिखाई देते हैं, अमिताभ बच्चन और शाहरुख़ के फाइट सीन में."

वारा कहते हैं कि ताए क्वांदो का सबसे बड़ा फ़ायदा ये है कि वे काफ़ी फिट हैं और अगले साल गर्मियों में होने वाले चुनाव के लिए कमर कस रहे हैं.

(सद्भावः बी.बी.सी. हिन्दी विभाग, 19.11.2009)

(અનુસંધાન છેલ્લાં પાનાં પરેથી)

ઈર્ષા કરતો કે તુતક ઉપર બેઠો રહેતો. ચારે બાજુ ખારાં પાણી ને પછાડા ખાતો પવન મનહરને વધારે ગુમસૂમ કરી દેતા. આટલા ડહોળાયેલા મન છતાં એને પળવાર પણ એમ નહોતું થતું કે પોતે દેશ છોડીને કંઇ ભૂલ કરી છે.

રોજની જેમ એ દરિયાને તાકી રહ્યો હતો. આજે પવન સ્થિર ને દરિયો શાંત હતો. એના કાન ચમક્યા ...

'હાય, હેન્ડસમ ...'

'મને કોઇ થોડું બોલાવે !? ....' તો યે મનહરે પાછું વાળીને જોયું. એક પ્રૌઢ અંગ્રેજબાઈનું હૂંફાળું સ્મિત પોતાના માટે જ વરતાયું. ખચકાતાં ખચકાતાં એ હસ્યો. બાઈ ખુશ થઈ.

'રોજ તને જોઉં છું ..' મનહરે જવાબ ન આપ્યો. દરિયા સામે જોતો રહ્યો.

'આંખમાં ખારાશ ઓછી છે ? દરિયા સામે નહીં મારી સામે જો, સ્વીટ બોય !' અંગ્રેજબાઈ એની પાસે આવીને બાંકડા પર બેસી ગઈ. 'બહુ મુંઝાયેલો લાગે છે, માય સન ?!'

રાંધણિયામાં બાની પીરસેલી થાળી હડસેલી ત્યારનો ઉચાટભર્યો મનહર આ અંગ્રેજબાઈ મારિયાની વાતથી જરા રાહત પામ્યો. મનહર બોલતો તો ધોધમાર; નહીંતર મોઢે મણનું તાળું મારી દેતો. એને માપમાં જીવતાં આવડતું નહીં. મારિયાના બે ચાર વાક્યો ને હેતાળ સ્પર્શ ... એણે એકધારી આપવીતી સંભળાવી દીધી.

'ડોન્ટ વરી સન, મારા હાઉસમાં એક રૂમ ખાલી છે. હમણાં તું એમાં રહેજે.'

'ઓ આન્ટી ...... સર્ચીંગ યુ .... ' કહેતી એક ચુલબુલી ગોરી છોકરીએ આવીને મારિયાનો હાથ ખેંચ્યો.

'શી ઇઝ લીઝા. મારી ભત્રીજી. વેકેશનમાં મારી સાથે ઇન્ડિયા ફરવા આવી હતી. અને લીઝ, આ મનહર ... હેન્ડસમ બોય .... લંડનમાં તને કંપની આપશે .....' કહીને મારિયા હસી. લીઝાએ કોઈ પ્રતિભાવ ન આપ્યો.

મનહરનો વિષાદ ઓગળતો ચાલ્યો. પછીના દિવસો બહુ ઝડપથી પસાર થઇ ગયા. શીપના અને લંડનના વસવાટના યે. મારિયાની જેમ એ ય લીઝાને લીઝ જ કહેતો. મનહર રોજ લીઝની સાથે યુનિવર્સિટીઓમાં ફરતો. ધક્કા ખવડાવવા બાબતે અને તુમારશાહીમાં એને આ દેશ ઇન્ડિયા કરતાં ચડિયાતો લાગ્યો.

'મન, ચાલને મારી સાથે જર્મની આવી જા. મારી યુનિવર્સિટીમાં તને એડમિશન મળી જ જશે.'

બંને વચ્ચે દોસ્તી જામી ગઇ હતી. લીઝાના આ સંબોધનથી મનહર ચમક્યો. પોતાના નામનું ટૂંકું રૂપ 'મનિયા' એણે સાંભળ્યું હતું, તે ય બાપુજીના ગુસ્સામાં. બા કે મોટીબા એને મનુ કહેતા. એને યાદ આવ્યું ગઇકાલે લીઝે એને એના નામનો અર્થ પૂછ્યો હતો! આ સંબોધનથી મનહર આખે આખો ઓગળી ચાલ્યો.

જર્મનીમાં લીઝ અને મનહર સાથે રહ્યાં. ભણવાની સાથે બંનેએ પહેલાં પાર્ટટાઇમ ને પછી ફૂલટાઇમ જોબ કરતાં કરતાં જીવનને ભણી લીધું.

મનહરની સ્મૃતિમાં ગામ સાવ ધૂંધળું કહો કે અદૃશ્ય થતું જતું હતું. હવે સમયની ગંધ પણ છેક જ ઓગળી ગઇ હતી. ક્યારેક ઇંડિયા વિશે કંઇ સમાચાર એના કાને પડતા તો એ સાંભળ્યું ન સાંભળ્યું કરતો. એને દેશ યાદ જ નહોતો કરવો. અહીં લીઝના સાથમાં જીવન સુંદર, સમૃધ્ધ અને રળિયામણું બની ગયું હતું. ગામમાં જીવેલા ઉબડખાબડ વરસોનો લીઝે ખંગ વાળી દીધો હતો, એ સુખનો પર્યાય બની ગઈ હતી. ક્યારેક એના મનમાં પેલો ઘટાદાર લીમડો ઉભરાતો ને એ આંખ બંધ કરી બાળકની જેમ લીઝની ભરાવદાર છાતીમાં ચહેરો સંતાડી દેતો. પ્રવાહની જેમ વહ્યે જતું જીવન જરા ખળભળ્યું, જ્યારે મનહરે પરણવાની જીદ પકડી.

'મેરેજ કર્યે શું ફેર પડશે ? આપણે સાથે જ રહેવાના છીએ. તને કાંઇ શંકા છે ?'

'ના, હું તારું રૂંવાડે રૂંવાડું ઓળખું છું. પણ આ આપણા બાળકને મારે બાપનું નામ આપવું છે.'

'એ તો મળશે જ.'

'એમ નહીં, કાયદેસર.'

મનહરનું વર્તન ઘણીવાર સાવ બે જુદા છેડાનું અનુભવાતું.

'આમ તો તારા દેશને તું હેઇટ કરે છે ...' લીઝથી કહેવાઇ ગયું.

મનહર ચુપ થઇ ગયો પણ પરણવાની વાતમાં એણે બાંધછોડ ન કરી.

નામ રાખતી વખતે ય એ એવો જ મક્કમ રહ્યો હતો. 'મારી દીકરીનું નામ પૂર્વા જ.'

હસીને લીઝા બોલી, 'તારો દેશ પશ્ચિમમાં રાખજે ...'

પંદર વર્ષ પરણ્યાનાં અને એ પહેલાંનાં પાંચ વર્ષ સાથે જીવ્યાનાં. એક જ વ્યક્તિ સાથે આટલાં વર્ષો જીવી શકવાનું રહસ્ય લોકો એને પૂછતા !

લીઝા કહેતી, 'મન મૂળ ઇન્ડિયાનો. આ પૂર્વના દેશનું કલ્ચર !'

મનહર બોલી ઊઠતો, 'તારું યે ખોળિયું જ પશ્ચિમનું છે !'

લીઝા એને 'ખોળિયું' શબ્દનો અર્થ પૂછતી ને મનહર ક્યાંક ખોવાઇ જતો.

પરી જેવી દીકરી હતી મનહરની. લીઝા જેવી ગોરી ચામડી, ભૂરી આંખો ને પોતાના જેવા વાંકડિયા વાળ.

બાર વરસની થઈ ને મનહરને ફડકો પેસી ગયો. રોજ સાંજ પડે, પૂર્વાને પાસે બેસાડી એના ફ્રેંડ્ઝની બાબતમાં પૂછ્યા કરતો. લીઝા બધું જોતી અને ચુપ રહેતી.

એક વાર પૂર્વાએ પૂછ્યું હતું., 'મોમ, મારી ફ્રેંડ્ઝ હવે પીલ્સ લે છે. મારે લેવાની ?'

એ દિવસે જેમ માએ પિરસેલી થાળી હડસેલી હતી એમ જ મનહર હડફ દઈને પ્લેટ હડસેલતો ઊભો થઇ ગયો. એનો ચહેરો લાલઘુમ ને ભ્રમરની પણછ ખેંચાઈ. જો કે એ કંઇ બોલી ન શક્યો. આ દેશના વેશ એ જાણતો હતો. લીઝા પણ ગંભીર થઇ ગઈ. મનહરની નસેનસમાં વહેતા પ્રવાહથી એ વાકેફ હતી.

થોડા દિવસો પછી ....

ડાઇનીંગ ટેબલ તૈયાર હતું. લીઝે મનહરને કેટલી વાર બોલાવ્યો. ખાવાનું ઠંડુ થતું હતું.

'પૂર્વાને આવવા દે.'

'શી વીલ કમ લેટ.'

'વ્હોટ ?' મનહરનો અવાજ ફાટ્યો.

'કૂલ ડાઉન ડિયર, આવું તો હવે થતું રહેવાનું. ...'

'પણ તેં મને કહ્યું કેમ નહીં ?'

'ફ્રેન્ડની બર્થડે પાર્ટી છે એમાં શું કહેવાનું ?'

'ભાડમાં જાય એની પાર્ટી' મનહર બોલતા તો બોલી ગયો. અને એને નવાઇ લાગી આ શબ્દ એની જીભ પર આટલા વરસે ય એટલી જ તાકાતથી આવ્યો ! એ ખમચાઇ ગયો. લીઝાને એમાં સમજ પડે એમ નહોતું પણ એના ધુંધવાટ પરથી પામી ગઈ.

'કમ ઓન, મન રીલેક્સ .....' લીઝે મનહરનો બરડો પંપાળ્યો.

મનહરે માંડ બે કોળિયા ખાવાનું ગળે ઉતાર્યું. મન ડૂબકા ખાતું હોય અને એકે શબ્દ ન ટપકતો હોય એવો આ પહેલો પ્રસંગ હતો.

પૂર્વાની વાટ જોવાનો અર્થ નહોતો. લીઝ ચેઈંજ કરીને પથારીમાં પડી.

આટલાં વરસો પછી, મનહરની આંખમાં બા ઊગી, આંખમાં ઝળઝળિયાં ભરેલી. મોટીબાએય જાણે પ્રગટ થઇને કહ્યું, 'કાંઇ વાંધો નહીં. સુખી રે'જે બેટા. અંતે બધું ય તારા માટે જ હતું ને !'

એ લાઉન્જમાં જઇ ચુપચાપ ટહેલતો રહ્યો. ટપ ટપ .... ટપ ટપ .... મનહરનાં પગલાં સંભળાતા રહ્યાં. લીઝા બહાર ન આવી. જેમ બને તેમ ઝડપથી મનહર જાતે જ પરિસ્થિતિ સ્વીકારી લે એમાં સૌની ભલાઇ હતી.

મોટી ગ્લાસવિન્ડોમાંથી મનહરની નજર બહાર આથડયા કરી. ગાર્ડનમાં રાખેલા લેમ્પપોસ્ટની ઝાંખી લાઇટ આસપાસના અંધારાને વધારે ઘેરું બનાવતી હતી, ને અજવાળું કોઇ પગલાં નહોતું ઉઘાડતું. એની મુઠ્ઠીઓ ઉઘાડબંધ થતી હતી. આખરે બેડરૂમમાં જઈને એણે ફોન ઉપાડ્યો.

'ઇટ ઇઝ ટુ લેટ.' લીઝે આડો હાથ ધર્યો.

ફોનનું રિસીવર ક્રેડલ પર ને મનહરની કાયા બેડ પર પછડાયા. બહાર પવન ફુંકાયો. થોડું ઘણું અજવાળું યે વરસાદની ધારે વહી ચાલ્યું ...

મનહરની આંખ સામે એ દૃશ્ય ખડું થયું જ્યારે પહેલી વાર એ પગ પછાડતો ઘરેથી નીકળી આખો દિવસ સીમમાં રખડ્યો હતો. સાંજ પડે હાથમાં ફાનસ લઇને શોધવા નીકળેલાં બા-બાપુજીની આંખો પોતાને જોઇને કેવી વરસી હતી !

એ આખેઆખો વહેરાઇ ગયો.

માનવીનાં હૈયાં ગમે એવા નંદવાયાં હોય, દિવસ - રાતને આ કોઇ બાબત સાથે કોઇ નિસબત નથી હોતી. અને અહીંની સવારને મોટેભાગે ક્યાં ઊગતાં આવડતું હતું ?? સમરના થોડાક મહિના બાદ કરતાં ઘડિયાળ જોઇને જ ખબર પડે કે હવે સવાર થઇ !!!

લીઝા જાગી. મનહરનો બેડ સળ વગરનો હતો. પૂર્વા ગેટ ખોલી અંદર પ્રવેશતી હતી.

લીઝા હૉલમાં આવી.

મનહર ફોન પર હતો ... 'યસ, અરજન્ટ ... ઇંડિયાની ત્રણ ટિકિટ ...

[A/83 Goyal Park Apartment, Near. Lad Society, Vastrapur, AHMEDABAD - 380 015, India]
e.mail : lata.hirani55@gmail.com

દેશ

• લતા હીરાણી

ફળિયામાં ઘટાદાર લીમડો. ધુંટણવા ઊંચી, થાંભલીઓના ટેકે ઊભેલી દેશી નળિયાવાળી ઉબડખાબડ ઓસરી. એમાં પાંચેક ગોખલા. મોટા ગોખલામાં માતાજીનો મઢ. શૂરાપૂરા યે પૂજાય. મઢ આડે ફાટવાને વાંકે લટકતો એક પડદો.. ઓસરીમાં જમણી બાજુ મોટાં પાણિયારાં પર માટલાં ને ચકચકાટ બુઝારાં ને બેડાં. બે ચાર ગોબાવાળા લોટા, પ્યાલાં ખરાં. ઘરમાં કાંઈ નજરને ગમે એવું દેખાતું હોય તો આ પાણિયારું ને લીમડાની ઘટા. મનહર ક્યારેક પૂછતો માને, 'કેટલું માંજ્યા કરે છે આ બેડાંને ?' આવો ચળકાટ એણે માના ચહેરા પર ક્યારેય નહોતો જોયો.

ઓસરીમાં બે બારણાં પડે. એક રાંધણિયાનું. નળિયામાંથી પડતા ચાંદરણા સિવાય ત્યાં બીજો કોઇ પ્રકાશ નહીં. ચૂલા ઉપરનું એક નળિયું ખસેડી ધુમાડાને જવા માટે જગ્યા કરેલી દેખાય એટલું જ. બાકી ચૂલો ફૂંક્યા કરતી મા રાંધણિયામાં ભરાઇ રહેતો ધુમાડો ખાઈ ખાઈ ઠોં ઠોં કર્યા કરતી. બીજા ઓરડામાં જુનો પટારો ને ઘંટી હતાં. નવાં કપડાં પટારામાં ને જુના લુગડાંનું પોટલું વાળેલું દેખાય. જો કે આ સમૃધ્ધિમાંથી યે વાલજીએ દીકરા મનહરને કૉલેજ કરાવેલી, એ ખરું. કૉલેજ પૂરી થઈ ગયેલી અને વેકેશનમાં આમતેમ રખડતા મનહરને હવે ઝટ નોકરી મળી જાય એની વાલજીને વાટ હતી.

આજે મનહરના પગમાં જોર હતું. કૂદીને એ ઓસરીમાં ચડ્યો.

'બા, ખાવાનું દે. બહુ ભૂખ લાગી છે.'

'બેટા, જરા ધાણ રાખ. ખાવાનું ભાગી નહીં જાય'.

'મોટીબા, ફળિયામાંથી ટાંટિયા ધોઇને જ ચડ્યો છું.'

'માતાજીને માથું નમાયું ?'

'આ તમારા ગોખલા ને દેવલા .....'

'એમ નો બોલાય દીકરા, ઈ ભગવાન કે'વાય.' મોટીબા ઝીણું બબડ્યાં. 'તારો બાપેય આવો જ હતો .... અથરો. હવે કંઇક ટાઢો પડ્યો.'

મનહર ક્યાં મોટીબાની વાત સાંભળવા ઊભો રહે એમ હતો !! અંદર જઈ બાની સામે પલાંઠી વાળીને બેસી ગયો.

'બાપુજીએ પૈસા દીધા છે ને ? મારે બે નવા બુશકોટ સીવડાવવાના છે. એક દિવાળીનો ને બીજો બેસતા વરસનો.'

બા કાંઈ ન બોલી. થાળી પીરસીને દીકરા પાસે મૂકી દીધી. મનહરે કોળિયો ન લીધો.

'પૈસા દે ને બા !'

'તારા બાપુજીને આવવા દે. ખાધા કેડે ઈ જ આલશે.' '

વળી પાછી ઈ જ વાત. બાપુજી કે'શે તારી બાને દઈ દઈશ ને તું કે'છ તારા બાપુજી આલશે. આમ ને આમ તમે દિવાળી કાઢી નાખશો.'

ફળિયામાં બાપુજીએ ખોંખારો ખાધો. બાએ ઝટ ઝટ પાણીનો કળશ્યો ભરી દીધો ને રોટલા ઘડવા માંડી.

'તેં હજી ખાવાનું શરૂ નથી કર્યું ?'

મનહર કાંઇ બોલ્યો નહીં. હાથ એંઠો કરીને મૂકી દીધો હતો.

'આજે ચમનશેઠ પાસે ફરીને જઇ આવ્યો.'

મનહર કે બા કોઇ કાંઇ ન બોલ્યું. બાએ પીરસેલી થાળી બાપુજી પાસે મૂકી.. એમણે હાથમાં પાણી લઇ થાળી ફરતે ધાર કરી ને બે ઘડી આંખ બંધ કરી કંઇક મંતર ગણગણ્યા.

'એલા મનિયા, શું બેઠો બેઠો જોયા કર છ ? ખાવા માંડ ને !'

'મારા બુશકોટના કાપડનું શું કર્યું ?'

'નહીં થાય, આ ફેરા નહીં જ થાય.'

'શેનું નહીં થાય ? દિવાળી આવે છે !! મારા ભાઇબંધે નવા બુશકોટ સીવડાવવા નાખી યે દીધા.

'તે તું કાંઇ નાગોપૂગો ફરે છે ? જોયો મોટો દિવાળીવાળો !'

'તમે મને હા કહી'તી. હું મેટ્રિકમાં સારા ટકા લાવ્યો'તો ત્યારે ય તમે એકવાર હા કહીને પછી નામકર ગયા'તા.'

'તે તારા બાપને ગામનો ગરાસ નથી ! કહું છું ચમનશેઠ પાસે આજ ફરીને ગયો'તો પણ દીકરીના લગન લીધા છે તી ઈને ય ખરચ હોય ને !'

'એની દીકરી પૈણે એમાં આપણે દિવાળી બગાડવાની ?'

'નવા લુગડાં પેરીએ તંયે જ દિવાળી થાય ?'

થાળી હડસેલતો હડફ દઈને મનહર ઊભો થઇ ગયો.

'ઊભો રે, ઊભો રે બેટા ...' બા કહેતી રહી ને મનહર રાંધણિયાની બહાર નીકળી ગયો.

ડેલીમાંથી બહાર નીકળી એણે હાથમાં પથરો લીધો ને કર્યો ઘા. વાઉં વાઉં કરાંજતું કુતરું ભાગ્યું.

આખો દિવસ એ ભૂખ્યો ને ભૂખ્યો સીમમાં રખડતો રહ્યો. તળાવની પાળે બેઠો. ગળું સુકાતું હતું પણ પાણી ન પીધું તે ન જ પીધું. એનાથી ખોટી વાત સહન થતી નહીં ને એ ખારો ધુધવા જેવો થઈ જતો. પછી આમ સીમમાં રખડ્યા કરતો. કોઇ એને બોલાવતું નહીં.

મોડી રાતે એ ફળિયામાં હળવેકથી દાખલ થયો.

'આવી ગયો, ભાઈ ?'

મોટીબા ખાટલામાંથી બેઠા થયાં. બાજુમાં એનો ખાટલો ઢાળીને ગોદડું પાથરેલું હતું. મનહરે પગ પર બે લોટા પાણી રેડી ખાટલામાં પડતું મુક્યું.

'જરા સબૂરી રાખતાં શીખ, બેટા. આમ ઉબાડિયા મેલ્યે તો આપણાં કાળજા બળે.' મોટીબાને મનહરની બહુ ચિંતા હતી.

'આ તે કેવો દેશ ને કેવાં લોક, માડી ? આ શેઠિયાઓની મજૂરી કરી કરીને બાપાની કાયા કંતાઈ ગઇ છે. તો યે બાર મહિને આપણા હકના પૈસા માટે ય કરગરવાનું ? બાપુજી એક હરફ ન ઉચ્ચારી શકે ?'

'ભાઈ, એ લોક આપણું ધણી છે. તારી બોનને પૈણાવી તંયે એણે જ રૂપિયા ધીર્યા'તા ને !'

'તે એ તો ઢગલો વ્યાજ લઇને ..... સાલા ખોટી દાનતવાળા !!!

'હાલ ઊઠ, પે'લા થોડું ખાઇ લે.'

મોટીબા રાંધણિયામાં ગયાં. રાતનો રાખેલો રોટલો ને તાંસળી ભરીને દૂધ લાવ્યાં.

મનહર કોળિયા ભરતો હતો પણ એનું મન ક્યાંક બીજે હતું.

મોટીબાએ એની વિચારમાળા તોડી.

'તું તો ભણ્યો છો ને, બાપલા ! મોટો સાહેબ થાજે ને દોથો ભરીને પગાર લાવજે.'

મનહર ઊઠીને મોટીબાના ખાટલામાં ભરાણો : 'બા, મારે પરદેશ જાવું છે.'

'શું કરવા ?'

'અહીંના જેવા લોક એવું ભણતર ! પરદેશ જઇને મોટી ડિગ્રી લઇશ ને ખૂબ રૂપિયા કમાઇશ.'

મોટીબા મુંગામંતર થઇ ગયાં.

સવારે વાત કરશું કહેતાં મોટીબા પડખું ફરીને સૂઈ ગયાં.

વહેલી સવારે આ બાજુ આખો લીમડો કલબલ્યો ને અંદર બાનું વલોણું. મનહરની આંખ ખૂલી ગઈ. મોટીબા ઓસરીની કોર પર બેસીને બજર દેતા હતાં. હાથમાં દાતણ અને એ જ વાત લઈ મનહર મોટીબા પાસે આવ્યો.

મોટીબા ઘડીક એની સામું જોઇ રહ્યાં. એને ખબર હતી કે મનહર જેવો મિજાજનો તેજ હતો, ભણવામાં યે એવો જ તેજ હતો. કૉલેજના છેલ્લાં વરસનું એનું પરિણામ બહુ ઊંચું આવ્યું હતું. મોટીબાને આ એકનો એક પોતરો બહુ વહાલો હતો. પરદેશ ભણવા માટે બહુ રૂપિયા જોઇએ એ ય ખબર હતી. એની જિંદગી બનતી હોય તો હવે મારે દાગીનાને શું કરવા છે ? એમ વિચારી અંતે એમણે આપી દીધા. ભણી ગણીને કમાણી થવા માંડશે એટલે મોટીબાને દાગીના નવા કરાવી દઇશ, એમ મનહરે નક્કી કરી લીધું. કોઇને ખબર પડશે તો હોબાળો થઇ જશે એટલે આખી યોજના ખાનગી રાખવી એ ય સમજાવી દીધું.

થોડા વખતમાં એણે બધી વ્યવસ્થા કરી લીધી. પરદેશ જવા માટે સ્ટીમર એક જ વાહન હતું. મનહર ચુપચાપ મુંબઈ અને મુંબઈથી શીપમાં ઈંગ્લેંડ જવા નીકળી ગયો.

પાંચેક દિવસ દરિયો બહુ તોફાની રહ્યો. ખાવાનું એને ખાસ ભાવતું નહીં. પેટપૂરતા ચાર કોળિયા પરાણે નાખીને હાલક ડોલક શીપમાં મનહર

(અનુસંધાન પાનાં 22 પરે)

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 250 · ગ્રાહક : 181 · [16.01.2010]